જી.સી.ઈ.આર.ટી ગાંધીનગર, પ્રેરિત

શ્રી રામબા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-પોરબંદર - આયોજિત

પોરબંદર જિલ્લા કક્ષાનો નવમો

# એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટીવલ - ૨૦૨૩-૨૪

# ‘ શિક્ષણમાં નાવિન્ય ’

:: પ્રેરક ::

**શ્રી કે. ડી. કણસાગરા**
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
અને જિલ્લા શિક્ષણાધિકારી
જિલ્લો - પોરબંદર

**ડો. એ. વાય. રાઠોડ**
પ્રાચાર્ય
શ્રી રામબા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
પોરબંદર

:: લેખન સંપાદન ::

**ડો. યુ. ડી. મહેતા**
સિનિયર લેક્ચરર અને ડિસ્ટ્રીક ઈનોવેશન સેલ કો.ઓર્ડિનેટર
શ્રી રામબા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - પોરબંદર

:: સહયોગ ::

**શ્રી પરેશકુમાર પુરૂષનાણી**
બી.આર.સી. કો-ઓર્ડિનેટર - તા. પોરબંદર

**શ્રી દેવશીભાઈ સોલંકી**
આ.શી. શ્રી સતડી સીમ શાળા - સતડી

**ડો. વિવેક જોષી**
આ.શી. શ્રી સંજાવાવ પ્રા. શાળા - સંજાવાવ

શિક્ષકોના
નાવિન્ય
પ્રયત્નોનો સંપુટ



## શિક્ષણમા નવતર પ્રયોગ ............

પ્રાથમિક શિક્ષણને વધુ અસરકારક બનાવવા માટે કેટલાક કર્તવ્ય નિષ્ઠ શિક્ષકો પોતાના શૈક્ષણિક કાર્યક્ષેત્રમાં નવીન સંશોધનો અને નવતર પ્રયોગ કરતા હોય છે. ઇનોવેટિવ શિક્ષકો પોતાના ઇનોવેટિવ કાર્યથી પોતાની સમસ્યાનો નિરાકરણ લાવે છે.શિક્ષણમાં નવીનીકરણને રાષ્ટ્રના વિકાસ માટે મહત્વપૂર્ણ પરિબળ છે. દેશની પ્રગતિ માટેની ગુરુચાવી છે. આજના ગતિશીલ યુગમાં વિકાસનો આધાર સ્તંભ છે. વિવિધ એજ્યુકેશનલ ઇનોવેશન શિક્ષણને જ નહીં પરંતુ સમાજ અને દેશને એક નવી દિશા આપી શકે છે .સમાજ અને દેશની પ્રગતિ માટે એજ્યુકેશનલ ઇનોવેશન પાયાના પથ્થરની ભૂમિકા ભજવી શકે છે.

તમામ તાલુકામાંથી પાંચ પાંચ કૃતિ મળી જિલ્લા કક્ષાએ 15 શ્રેષ્ઠ ઇનોવેશનની જિલ્લા કક્ષાએ પસંદગી થઇ છે જેમા પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના શિક્ષકો દ્વારા જે શિક્ષણમા નવીનતમ કાર્ય કરેલ છે તે અહી મુકવાનો પ્રયાસ કરેલ છે.શિક્ષકોના “નાવિન્ય પ્રયોગોનો સંપુટ” આપ સૌના માટે સંપાદન કરેલ છે તે આપના માટે માર્ગદર્શક રુપ બની રહેશે.આ નવતર પ્રયોગો આપ સૌના વર્ગખંડ સુધી ઉપયોગી બની રહેશે એવી પુર્ણ શ્રધ્ધા છે.

GCERT- ગાંધીનગર પ્રેરિત તથા શ્રી રામબા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પોરબંદર દ્વારા જે 34 શિક્ષકોના “શિક્ષણમા નવતર પ્રયોગ ” અન્વયે નવતર પ્રયોગો કરી તેને સંપુટ સ્વરુપે રજૂ કરવા માટે ડાયેટ-પોરબંદર ના ડૉ.યુ.ડી.મહેતા અભિનંદન.......

**“ Creativity is thinking up new things**

**Innovation is doing new things.”**

**ડૉ.અલ્તાફ રાઠોડ**
પ્રાચાર્ય
શ્રી રામબા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન

**તારીખ: 13 ઓકટોબર,2023**



# શિક્ષણમા નવતર પ્રયોગ ...........

કેળવણી એ માનવીના સશક્તિકરણ ની પ્રક્રિયા છે. જેના દ્વારા માનવજીવન બહેતર તેમજ ઉન્નત બનાવી શકાય છ. તેમજ કેળવણી દ્વારા જીવનની ઉત્કૃષ્ટ ગુણવત્તા પ્રાપ્ત કરી શકાય છે.

પ્રાથમિક શિક્ષણ એ પાયાનું શિક્ષણ છે. આ સમય દરમિયાન વિદ્યાર્થીઓ ઘણા કૌશલ્યો આત્મસાત કરે છે અને તેના આધારે પોતાના ભાવી જીવન માર્ગ નક્કી કરે છે. શિક્ષણયાત્રાને પાયારૂપ એવી પ્રાથમિક કક્ષામાં હાલ સંક્રાંતિકાળ ચાલી રહ્યો છે ncf 2005 ,આરટીઇ 2009 અને એનસીએફ 2010 અન્વયે પ્રાથમિક શિક્ષણમાં અમૂલ પરીવર્તન આવી રહ્યા છે. સરકાર પ્રાથમિક શિક્ષણને વધુ અસરકારક અને ગુણવત્તાસભર બનાવવા ગતિમાન બન્યું છે. આજના શિક્ષણ યુગમાં સતત નવીનીકરણ થઈ રહ્યું છે. ઇનોવેશનનો આ યુગ છે નવીન વિચારો પ્રયોગો અને તકનિકો સતત આવ્યા કરે છે શિક્ષણની કોઈ સીમા નથી, કિનારો નથી. તે સતત આગળ ધપતી એક ધારા છે તેથી તેમાં સતત નવીનતા અને સુધારને અવકાશ છે.

- નવતર પ્રયોગ એટલે શું?

અધ્યયન અધ્યાપન માટે જરૂરી સામગ્રી કે વાતાવરણનું નિર્માણ કરવું. નવતર પ્રયોગ એક એવી પ્રક્રિયા છે, જે બાળકોના વિકાસને પ્રભાવિત કરે. આ માટેની કોઈ નવી પદ્ધતિ કે પ્રવૃત્તિને નવતર પ્રયોગ તરીકે ઓળખી શકાય.

વિવિધ ટેકનોલોજીનો ઉપયોગ અને વ્યાપ શિક્ષણના ક્ષેત્રમા વધ્યો છે.શિક્ષકોના "નાવિન્ય પ્રયત્નનો સંપુટ" આપના સૌના માટે પથદર્શક બની રહેશે.આ સંપુટમા મુકવામા આવેલ પ્રયોગો આપ સૌના વર્ગખંડ સુધી ક્રિયાન્વિત થશે તેવી શ્રધ્ધા છે.

કે.ડી.કણસાગરા

તારીખ: 13 ઓકટોબર,2023

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી

પોરબંદર



## શિક્ષણમા નવતર પ્રયોગ ............

આજે જ્યારે ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ-ગાંધીનગર (GCERT- ગાંધીનગર) ની પ્રેરણાથી અને પોરબંદર જિલ્લાના નવાચારો કરનાર પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના ગુરુજનો માટે નવમો એજ્યુકેશન ઇનોવેશન ફેસ્ટીવલ-2023-24 યોજાઇ રહ્યો છે.આ ફેસ્ટીવલ એ પોરબંદર જિલ્લાના શિક્ષણમા નવતર પ્રયોગ કરનાર ગુરુજનો માટે આદાન-પ્રદાનનુ ઉત્તમ પ્લેટફોર્મ બની રહેશે. આ ઉપરાંત જિલ્લાના અન્ય શિક્ષકોની આ ફેસ્ટીવલની મુલાકાત દરમિયાન તેઓને પણ માર્ગદર્શન અને નવી દિશા મળશે.

- ❖ નવતર પ્રયોગ કે ઇનોવેશન એટલે....
- ➢ વિદ્યાર્થીઓને પ્રભાવિત કરતી કોઈ એક પ્રક્રિયા.
- ➢ એસએમસી દ્વારા થયેલ કાર્યો અને અસરકારકતા.
- ➢ શાળા અને સમુદાય દ્વારા થયેલ વિવિધ વિષય કાર્યોની વિગતો.
- ➢ ગુણવત્તાલક્ષી પરિણામ સુધી પહોંચવા માટેના વિચારો અને સૂચનો.

GCERT- ગાંધીનગર પ્રેરિત તથા શ્રી રામબા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પોરબંદર દ્વારા નવમો એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ 2023-24 યોજાઇ રહ્યો જેમા 34 શિક્ષકોના "શિક્ષણમા નવતર પ્રયોગ " અન્વયે નવતર પ્રયોગો કરનાર શિક્ષકો અને આ સેવાયજ્ઞમા ભગીરથ કાર્ય કરનાર સૌ સારસ્વત મિત્રોને શુભેચ્છાઓ પાઠવુ છુ.

આ શિક્ષકોના નાવિન્ય પ્રયત્ન સંપુટ સંપાદન માટે મારા સહયોગી એવા શ્રી પરેશભાઇ પુરુષ્ણાણી બી.આર.સી.કો.ઓ.પોરબંદર, ડૉ. વિવેક યુ. જોષી અને દેવસી કે. સોલંકીનો આભાર કે જેમણે "શિક્ષકોના નવતર પ્રયોગોનું સંપુટ " ને પુસ્તક રૂપે મુકવામાં સહયોગી બન્યા હતા.

ડૉ.યુ.ડી.મહેતા

તારીખ: 13 ઓકટોબર,2023

DIC / સિ.લેકચરર,ડાયેટ પોરબંદર

# શ્રી રામબા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-પોરબંદર

## 9th એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ - 2023-24

## અનુક્રમણિકા


| ક્રમ | શિક્ષકનુ નામ | શાળાનું નામ | નવતર પ્રયોગનું શિર્ષક | પેજ નં. |
|---|---|---|---|---|
| 1 | તેજલ કાનાભાઇ સુત્રેજા | મોતીબાઇ દેવરાજ કન્યા શાળા | વ્યાકરણ સંગ્રહ | |
| 2 | વૈશાલીબેન સી. ગોહિલ | શ્રી ખાપટ સીમ 2 પ્રા. શાળા | કલામય શિક્ષણ દ્વારા કેળવણીના પથ પર પગદંડી | |
| 3 | ખિસ્તરીયા હમીર સવદાસભાઈ | શ્રી ખિસ્ત્રી પ્રા.શાળા | સ્થાનિક કક્ષાએ ભાષામાંમાં વપરાતા તળપદા શબ્દો | |
| 4 | ભાલિયા સંધ્યા ભગવાનજીભાઈ | શ્રી. સ્વ.પી.એસ.એમ. ઠકરાર હાયસ્કૂલ,પારાવાડા | Coding gives digital future bricks" | |
| 5 | મહેતા અશ્વિનકુમાર કાંતિલાલ | સરકારી માધ્યમિક શાળા સીમાણી | સરળતાથી શીખીએ સમાજ | |
| 6 | ભાવિશા રામજીભાઈ લાખાણા | શ્રી મોકર પ્રાથમિક શાળા | MAT (Mental Ability Test) | |
| 7 | મોઢવાડીયા સંગીતાબેન કે | શ્રી જપરસીમ શાળા રાણાવાવ | "Old is Gold" with NIPUN BHARAT | |
| 8 | પાઠક હીનાબેન / ભૂતિયા કિરણબેન | શ્રી પાઉંસીમ શાળા,રાણાવાવ | અપના FREE TIME | |
| 9 | ભાટુ સુરેશ એચ | માધ્યમિક શાળા – રાણા ખીરસરા | SCIENCE CLUB – LEARN WITH FUN | |
| 10 | ઓડેદરા જાગૃતિ આર | સરકારી માધ્યમિક શાળા-રાણાબોરડી | ગાણિતિક નમુનાઓ દ્વારા સરળ રીતે ગણિત | |
| 11 | સોલંકી શક્તિ જે | શ્રી ધરસણ પ્રા. શાળા | કેલિગ્રાફી દ્વારા અક્ષર સુધારણા | |

| | | | | |
|---|---|---|---|---|
| 12 | જીલકુમાર વિજયભાઈ કાલરીયા | શ્રી પે સે કુમાર શાળા ખાગેશ્રી | રમત અને વસ્તુ દ્વારા ગાણિતિક કૌશલ્યોનો વિકાસ | |
| 13 | થાનકી ભરત જી | શ્રી બાલા હનુમાન ઉ.મા.શાળા થેપડા | સુપર સિક્સટીન | |
| 14 | રાઠોડ દીપાબેન હરજીભાઇ | શ્રી ભારવાડા પ્રા શાળા | મિશન FLN પાયાનું શિક્ષણ | |
| 15 | શ્રી જે. કે મહેતા હોદ્દો | શ્રી સ્વામીનારાયણ હાઇસ્કૂલ છાયા | સહ અભ્યાસિક પ્રવુતિ થકી સર્વાંગી શિક્ષણ | |
| 16 | ચૌહાણ ચંદ્રિકા ભુપતભાઈ | શ્રી ચીકાસા પ્રાથમિક શાળા | **misson blackboard** | |
| 17 | ગાયત્રી પાંચાભાઈ ડાભી | મૂળમાધવપુર પે.સેન્ટર | કાર્ટૂન | |
| 18 | હેતલ ઉમિયા શંકર જોશી | શ્રી **મિયાણી** પ્રાથમિક શાળા | લર્ન વિથ ફન | |
| 19 | જેઠવા અજીતસિંહ સુખદેવસિંહ | ઓરદર સીમ ૨ | ભૂમિ સ્વરૂપો ની સમજૂતી | |
| 20 | તૃપ્તિબેન મનહરલાલ બોરીસાગર | શ્રી બિલડી સીમ શાળા -૨ | અધ્યાપન માટે વિવિધ પધ્ધતિ તથા પ્રયુક્તિની અસરકારકતા. | |
| 21 | આશાબેન ખીમજીભાઈ બાબરીયા | શ્રી મોઢવાડા કન્યા શાળા | ટેકનોલોજીના માધ્યમથી સામાજિક વિજ્ઞાન નો અભ્યાસ | |
| 22 | **સોલંકી તરલાબેન દલસુખભાઇ** | **મજીવાણા પ્રાથમિક શાળા** | **ચાલો ગણિત સાથે કરીએ દોસ્તી** | |
| 23 | પઢીયાર હર્ષાબેન હિમતસિંહ | શ્રી બિલડી સીમ શાળા | મૂળાક્ષર એક, ઉપયોગ અનેક | |
| 24 | શ્રી મૌલિકકુમાર એમ. જોષી | શ્રી નવાપરા પ્રાથમિક શાળા | “પ્રોત્સાહનથી પરિણામ” | |
| 25 | શાહ હેતલબેન સતિષભાઈ | શ્રી રાજપુર પ્રાથમિક શાળા | Activity Based English Grammar | |

| | | | | |
|---|---|---|---|---|
| 26 | નરસિંગભાઇ મેરગભાઇ ડોડિયા | સ્વ.શ્રી પી.એસ.એમ.ઠકરાર હાઈસ્કુલ પારાવાડા | પ્રેરક ગીતો | |
| 27 | કલ્પેશ ડી ડાંગર | શ્રી અડવાણા માધ્યમિક અને ઉ.મા.શાળા | પ્રકૃતિ શિક્ષણ | |
| 28 | વિસાણી ચેતન કાંતિભાઈ | સરકારી માધ્યમિક શાળા કોલીખડા | પાટી પેન દ્વારા પુનરાવર્તન" | |
| 29 | ચૌહાણ હિરલ પ્ ભાતભાઇ | શ્રી મોતીબાઇ દેવરાજ અડવાણા કન્યા શાળા | મોડેલ થી સમજ | |
| 30 | શૈલેષ વલ્લભભાઈ પરમાર | સરકારી ભાવસિંહજી હાઇસ્કુલ પોરબંદર | વિવિધ સંજ્ઞાઓના સમૂહનું સર્જન | |
| 31 | મોઢા હિરેન કૃષ્ણકાંત | શ્રી ભોરાસર સીમ શાળા-રાણાવાવ | સ્પર્ધાત્મક પરીક્ષા મા વિધ્યાર્થીઓ ને પ્રોત્સાહન આપવુ. | |
| 32 | કાંબરીયા ઘેલુ રામભાઇ | શ્રી પૂંજાપરા પ્રાથમિક શાળા | શિક્ષણ સાથે રમતગમતનો સમન્વય અને સર્વાંગી વિકાસ | |
| 33 | અમિત ડી. જગતિયા | શ્રી એમ.એમ.કે. હાઈસ્કુલ, રાણાકંડોરણા | વિજ્ઞાનમાં રસ અને સંવર્ધન માટેની પ્રવૃતિઓ | |
| 34 | રાવલીયા ભગવતી આર. | એમ.વી.મજીઠીયા ગર્લ્સ હાઈલ | બેસ્ટ ક્લાસ ઓફ ધ યર | |

# શ્રી રામબા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-પોરબંદર

## 9th એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ - 2023-24



- **ઈનોવેટરનું નામ :–** તેજલ કાનાભાઈ સુત્રેજા **હોદ્દો:–** આસી. શિક્ષક
- **શાળા/સંસ્થાનું નામ :–** મોતીબાઈ દેવરાજ કન્યા શાળા, અડવાણા
- **ક્લસ્ટર/ક્યુડીસી:–**અડવાણા કુમાર શાળા **મોબાઈલ નંબર:**–૯૯૭૯૦ ૯૬૦૧૬
- **ઈમેલ આઈડી:–**sutrejatejal@mail.com
- વિભાગ : પ્રાથમિક
- નવતર પ્રયોગની કેટેગરી: અભ્યાસક્રમ આધારિત મુલ્ય શિક્ષણ
- **નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :– વ્યક્તિગત**
- **નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે:– વર્ષ ૨૦૧૫–૧૬**
- **નવતર પ્રયોગની પૂર્ણ થવાનો સમયગાળોઃ વર્ષઃ૨૦૨૩–૨૪ માસઃ એપ્રિલ–૨૦૨૪**
- **નવતર પ્રયોગનું શીર્ષક :– વ્યાકરણ સંગ્રહ**
- **સમસ્યા ઉદ્દ્ભવના કારણો:–**

વ્યવાકરણ સંગ્રહ એકત્રિત કરવાનું કારણ પરીક્ષા સમયે વિદ્યાર્થીઓ એક સાથે બધી જ બાબતો યાદ રાખી શકતા નથી. તેથી આ સમસ્યા નિવારવા માટે વ્યાકરણ સંગ્રહ વર્ષની શરૂઆતથી જ બનાવી લેવામાં આવ્યો અને તેનાથી એક એક ટોપીક ગૃહકાર્યમાં આપવામાં આવે જેથી વિદ્યાર્થીઓને મોટા પ્રશ્નો, નિબંધઘ વાર્તા જેવા જ પ્રશ્નોની તૈયારી કરવાની રહે, બાકીનું વ્યાકરણ તૈયાર થઇ જાય.

- **હેતુઓ :–**

વ્યાકરણ સંગ્રહની અંદર સમાનાર્થી શબ્દો, વિરોધી શબ્દ, જોડણી, શબ્દસમુહ માટે એક શબ્દ, રૂઢિપ્રયોગ, કહેવત એક એક વાકયના પ્રશ્નો, ખાલી જગ્યા, ખરા–ખોટા, લિંગ વગેરે નો સમાવેશ કરવામાં આવ્યો છે.

આવી જ રીતે હિન્દીમાં પણ જે જે શોર્ટ વ્યાકરણ આવતુ હોય તે સમગ્ર કોર્ષનું લખી લેવામાં આવે છે. લેખીત કસોટી, મૌખિક કસોટી દ્વારા તે વ્યાકરણ યાદ રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓર્થી જોડી કાર્ય દ્વારા પણ એકબીજાને પૂછીને દરેક ટોપીક તૈયાર કરી શકે છે.

❖ **ઈનોવેશનનું સમગ્ર વર્ણન(નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન) :-**

નવતર પ્રયોગ અંતર્ગત વ્યાકરણ સંગ્રહની ફાઇલ બનાવેલ છે. દરેક વિદ્યાર્થી આ ફાઇલમાંથી રેગ્યુલર ૧૫ દિવસે મૌખીક કસોટી આપે છે અને જોડી કાર્ય અથવા તો ગ્રુપ કાર્ય દ્વારા બધા જ ટોપીકને કંઠસ્થ રાખી યાદ કરી શકે છે. કયારેક લેખીત કસોટી પણ યોજવામાં આવે છે. સરપ્રાઇઝ ટેસ્ટનું પણ ઘણી વખત આયોજન થાય છે.

❖ **નવતર પ્રયોગની મૂલ્યાંકન પ્રક્રિયાનું વર્ણન:-**

વ્યાકરણ સંગ્રહની ફાઇલથી ઘણા ફાયદા થાય છે. ૭૦ ટકા વ્યાકરણ વિદ્યાર્થીઓને યાદ જ હોય છે. શરૂઆતથી જ ફાઇલ બની જતી હોવાથી ૫૦ ટકા જેટલુ કોર્ષનું કાર્ય પુર્ણ થઇ જાય છે. જેથી અન્ય મોટા પ્રશ્નો માટે સમય ફાળવી શકાય છે અને કોર્ષ સહેલો અને ટુંકો બની જાય છે.

આ ઉપરાંત પરીક્ષામાં પણ વ્યાકરણમાં પુરા માર્કસ લાવે છે. આ ફાઇલ બનાવવાથી પરિણામ તથા મૌખીક જ્ઞાનમાં વધારો થાય છે.

❖ **નવતર પ્રયોગનું પરિણામ:-**

વ્યાકરણ આસીનીથી યાદ રાખી શકયા છે.


❖ **ઉપયોગીતાઃ**

હાથ વગુ વ્યાકરણ રહે છે. પાઠયપુસ્તકમાં શોધવાની જરૂર રહેતી નથી.


❖ **નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :-**


અત્યારે ધોરણ ૭ અને ૮ ના કલાસના વિદ્યાર્થીઓએ સુંદર મજાની ફાઇલો બનાવી લીધી છે અને લગભગ વ્યાકરણ યાદ પણ કરી લીધુ છે.

❖ **ફોટોગ્રાફ કે વિડીયો લિંક માટેનો કયુઆર કોડ / નવતર પ્રયોગની પ્રક્રિયાનો વિડીયો**









# શ્રી રામબા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-પોરબંદર

## 9th એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ - 2023-24



- ❖ ઈનોવેટરનું નામ :- વૈશાલીબેન સી. ગોહિલ
- ❖ શાળા/સંસ્થાનું નામ :- શ્રી ખાપટ સીમ 2 પ્રા. શાળા
- ❖ ક્લસ્ટર/ક્યુડીસી:- પોરબંદર   મોબાઈલ નંબર:-  9558805361
- ❖ ઈમેલ આઈડી:-  vmdodia85@gmail.com
- ❖ **લાગુપડતી સંસ્થા** :- પ્રાથમિક
- ❖ **કેટેગરી :-** સહ અભ્યાસિક પ્રવૃતિઓ દ્વારા સર્વાંગી વિકાસ
- ❖ **નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત** :- વ્યક્તિગત
- ❖ **નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે**:- 2021
- ❖ **નવતર પ્રયોગની પૂર્ણ થવાનો સમયગાળો**: વર્ષ: .2 વર્ષ માસ: ..........
- ❖ **નવતર પ્રયોગનું  શીર્ષક** :- કલામય શિક્ષણ દ્વારા કેળવણીના પથ પર પગદંડી
- ❖ **સમસ્યા ઉદ્દ્ભવના કારણો**:-

➢ કોરોના વૈશ્વિક મહામારી ની આડઅસરનાં ભાગ રૂપે શાળા માં બાળકનું અભ્યાસમાં મન ના લાગવું, કોઈપણ કાર્ય પ્રત્યે નકારાત્મક વલણ, ઘરમાં કથળેલ આર્થિક, સામાજિક તેમજ માનસિક પરિસ્થિતિની બાળકોના માનસપટલ પર અસર, આત્મવિશ્વાસ નો અભાવ આવી અનેક સમસ્યાનો સામનો કરવો પડ્યો હતો જેથી બાળક અભ્યાસમાં પણ રૂચિ દાખવતા નહતા.

- ❖ **હેતુઓ** :- મારા નવતર પ્રયોગના હેતુઓ આ પ્રમાણે છે.
- ❖ બાળક નીરસ, પુસ્તકિયા જ્ઞાનથી બહાર આવી એક જીવંત વાતાવરણમાં શિક્ષણ મેળવી શકે.
- ❖ અભ્યાસની સાથે બાળક નવી શિક્ષણનીતિના ભાગ રૂપે રહેલા કૌશલ્યવર્ધી અનુભવજન્ય શિક્ષણ મેળવે.
- ❖ શિક્ષણ એક સાચા અર્થમા કેળવણી નો ભાગ બની સુષુપ્ત શક્તિઓ ઉજાગર કરે. તેના દ્વારા Reuse, Reduce,  અને Recycle ના હેતુ સિધ્ધ કરે.
- ❖ ઈનોવેશનનું સમગ્ર વર્ણન(નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન) :-

આ નવતર પ્રયોગમાં બાળક ની સર્જનાત્મક શક્તિ વધે તેમજ Reuse, Reduce, Recycle ના પર્યાવરણ જતનનો હેતુ સચવાય તે માટે નકામી વસ્તુઓ, પ્લાસ્ટિક બોટલ, કાગળ ની પસ્તી, નકામા કાચના કપ, પ્લાસ્ટીની થેલીઓ વગેરે જેવી અનેક નકામી વસ્તુઓ માંથી સુંદર પ્રવૃત્તિ કરવામાં આવી છે.પ્લાસ્ટિક બોટલ ને યોગ્ય આકાર આપી તેના પર વ્હાઇટ પુટી લગાવી સુકાવ્યા બાદ તેના પર કલર કરી આભલાં જેવી વસ્તુઓ થી સુશોભન કરવામાં આવ્યું.

આ પ્રવૃત્તિઓ રિશેષ દરમિયાન કરવામાં આવે છે. આ ઉપરાંત આપણા સાહિત્ય ની વાતો, લોક ગીત, લોક નૃત્ય, દુહા છંદ, શોર્યગીત વગેરે નું ઓડિયો વીડિયો ના સ્વરૂપે નિહાળવામાં પણ આવે છે જેથી બાળક પોતાની ભવ્ય સંસ્કૃતિથી પણ વાકેફ થાય.

## ❖ નવતર પ્રયોગની મૂલ્યાંકન પ્રકિયાનું વર્ણન

' બેગ લેસ વન ડે ' અંતર્ગત મૂલ્યાંકન કરેલ આમરી શાળા શ્રી ખાપટ સીમ શાળા નં 2 માં તારીખ 17/03/2023 બેગ લેસ વન ડે  રખવામાં આવેલ જેમાં જુદી જુદી સહ અભ્યાસિક પ્રવૃતિનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું જે અંતર્ગત આ પ્રમાણે પ્રવૃત્તિઓ કરાવેલી હતી.

1) જૂની પ્લાસ્ટિક બોટલ માંથી હેંગિંગ બર્ડ્સ બનાવેલ હતા .

2) નાળિયેર ની ચાલમાંથી ફ્લાવર, સ્ટોકિન્સના ફ્લાવર, વગેરે બનાવવામાં આવ્યા હતા.

3) તેમજ જુના નાળિયેર માંથી આકસ્રષક રંગપૂરણી કરી તેના પાર વારલી આર્ટ્સથી  સુશોભિત કરવામાં આવ્યું.

4) સુંદર ચિત્રો દોરવામાં આવ્યા હતા, મહેંદી, રંગોળી સુશોભન સુંદર કરવામાં આવ્યા હતા.

## ❖ નવતર પ્રયોગનું પરિણામ:-

### નવતર પ્રયોગ કર્યા પહેલા ની આંકડાકીય માહિતી



| ક્રમ | ધોરણ | કુલ સંખ્યા | | ભાગ લીધેલ | |
|---|---|---|---|---|---|
| | | કુમાર | કન્યા | કુમાર | કન્યા |
| 01 | 6 | 18 | 20 | 09% | 11% |
| 02 | 7 | 17 | 21 | 10% | 09% |
| 03 | 8 | 20 | 21 | 12% | 15% |

## નવતર પ્રયોગ કર્યા પછીની ની આંકડાકીય માહિતી

| ક્રમ | ધોરણ | કુલ સંખ્યા | | ભાગ લીધેલ | |
|---|---|---|---|---|---|
| | | કુમાર | કન્યા | કુમાર | કન્યા |
| 01 | 6 | 18 | 20 | 74% | 70% |
| 02 | 7 | 17 | 21 | 78% | 71% |
| 03 | 8 | 20 | 21 | 72% | 75% |




❖ **ઉપયોગીતાઃ**

આ નવતર પ્રયોગ વિદ્યાર્થી કાળ થી શરૂ કરી પોતાની કારકિર્દી સુધી દરેક ને લાગુ પાડી શકાયછે આજના સમય ની ખાસ્સી માંગ જે કૌશલ્યવર્ધી શિક્ષણ પર વધુ ભાર આપવા માં આવે છે તેમજ આવનાર સમય માં ફક્ત જ્ઞાન ની માહિતી હોવી એજ પૂરતું નથી, પરંતુ કોઈ સ્કીલ ના પરફોર્મન્સ અને રજૂઆત નો યુગ હશે ત્યારે બાળક આ આગવી સ્કીલ થી પોતાનું કરિયર બનાવી શકસે તથા iInnovative crafts  તૈયાર કરી પોતાની આજીવિકા મેળવી શકસે.

❖ **નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :-**

હાલ પણ બાળકો આ નવતર પ્રયોગ સાથે જોડાયેલ છે અને ઉત્સાહભેર સહ અભિયાસિક પ્રવૃત્તિઓ માં જોડાય છે તેમજ અભ્યાસ માં પણ જીવંતતા જોવા મળે છે.

❖ **ફોટોગ્રાફ કે વિડીયો લિંક માટેનો કયુઆર કોડ / નવતર પ્રયોગની પ્રક્રિયાનો વિડીયો**

Video

Photo

# શ્રી રામબા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-પોરબંદર

# 9th એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ - 2023-24



- ઈનોવેટરનું નામ :-ખિસ્તરીયા હમીર સવદાસભાઈ હોદ્દો:-...આ.શિક્ષક
- શાળા/સંસ્થાનું નામ :-...શ્રી ખિસ્ત્રી પ્રા.શાળા
- ક્લસ્ટર/ક્યુડીસી:- બખરલા મોબાઈલ નંબર:-૯૯૭૯૭૫૯૧૩૧
- ઈમેલ આઈડી:-hamirkhistariya@gmail.com
- વિભાગ : પ્રાથમિક
- નવતર પ્રયોગની કેટેગરી: ઉપરોક્ત સિવાયના અન્ય વિષય
- નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :-સામૂહિક
- નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે:- ૬ માસ પૂર્વે
- નવતર પ્રયોગની પૂર્ણ થવાનો સમયગાળો: વર્ષ: .૨૦૨૩ માસ: ..૬ માસ .
- નવતર પ્રયોગનું શીર્ષક :- *સ્થાનિક કક્ષાએ ભાષામાંમાં વપરાતા તળપદા શબ્દો*
- સમસ્યા ઉદ્દ્ભવના કારણો:-

સ્થાનિક કક્ષા એ બહાર નાં જીલ્લા માંથી આવતા શિક્ષકો , શહેરી વિસ્તાર નાં બાળકો, વિવિધ કસોટીઓ માં અનાયાસે આવી જતા લોક બોલી નાં શબ્દો વગેરે ને કારણે આ શબ્દો નાં અર્થ ની ખબર નાં હોવા થી તેમજ ક્યારેક ક્યારેક શિક્ષકો અને શાળા નાં બાળકો તથા ગ્રામ જનો સાથે કોમ્યુનિકેશન ના થવાથી સમસ્યા નાં ઉદ્ભવે છે. શિક્ષકો ને ક્યારેક બાળકો કે વાલીઓ તરફ થી આ બોલાતી લોકબોલી નાં શબ્દો થી ખરેખર અર્થ ખબર નાં હોવા થી અપમાન જેવું લાગે છે પરંતુ હકીકતમાં આવા શબ્દો સ્થાનિક કક્ષા એ એના જીવન સાથે વણાઈ ગયેલ હોવા થી એની કક્ષા એ આ સામાન્ય વાતચીત ના જ શબ્દો હોય છે.

- હેતુઓ :-

-હાલ ની નવી પેઢી આ શબ્દો થી પરિચિત થાય.

-શિક્ષકો અને વાલીઓ વચ્ચે સરળતા થી કોમ્યુનિકેશન થાય.

**જુના શબ્દો તથા તેમના માન્ય ભાષા નાં અર્થ વિશે જાણે.**

**-બોલવામાં  સરળ તથા લખવામાં અઘરા લાગતા શબ્દો ની સમજ મેળવે.**

❖ **ઈનોવેશનનું સમગ્ર વર્ણન(નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન) :-**

નોંધ : ઈનોવેશન દરમિયાનની આપે ઉપયોગમાં લીધેલ પ્રક્રિયા, પ્રવિધિ, સાધન-સામગ્રી... વગેરે બાબતોનો સમાવેશ કરવાનો રહેશે.**સ્થાનિક કક્ષાએ બાળકો તથા તેમના વાલીઓ દ્વારા રોજ બરોજ માં બોલતા અમુક લોકબોલીઓ નાં તળપદા શબ્દો નો અર્થ પૂછવામાં આવતા તેમને અર્થ ખબર ન હોવા થી તેના થી પ્રેરણા લઇ ને સૌ પ્રથમ બાળકો ને પોતાના ઘર માં તથા આસપાસ ઉપયોગ માં  લેવાતા આવા શબ્દો નું સંકલન કરવાનું કહેવા માં આવ્યું જેથી શરૂઆત માં ખુબ સિમિત શબ્દો મળ્યા પરંતુ ધીરે ધીરે આ શબ્દો નું સંકલન વધતું ગયું અને બાળકો તેનો માન્ય ભાષા માં અર્થ પણ તારવતા થઇ ગયા જેથી વિવિધ કસોટી ઓ માં સ્થાનિક શબ્દો વાપરવા ને બદલે માન્ય ભાષા નાં શબ્દો વાપરતા થયા.**

❖ નવતર પ્રયોગની મૂલ્યાંકન પ્રક્રિયાનું વર્ણન:-

**આ નવતર પ્રયોગ થી બાળકો સાથે સ્થાનિક બોલી માં અને માન્ય ભાષામાં વાત કરવી સરળ બને છે તેમજ તેમને આ લોક બોલી અને માન્ય ભાષા વચ્ચે તફાવત સમજવા માર્ગ દર્શન મળી રહે છે.બોલી અને ભાષા વચ્ચે ભેદ સમજાવી શકાય છે અને પોત પોતાના વિસ્તાર ની લોક બોલી વિશે માહિતી મેળવે છે. જે ભાષા માં બાળકો પોતે બોલે છે એજ ભાષા માં લખાણ લખે છે તે વિષે સમજણ આપવામાં આવી અને આવા શબ્દો સ્થાનિક કક્ષા એ સર્વમાન્ય હોય શકે છે પરંતુ અન્ય જગ્યા એ જતા ત્યાં એની પોતાની લોકબોલી ના શબ્દો પ્રચલિત હોય જેથી આ કોમ્યુનિકેશન કરવામાં તકલીફ પણ ઉદ્ભવતી હોય છે.ત્યારે  લોકબોલી અને માન્ય ભાષા વિશે ની આ સમજ ઉપયોગી સાબિત થશે.**

❖ નવતર પ્રયોગનું પરિણામ:-

**આ પ્રયોગ પૂર્વે બાળકો પોતાની વિવિધ કસોટી ઓ માં સ્થાનિક લોકબોલી ના શબ્દો નો ઉપયોગ કરતા ત્યાર બાદ હવે એ માન્ય ભાષા ના શબ્દો નો ઉપયોગ કરતા થયા સ્થાનિક લોકબોલી અને માન્ય ભાષા વચ્ચે તફાવત સમજતા થયા લોકબોલી માં વપરાતા શબ્દો નું સંકલન કરતા થયા અને તેનો માન્ય અર્થ પણ બતાવતા થયા.**

❖ ઉપયોગીતાઃ આ નવતર પ્રયોગ પોરબંદર જીલ્લા માં બીજા જીલ્લા માંથી આવતા શિક્ષકોને તેમજ અન્ય જીલ્લા માંથી આવતા તમામ અધિકારી શ્રી ઓ આ લોક બોલીના શબ્દો થી પરિચિત થાય અને એકબીજા સાથે સરળતા થી કોમ્યુનિકેશન કરી શકે અને નવા શબ્દો વિશે પણ જાણી શકે તેમના અર્થ વિશે સમજી પણ શકે.

❖ નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :-

હાલ માં સ્થાનિક કક્ષા એ ખાસ કરી ને ગામડા ઓ માં આ લોક બોલી ના શબ્દો નો ઉપયોગ વધુ પ્રમાણમાં થતો હોય છે.કોઈ પણ સમાજ કે સ્થાનિક વિસ્તારમાં એ વિસ્તાર માં બોલાતી લોકબોલી , પહેરવેશ , પરંપરા ,ખાણી પીણી , સ્થાનિક ઉત્સવો, વગેરે નું જતન અને સંવર્ધન થવું ખુબ જરૂરી છે.અને સ્થાનિક કક્ષા એ પાઠ્ય પુસ્તકો માં પણ જો આનો સમાવેશ થાય તો આ સચવાઈ શકે.

❖ ફોટોગ્રાફ કે વિડીયો લિંક માટેનો કયુઆર કોડ / નવતર પ્રયોગની પ્રક્રિયાનો વિડીયો



# શ્રી રામબા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-પોરબંદર

## 9th એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ - 2023-24


- ઇનોવેટરનું નામ:- ભાલિયા સંધ્યા ભગવાનજીભાઈ. હોદો:- મદદનીશ શિક્ષક
- શાળા નું નામ:- શ્રી. સ્વ. પી. એસ. એમ. ઠકરાર હાયસ્કૂલ, પારાવાડા
- ક્લસ્ટર:- પોરબંદર મોબાઇલનં 9898529980.
- Emai sbbbhalia16@gmail.com




- લાગુપડતી સંસ્થા :- ઉ. માધ્યમિક
- કેટેગરી :- શૈક્ષણિકપ્રક્રિયામાં ટેકનોલોજી નો ઉપયોગ
- નવતર પ્રયોગ સામૂહિક કરેલ કે વ્યક્તિગત :- વ્યક્તિગત
- નવતર પ્રયોગ ની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ :- જુલાઈ 2023
- નવતર પ્રયોગ ની પૂર્ણ થવાનો સમયગાળો :- ....1 વર્ષ
- નવતર પ્રયોગ નું શીર્ષક : **"Coding gives digital future bricks"**
- સમસ્યા ઉદ્દભવ નાં કારણો :-

- વિધાર્થીઓ માં ટેકનોલોજી નાં ઉપયોગ અને **coding** વિષય ને અઘરો ગણી ઉપયોજન સંદર્ભે કાલ્પનિક ભય અને જાગૃતતા નો અભાવ જાણવા મળ્યો.
- અંગ્રેજી શબ્દભંડોળ ની જાણકારી અને ઉપયોજન સંદર્ભે નિરસતા અને સંકોચ દાખવતા હતા.
- વિવિધઉપયોગી **Applications** કેવી રીતે બનતી હશેતે સંદર્ભે વૈચારિક કુતૂહલ અનુભવતા હતા

- હેતુઓ:-

1. **NEP 2023** નાં અભ્યાસક્રમ નાં આવશ્યક ઘટક તરીકે **coding** કૌશલ્ય થી પરિચિત થાય.
2. વિધાર્થીઓ **Digital** સાક્ષરતા પર વૈશ્વિક ભાર સાથે સંરેખિત કરી શકે.
3. વિધાર્થીઓ માં **Digital** સાક્ષરતા નો વ્યાપ વધે.
4. આ નવીન અભિગમ વિધાર્થીઓ ને **Apps, website** અને **games** બનાવવા માટે પ્રોત્સાહિત કરે.
5. વિધાર્થીઓ સર્જનાત્મક, તાર્કિક અને **out of the box** વિચારવાનું શરૂ કરી શકે.

❖ <u>કાર્ય પદ્ધતિ :-</u>

1. Coding નાંમૂળભૂત ખ્યાલનુંસ્પષ્ટીકરણ.
2. પ્રાયોગિક અને વ્યવહારુ જીવન માં coding નું મહત્વ અને ઉપયોગિતાથીવાકેફ કર્યા.
3. coding ની વિવિધ languages નોપરિચય અપાયો.
4. Python ની શરૂઆત તેમજ તેનાં વ્યવહારુ ઊપયોગ અને મહત્વ નો ટૂંકો પરિચય અપાયો.
5. Python Installation (mobile/laptop) સમજાવી practical મહાવરો કરાવ્યો.
6. વિધાર્થીઓ mobile માંજ application અને online compilers થી કેવી રીતે program Run કરીશકે તેનો મહાવરો પૂરો પાડવામાં આવ્યો.
7. વિવિધ commands અને functions શીખવવામાંઆવ્યા.
8. ધો. 12 નાંવિધાર્થીઓ 9 થી 12 માંઆવતાં વિષયોમાંથી નાના coding programme નુ શોધન કરતાં શીખવ્યું.
9. વિવિધ વિષયોનાં નાના Coding programme જાતે લખી પોતાના mobile માં Run કરી શક્યા.

<u>પ્રક્રિયા</u>:-----<u>Practical &Theory classes</u>

<u>સાધનસામગ્રી:---- -Mobile, computer lab</u>

❖ <u>મૂલ્યાંકન:-</u>

1. વિવિધ Coding commands અને functionsનોઉપયોગકરી નાના programme પોતાની જાતેબનાવતા શીખ્યા.
2. ધો. 9 થી 12 નાંવિષયો માંથી coding થઇ શકે તેવા વિષયવસ્તુનું શોધન કરતાંશીખ્યા.
3. ધો. 9 થી 12 નાંવિષયોની વિષયવસ્તુનાં Coding programme સફળાપૂર્વક Run કરી શક્યા.
4. વિવિધ સંલગ્ન ચાર્ટ્સબનાવી Coding સરળતાથી એકબીજાને શીખવવાપ્રોત્સાહિતથઇશક્યા.

❖ <u>નવતર પ્રયોગ નું પરિણામ :-</u>

❖ પૂર્વસ્થિતિ:-

1. Coding કૌશલ્યતેમજ ડિજિટલ સાક્ષરતાથી અજ્ઞાત હતા.
2. Application, website અને games નો ઉપયોગ કરતાં પણ પોતે પણ બનાવી શકે તેવું ન માનતા.
3. ગણિતનાં સૂત્રો ને ગોખતા હતા.
4. અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર જેવા વિષયોનાં સૂત્રો યાદ રાખવામાં મુશ્કેલી અનુભવતા.
5. અમુક વિષયો માં નીરસતા દાખવતા હતા.
6. અંગ્રેજી શબ્દભંડોળ સીમિત હતું અને ઉપયોગ કરવામાં સંકોચ અનુભવતા.

❖ પરિણામ સ્થિતિ:-

1. વિદ્યાર્થીઓમાં ડિજિટલ અવેરનેસ નો વિકાસ થવા પામ્યો
2. વિદ્યાર્થીઓનું અંગ્રેજી શબ્દ ભંડોળ વ્યાપક બન્યું
3. ગણિત અને અન્ય વિષયોમાં આવતા સૂત્રો કોડિંગ થી સરળતાથી યાદ રાખી શકે છે
4. વિદ્યાર્થીઓના આત્મવિશ્વાસમાં વધારો થયો તથા પોતાની જાતે અલગ અલગ કોડિંગ પ્રોગ્રામ બનાવવા
5. તરફ પ્રોત્સાહિત થયા
6. જ્ઞાન સાથે ગમ્મત અને શિક્ષણ બોરિંગ ને બદલે કોડિંગ થી ગમતું બનવા લાગ્યું

❖ <u>ઉપયોગિતા:-</u>

1. આ નવતર પ્રયોગ **NEP 2023** મુજબ તમામ શાળાકીય ક્ષેત્રે લાગુ પાડી શકાય છે
2. સાત વર્ષથી વધુ વયના તમામ વિદ્યાર્થી જૂથ પર લાગુ પાડી શકાય છે
3. વિદ્યાર્થીની વય અને ધોરણ કક્ષા મુજબ વિવિધ કોડિંગ પ્રોગ્રામ્સ શીખવી શકાય

❖ <u>નવતર પ્રયોગ ની વર્તમાન સ્થિતિ</u>

1. વિધાર્થીઓ વિવિધ વિષયોમાંથી નાનાં નાનાં **programme** બનાવતા થયા.
2. **Coding** માંવિવિધ **Functions** નોઉપયોગ કરતાં થયાં
3. અંગ્રેજી શબ્દભંડોળવધ્યું અને ઉપયોજન પણ થવાપામ્યો.
4. જ્ઞાન સાથે ગમ્મતથી શિક્ષણ ગમતું બન્યું.

❖ ફોટોગ્રાફી કે વિડીયો લીંક માટે નો કયું આર કોડ /નવતર પ્રયોગ નો વિડીયો






## શ્રી રામબા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-પોરબંદર

## 9th એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ - 2023-24



- **નવતર પ્રયોગનુ શિર્ષકઃ**-સરળતાથી શીખીએ સમાજ
- **ઇનોવેટર શિક્ષકશ્રીનુ નામઃ**-મહેતા અશ્વિનકુમાર કાંતિલાલ **હોદ્દો**:- આ.શિ.
- **શાળાનુ નામઃ**-સરકારી માધ્યમિક શાળા-સીમાણી
- **વિભાગઃ**-માધ્યમિક **તાલુકોઃ**-PORBANDAR
- **મોબાઇલ નંબરઃ**-9510663348 **ઈ મેઈલ આઈ ડી**:maheta.ashwin@gmail.com
- **નવતર પ્રયોગની કેટેગરીઃ**-વિષયવસ્તુ પેડાગોજી આધારિત
- **નવતર પ્રયોગ સામુહીક છે કે વ્યકિતગતઃ**-વ્યક્તિગત
- **નવતર પ્રયોગની શરૂઆત કયારે કરવામા આવેલઃ**-૨૦૧૭ થી
- **નવતર પ્રયોગની કાર્યપધ્ધતિનુ વર્ણનઃ**- (હેતુઓ,અમલીકરણ,વ્યુહરચના,ઉપયોગીતા)
- **હેતુઓ:**

૧) વિદ્યાર્થીઓ વિષય વસ્તુને સરળતાથી શીખી શકે.

૨) ગોખણપટ્ટીના બદલે સારી રીતે સમજીને શીખીશકે.

3) પ્રશ્નોના જવાબ સારી રીતે આપી શકે.

- **અમલીકરણ**

- ધોરણ 9 અને ધોરણ 10 ના વિદ્યાર્થીઓને સામાજીક વિજ્ઞાન વિષયના ઈતિહાસ,ભુગોળ અને અર્થશાસ્ત્રના કેટલાક મુદ્દાઓ સરળતાથી યાદ રહેતા ન હતા.વારંવાર પુનરાવર્તન છતા વિષયવસ્તુ સરળતાથી સમજાતી ના હતી.
- ઉપરોક્ત સમસ્યાના સમાધાન માટે ધોરણ 9 ઈતિહાસના કેટલાક મુદ્દાઓને સ્ટેચ્યુમાં રૂપાંતર કરવામાં આવ્યુ.જેમ કે સાયમન કમિશનના લાહોર સ્ટેશનનું સ્ટેચ્યુજલિયાવાલા બાગનું સ્ટેચ્યું,દાંડીયાત્રા,રશિયન ક્રાંતિ, સુભાષચંદ્ર બોઝનું જીવન,આ બધા મુદ્દાઓ સ્ટેચ્યું દ્વારા કરાવવામાં આવ્યા. આ ઉપરાંત જુદી જુદી શોર્ટકટ કી,ધોરણ 10 માં અમુક મુદ્દાઓને ગીતોના ઢાળમાં ઢાળી દેવામાં આવ્યા,આ ઉપરાંત 12 પેડાગોજી પૈકી LESS TEXTBOOK માટે દરેક મુદ્દાને નાના પ્રશ્નોના સ્વરુપમાં વિદ્યાર્થીઓને લખાવી તેના ઉપરથી મોટા પ્રશ્નો તૈયાર કરવામાં સરળતા રહે તે હેતુથી આ પ્રયોગ હાથ ધરવામાં આવ્યો.

❖ **ઉપયોગિતા**

❖ સામાજીક વિજ્ઞાનમાં ઈતિહાસ,ભુગોળ અને અર્થશસ્ત્રના મુદ્દાઓ સહેલાય થી શીખી શક્યા.

❖ સામાજીક વિજ્ઞાન સિવાય ભાષામાં નિબંધ,વિજ્ઞાનમાં પણ આ પ્રયોગ દ્વારા સહેલાય થી વિષય વસ્તુ શીખવી શકાય.

❖ **નવતર પ્રયોગનું મુલ્યાંકન**

❖ વિધાર્થીઓ પ્રશ્નોના જવાબ સરતાથી વર્કશીટમાં લખી શક્યા.

❖ વિધાર્થીઓ વર્ગખંડમાં પ્રશ્નોના જવાબો આપતા થયા.

❖ **નવતર પ્રયોગનું પરિણામ**

❖ ધોરણ 9 અને 10 ના વિધાર્થીઓ પર આ પ્રયોગ હાથ ધરવામાં આવ્યો જેમાથી 2017 થી અત્યાર સુધી ધોરણ 10નું વિષયનું પરિણામ 2017 થી 2020 સુધી ખાનગી શાળામાં પરિણામ 96% અને 2022 માં 77% અને 2023 નું પરિણામ 94% જોવા મળ્યુ.

❖ **નવતરપ્રયોગનીવર્તમાનસ્થિતિઃ**-આ પ્રયોગ ધોરણ 9 અને 10 માં હાલ ચાલુ જ છે.

❖ નવતરપ્રયોગનીયુટ્યૂબલિંક QR CODE

# શ્રી રામબા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-પોરબંદર

## 9th એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ - 2023-24



❖ **ઈનોવેટરનું નામ :-** ભાવિશા રામજીભાઈ લાખાણા **હોદ્દો:-** આ.શિ.

❖ **શાળાનું નામ :-** શ્રી મોકર પ્રાથમિક શાળા

❖ **ક્લસ્ટર :-** કુમાર શાળા રાણા વડવાળા **મોબાઈલ નંબર:-** 7874822656

❖ **ઈમેલ આઈડી:** bhavisha4113@gmail.com

❖ **વિભાગ :** પ્રાથમિક

❖ **નવતર પ્રયોગની કેટેગરી :** વિષયવસ્તુ પેડાગોજી આધારિત

❖ **નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત** :- વ્યક્તિગત

❖ **નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે**:-વર્ષ -2020

❖ **નવતર પ્રયોગની પૂર્ણ થવાનો સમયગાળો:** આ નવતર પ્રયોગ હાલમાં શરુ છે.

❖ **નવતર પ્રયોગનું શીર્ષક** :- MAT (Mental Ability Test)

❖ **સમસ્યા ઉદ્ભવના કારણો:-**

**NMMS, Navodaya જેવી પરીક્ષામાં બાળકોને ખૂબ મુશ્કેલી પડતી હતી.**

❖ **હેતુઓ :-**

- સ્પર્ધાત્મક પરીક્ષાઓ મુશ્કેલી વિના આપી શકે.
- ઉચ્ચ અભ્યાસ માટેની પરીક્ષાઓ માં ઉપયોગી.
- માનસિક વિકાસ થાય.
- ગણિત માં રસ વધે.

❖ **ઈનોવેશનનું સમગ્ર વર્ણન(નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન)** :-

વર્ષ 2019 દરમિયાન ધોરણ 5 ના બાળકોને વિવિધ પદ્ધતિઓ અપનાવી નવોદય માટેની પરીક્ષા ની પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ મુજબ તૈયારીઓ કરાવી. સમગ્ર વર્ષ દરમિયાન આ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓએ ખૂબ સારી રીતે પરીક્ષા આપી અને 4 વિદ્યાર્થીઓ નવોદયની પરીક્ષા માટે ઉત્તીર્ણ થઇ પસંદગી પામ્યા.

આ પ્રવૃત્તિને આગળ વધારતા કોરોનાકાળ દરમિયાન ધોરણ 6 અને 7 થી વંચિત રહી ગયેલા બાળકો વર્ષ 2021 માં ધોરણ 8 માં પહોંચ્યા ત્યારે NMMS એટલે કે નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ પરીક્ષા માટેની તૈયારી આ જ પ્રવૃત્તિ મુજબ શરૂ થઈ. કુલ સંખ્યા 28 માંથી 25 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી અને 23 વિદ્યાર્થીઓ ઉતિર્ણ થયા તેમ જ કુલ 7 વિદ્યાર્થીઓ મેરીટમાં આવી સમગ્ર તાલુકામાં પ્રથમ સ્થાન મેળવ્યું અને પોરબંદર જિલ્લામાં બીજું સ્થાન મેળવ્યું. વર્ષ 2022 માં પણ 19 બાળકોએ પરીક્ષા આપી તેમાંથી 19 ઉત્તીર્ણ થયા જેમાં MAT વિભાગમાં સો ટકા પરિણામ જોવા મળ્યું.

વર્ષ 2023 માં પણ આ પ્રવૃત્તિ ધોરણ 6,7 અને 8 ના બાળકો માં થતી જોવા મળે છે.

❖ **નવતર પ્રયોગની મૂલ્યાંકન પ્રક્રિયાનું વર્ણન**:-

મુલ્યાંકન OMR શીટ દ્વારા અને વિવિધ પ્રશ્નપત્રો દ્વારા દર એકમના અંતે કરવામાં આવે છે.

❖ **નવતર પ્રયોગનું પરિણામ:-**

| વર્ષ | પરીક્ષા આપેલ વિદ્યાર્થી | પરિણામ |
|---|---|---|
| 2019 | 23 Navoday | 4 ની પસંદગી |
| 2021 | 22 NMMS | 20 ઉત્તીર્ણ 1 મેરિટ માં |
| 2022 | 25 NMMS | 23 ઉત્તીર્ણ 7 મેરિટમાં |
| 2023 | 19 NMMS | 19 ઉત્તીર્ણ 1 મેરિટમાં |
| 2023-24 | ON GOING | ON GOING |

❖ **ઉપયોગીતા**:

આ નવતર પ્રયોગ ધોરણ 5 થી 8 સુધીના તમામ બાળકો માટે લાગુ કરી શકાય. આ ઉપરાંત સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તૈયારી કરતા કોઈપણ વિદ્યાર્થી માટે આ નવતર પ્રયોગ લાગુ કરી શકાય તેમ છે.ઉચ્ચ અભ્યાસ માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપતા વિદ્યાર્થીઓ માટે ઉપયોગી છે.

❖ **નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :-**વર્તમાન સ્થિતિમાં ધોરણ 5 નવોદય અને ધોરણ 6, 7 અને 8 માં NMMS ની પરીક્ષા ની તૈયારીઓ માટે આ પ્રક્રિયા શરૂ છે.

# શ્રી રામબા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-પોરબંદર

## 9th એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ - 2023-24



- ઈનોવેટરનું નામ :- મોઢવાડીયા સંગીતાબેન કે હોદ્દો:-આ.શિ.
- શાળાનું નામ :- શ્રી જપરસીમ શાળા રાણાવાવ
- ક્લસ્ટર:- કુમાર શાળા સી આર સી મોબાઈલ નંબર:- 8238954072
- ઈમેલ આઇડી :- sangita.odedra15@gmail.com
- વિભાગ : પ્રાથમિક
- નવતર પ્રયોગની કેટેગરી : સાંપ્રત વિષયો:-( FLN, NEP, NIPUN BHARAT MISSION.......)
- નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :- વ્યક્તિગત
- નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે:- 20 June 2023
- નવતર પ્રયોગની પૂર્ણ થવાનો સમયગાળો: વર્ષ: ............માસ: ................
- નવતર પ્રયોગનું શીર્ષક :- "Old is Gold" with NIPUN BHARAT
- સમસ્યા ઉદ્ભવના કારણો:-

વેકેશન ખુલતા જ દર વર્ષની જેમ આ વર્ષે પણ મેં બાળકોની વાંચન લેખન તેમજ ગણનની ચકાસણી કરી નિપુણ ભારત અંતર્ગત. બેઝ લાઇન સર્વે પણ કરવામાં આવ્યો ધો. 3,4 ના બધા બાળકોની ચકાસણી કરતા માલુમ પડયું કે બાળકો વાંચન લેખન તેમજ ગણન મા ખૂબ નબળા છે. મને લાગ્યું કે કાંઈક એવું કરું કે બાળકો રસપૂર્વક શીખે અને શીખેલું કાયમ યાદ રહે. અર્થપૂર્ણ વાંચન કરતા થઈ તથા શ્રુતલેખન વ્યવસ્થિત રીતે કરતા થઇ જાય. અને નિપુણ ભારત મિશન ના લક્ષ્યાંકો સિદ્ધ કરી શકીએ એવા હેતુ થી મને મારા આ ઈનોવેશન નિ પ્રેરણા મળી.

- હેતુઓ :- ગુજરાત મા નિપુણ ભારત મીશન અંતર્ગત કવાયત આરંભી દેવા મા આવી છે . આ મીશન મુજબ આગામી વર્ષ 2026-27 સુધીમાં ધો. 3 સુધીના તમામ બાળકો સાક્ષરતા અને અંકજ્ઞાન પ્રપ્ત કરે તેવા ઉદ્દેશ્ય સાથે કામગિરી શરૂ થઈ ગઈ છે.આ સમગ્ર યોજના પાયાના શિક્ષણ

પર ભાર મૂકતી હોવાથી 3 થી 9 વર્ષ ના બાળકને નિપુણ બનાવવા વિશેષ કાર્ય કરશે.મારી શાળા ના ધો. 1 થી 4 ના બાળકો વાંચન લેખન તેમજ ગણનમા પારંગત થાય અને પાયાના જીવન કૌશલ્ય કેળવતું દરેક બાળક તૈયાર થાય તે મારા નવતર પ્રયોગનો ખાસ હેતુ છે.

❖ ઈનોવેશનનું સમગ્ર વર્ણન(નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન) :-


મારા ટાઇટલ ને અનુરૂપ "old is gold" ને સાર્થક કરતું મારુ ઇનોવેશન ની પ્રેરણા મને 25 વર્ષ પહેલાં જ્યારે મે નોકરીની શરૂઆત કરી ત્યારના અભ્યાસક્રમ નું ધો.1 નું પુસ્તક મે હજી સચવેલ છે . અને ત્યાર બાદ શિક્ષણ મા ઘણા અખતરા થયા પણ મારાં અનુભવે જે જૂની પદ્ધતી હતી જૂના પુસ્તકો હતા તેજ યોગ્ય હતા મે પ્રિય બાળકો ને મૂળાક્ષર થી શીખવવાની શરૂઆત કરવા માટે બાળકો ને પ્રત્યક્ષ મોડેલ દ્વારા શીખવવાનો પ્રયત્ન કર્યો છે. જેથી બાળકો કાયમી તેને યાદ રાખી શકે. તેમજ સ્વર વ્યંજન તથા મત્રાઓના મહાવરા માટેના મોડેલ બનાવ્યા છે. અક્ષર લેખન વ્યવસ્થિત કરવા માટે કા. પા. પર લાઈન દોરીને સમજણ આપવી. સતત વાંચન તેમજ શ્રુત લેખન કરાવવું. તેમજ ગણનની બેઝિક પ્રક્રિયા માટેના મોડેલ તૈયાર કર્યા.


❖ નવતર પ્રયોગની મૂલ્યાંકન પ્રકિયાનું વર્ણન:-

મૂલ્યાંકન એ સતત ચાલતી પ્રક્રિયા છે. બાળકોનું સતત નિરીક્ષણ કરતા તેમજ બેઝ લાઈન સર્વે અંતર્ગત મૂલ્યાંકન કરતા જૂન માસ મા 20% બાળકો વાંચન લેખન તેમજ ગણન વ્યવસ્થિત કરી શકતા હતા જ્યારે અત્યારે સપ્ટેમ્બર માસ મા 50% બાળકો એ પ્રગતિ કરી છે.બાળકોને રોજે રોજ વાંચન તેમજ શ્રુત લેખન પલાખા દાખલા કરાવવામાં આવે છે. વર્ષના અંતે 80% બાળકો આ લક્ષ્યાંક સિદ્ધ કરી શકશે એવી આશા છે.

❖ નવતર પ્રયોગનું પરિણામ:-

નોંધ : નવતર પ્રયોગ કર્યા પૂર્વેની સ્થિતિ અને પછી મળેલ પરિણામ (આંકડાકીય વિગત દર્શાવી )



❖ ઉપયોગીતાઃ

આ નવતર પ્રયોગ દરેક શાળા ના પ્રિય બાળકોને લાગુ પડશે તેમજ બાલ વાટિકા થી ધો. ૩ સુધીના બધા જ બાળકો આ બધા જ મોડેલ દ્વારા વાંચન લેખન સરળતા થી શીખી શકશે અને નિપુણ ભારત મીશન ના લક્ષ્યાંક પણ સિદ્ધ થઈ શકશે.

❖ નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :-

બાળકો મોડેલ નો ઉપયોગ કરી રહ્યા છે "old is gold" એટલે કે જૂના અભ્યાસક્રમ મુજબ બાળકોને ચાર મૂળાક્ષર ત્યાર બાદ શબ્દો ત્યાર નાનાં વાક્યો આમ ક્રમશઃ માત્રાઓ ઉમેરતા જવિ આ રીતે બાળકો સરળતા થી વાંચન લેખન શીખી રહ્યા છે.

ફોટોગ્રાફ કે વિડીયો લિંક માટેનો કયુઆર કોડ / નવતર પ્રયોગની પ્રક્રિયાનો વિડીયો







## શ્રી રામબા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-પોરબંદર

## 9th એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ - 2023-24



- ઈનોવેટરનું નામ :- પાઠક હીનાબેન / ભૂતિયા કિરણબેન હોદ્દો:- આ.શિ
- શાળા/સંસ્થાનું નામ :- શ્રી પાઉંસીમ શાળા,રાણાવાવ
- ક્લસ્ટર/ક્યુડીસી:- પે.સે.કુમારશાળા
- મોબાઈલ નંબર:- **9825062011/8000995454**
- ઈમેલ આઈડી:- heena.pathak08@gmail.com
- વિભાગ : પ્રાથમિક
- નવતર પ્રયોગની કેટેગરી : સહ અભ્યાસિક પ્રવૃતિઓ દ્વારા સર્વાંગી વિકાસ
- નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :-સામૂહિક
- નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે:- ૨૭/૧૨/૨૦૨૨
- નવતર પ્રયોગની પૂર્ણ થવાનો સમયગાળોઃ અસ્તિત્વમાં રહેશે
- નવતર પ્રયોગનું શીર્ષક :-અપના **FREE TIME**
- <u>સમસ્યા ઉદ્ભવના કારણો:-</u>

**1** બાળકો માં બચત અંગે જાગૃતતા ન હતી તથા બાળકોમાં વ્યવહારીક ગણિતના હિસાબોમાં કચાશ જણાતી.

**2** શાળાના વૃક્ષો ચોરી જતાં તથા પૌરાણિક પાત્રો વિશે જાણકારી નો અભાવ હતો .

**3** રિશેષ ના સમયે તોફાન મસ્તી વધુ થતી તથા બહારના પકેટનો નાસ્તો વધુ ખાતા હતા.

- હેતુઓ :-

**1** બાળકો નો સર્વાંગી વિકાસ કરવો તથા જીવન વ્યવહાર ના અનુભવો પૂરા પાડવા.

**2** સામાજિક તથા ધાર્મિક પાત્રો વિશે જાણે તથા તેના કાર્યો અને જીવનમાથી બાળકોમાં મૂલ્યોનો વિકાસ થાય .

**3** બાળકો ના **FREETIME** નો સદઉપયોગ કરી તેઓ ગમ્મત સાથે જ્ઞાન મેળવે તથા બાળકો ઘરનો પોષ્ટીક નાસ્તો ખાય .

- <u>ઈનોવેશનનું સમગ્ર વર્ણન(નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન) :-</u>

આપના **FREETIME** અંતર્ગત બાળકો ના સર્વાંગી વિકાસ ને લક્ષ્યમાં રાખી વિવિધ પ્રોજેક્ટ અમલ માં મૂકવામાં આવ્યા જેમકે આપના **BANK,** અપના **SHOP,** અપના **BIRTHDAY POINT,** અપના **MATHS ,** અપના**TREE,** અપના **HEALTHY FOOD** તથા અપના **PROJECT**.

અમે સૌપ્રથમ ૨૭/૧૨/૨૦૨૨ ના દિવસ થી અપના **BANK** અને અપના **SHOP** ની શરૂઆત કરી. બચત બૅંક અને રામહાટ કરતાં અમારા આ પ્રોજેક્ટ માં નવીનતા એ છે કે અમે બને ને એક બીજા સાથે જોડ્યુ છે. **BANK** શોપ ને ખરીદી માટે ઉપાડઆપે છે તથા અપના **shop** ઓ નફો **BANK** માં ખાતેદારો ને તેની બચત પર વ્યાજ આપવામાં ઉપયોગ માં લેવાય છે. આમ રિશેષ ના સમયે **BANK** માં બાળકો પોતાની નાની નાની બચત જમા કરે છે અને બચત પર સમયાંતરે વ્યાજ પણ મેળવે છે તથા શોપ માથી પોતાની જરૂરિયાત ની સ્ટેશનરી બજાર કરતાં ઓછી કિમતે ખરીદી શકે છે. આ બને પ્રોજેક્ટ નું સંચાલન બાળકો અમારા માર્ગદર્શન નીચે કરે છે .

અપના **birtday point**માં બાળકો પોતાના જન્મદિવસે પ્રાર્થના માં બર્થડે પોઈન્ટ માં જન્મ ની તારીખ, મહિનો અને સાલ ગોઠવી ફોટો પડાવસે અને તેની ગિફ્ટ માં **smiley** મેળવસે.

અપના **maths** માં બાળકો રિશેષ ના સમયે ગૃપમાં ગણિત ના **tlm** ની મદદ થી જુદી જુદી રમત અને પ્રવૃતિ થી ગણિત શીખે છે . અપના **tree** અંતર્ગત શિક્ષકો તથા બાળકો પોતાનું એક વૃક્ષ વાવી ને ઉછેરે છે તથા તેની કાળજી રાખે છે . અપના **healthy food** માં બાળકો ઘર નો નાસ્તો ખાય તે માટે તેમનો નાસ્તો ચેક કરવામાં આવે છે . તથા બહાર ના નાસ્તા ના બદલે તેમણે **mdm** નો નાસ્તો ભરી આપવામાં આવે છે. અપના **project** માં મહિના માં બે વખત જુદી જુદી પ્રવૃતિ ના પ્રોજેક્ટ કરાવાય છે .અપની **story** માં બાળકો ને આપણીસંસ્કૃતિ ના મહાન પાત્રોની વાર્તા સ્માર્ટ ટીવી પર બતાવે છે તથા તે માટે વિવિધ સ્પર્ધા યોજવામાં આવે છે .

- <u>નવતર પ્રયોગની મૂલ્યાંકન પ્રકિયાનું વર્ણન:-</u>

અમે જાતે બનાવેલા સાપસીડી ના **TLM** દ્વારા મુલ્યાંકન કરવામાં આવ્યું .

- <u>નવતર પ્રયોગનું પરિણામ:-</u>

| પ્રોજેક્ટ નું નામ | પહેલા ની સ્થિતી | વર્તમાન સ્થિતી |
|---|---|---|
| અપના **bank** | **13** ખાતા હતા અને **90**રૂ જમા | **121** ખાતા અને **23368** રૂજમા |
| અપની **STORY** | **5** બાળકો એ જ સ્ટોરી લખી અને બોલી | **45** બાળકો એ સ્ટોરી લખી અને બોલી |
| અપના **TREE** | **10** બાળકો નાપોતાના વૃક્ષો | **80** બાળકો ના પોતાના વૃક્ષો |
| અપના **healthy food** | **10%** બાળકો ઘર નો નાસ્તો લાવતા | **90%** બાળકો ઘર નો નાસ્તો લાવે છે |
| અપના **MATHS** | **8 %** બાળકો જ રિશેષ માં **TLM**નો ઉપયોગ કરતાં | **50%** બાળકો રિશેષ માં **tlm**ના ઉપયોગ થી શીખેછે |

- <u>ઉપયોગીતા:</u> આ નવતર પ્રયોગ રાજ્ય ની તમામ પ્રાથમિક ,માધ્યમિક અને કોલેજ માં લાગુ પાડી શકાય .
- <u>નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :-</u>

આ નવતર પ્રયોગ હજી પૂરો થયો નથી પણ ચાલુ જ છે .

ફોટોગ્રાફ કે વિડીયો લિંક માટેનો કયુઆર કોડ / નવતર પ્રયોગની પ્રક્રિયાનો વિડિયો

- https://www.youtube.com/watch?v=0QoTc8fkq8Q
-

# શ્રી રામબા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-પોરબંદર

## 9th એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ - 2023-24



- ઈનોવેટરનું નામ : ભાટુ સુરેશ એચ .  હોદ્દો :આચાર્ય
- શાળા/સંસ્થાનું નામ : માધ્યમિક શાળા – રાણા ખીરસરા
- ક્લસ્ટર/ક્યુડીસી : રાણાખીરસરા પે.સે.શાળા
- મોબાઈલ નંબર: 9638973003
- ઈમેલ આઈડી : bhatu.03@gmail.com વિભાગ : માધ્યમિક
- નવતર પ્રયોગની કેટેગરી : વિષયવસ્તુ પેડાગોજી આધારિત, સહ અભ્યાસિક પ્રવૃતિઓ દ્વારા સર્વાંગી વિકાસ, અભ્યાસક્રમ આધારિત મુલ્ય શિક્ષણ
- **નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :** વ્યક્તિગત
- **નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે:-** જુન -૨૦૨૩ થી
- **નવતર પ્રયોગની પૂર્ણ થવાનો સમયગાળો:** વર્ષ: 00 માસ: (03) પ્રયોગ ચાલુ છે.
- **નવતર પ્રયોગનું શીર્ષક :** SCIENCE CLUB – LEARN WITH FUN
- **સમસ્યા ઉદ્ભવના કારણો :**

➢ વિજ્ઞાન ને અઘરો વિષય ગણી વિજ્ઞાનમાં ઓછો રસ દાખવવો.

➢ વર્ષ 2023 - 24 નું ધો. 10 નું ઓછું રિજલ્ટ . સમગ્ર ગુજરાત માં સૌથી વધારે વિજ્ઞાન વિષયમાં 2.37 લાખ વિદ્યાર્થીઓ નાપાસ થયા.

➢ વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન નાં પાયાના સિદ્ધાંત તેમજ સમજ નો અભાવ

➢ ક્રીએટીવ થિન્કિંગ નો અભાવ

➢ પ્રાયોગિક કાર્ય તેમજ પ્રોજેક્ટ કાર્ય માં માર્ગદર્શન ની જરૂરિયાત.

➢ આપણી આસપાસ થતી સામાન્ય ઘટના પાછળનું વિજ્ઞાન સમજવામાં અસમર્થતા.

➢ દૈનિક જીવન માં વિજ્ઞાનની ઉપયોગીતા સમજી તેના ઉપયોગ નો અભાવ.

➢ વિજ્ઞાન પ્રત્યે વિદ્યાર્થીઓમાં રસ અને રુચી નો અભાવ

➢ ચોકસાઈ, અવલોકન, જૂથ કાર્ય, મદદ કરવી , ભાઈ ચારો જેવા ગુણો વિકસાવવા માર્ગદર્શન ની જરૂરિયાત

❖ **હેતુઓ :-**

1. વિદ્યાર્થીઓ માં વિજ્ઞાન પ્રત્યે રસ એન રૂચી કેળવાય
2. વિજ્ઞાન અઘરો વિષય છે.તે મને નાં આવડે તે પૂર્વગ્રંથી નાબૂત થાય .
3. વિજ્ઞાન નાં કોઈ પણ પાયા નાં સિદ્ધાંત ને સમજે , આત્મસાત કરે અને તેની ઉપયોગીતા સમજે .
4. વિદ્યાર્થીઓમાં ક્રીએટીવ થીંકીંગ નો વિકાસ થાય .
5. વિજ્ઞાનનાં નાં વિવિધ સિદ્ધાંત ને સમજવા માટે આનુસંગિક પ્રાયોગીક કાર્ય કરી તે સિદ્ધાંત ને આત્મસાત કરે અને તેની ઉપયોગીતા સમજે.
6. કુદરત માં તેમજ આપણા દૈનિક જીવન માં વિવિધ ઘટનાઓ પાછળનું વિજ્ઞાન સમજે તેમજ તેનો જીવન માં ઉપયોગ કરે.
7. વિદ્યાર્થીઓનાં કોઈપણ કાર્યમાં ચોકસાઈ આવે , અવલોકન કરવાની ટેવ નો વિકાસ થાય , જૂથમાં કાર્ય કરતા શીખીને વિદ્યાર્થીઓ માં મદદ ,ભાઈચારો જેવા ગુણો નો વિકાસ થાય.

❖ **ઈનોવેશનનું સમગ્ર વર્ણન (નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન)** :-

નોંધ : ઈનોવેશન દરમિયાનની આપે ઉપયોગમાં લીધેલ પ્રક્રિયા, પ્રવિધિ, સાધન-સામગ્રી... વગેરે બાબતોનો સમાવેશ કરવાનો રહેશે.

- **નવતર પ્રયોગ નો સમય** :

નવતર પ્રયોગ માટે અમે શનિવારનો દિવસ અને શાળા સમય પછીનો સમય રાખેલ છે.અમારા નવતર પ્રયોગ નો સમય દર શનિવારે બપોરે 11:45 થી 5:00 સુધીનો છે.

- **નવતર પ્રયોગમાં ઉપયોગ માં લીધેલ પ્રવીધીઓ** :

1. નિદર્શન કાર્ય
2. પ્રાયોગિક કાર્ય
3. જૂથ કાર્ય
4. પ્રોજેક્ટ કાર્ય
5. ઓડીઓ વિજ્યુઅલ પ્રવિધિ
6. જૂથ ચર્ચા
7. લેકચર મેથડ

- **નવતર પ્રયોગમાં ઉપયોગમાં લીધેલ સાધન સામગ્રીઓ :**

1. પ્રાયોગિક કાર્ય માટે જરૂરી સાધનો ( ટેસ્ટ ટ્યુબ , માઈક્રોસ્કોપે, બિકર વગેરે...)
2. પ્રાયોગિક કાર્ય મારે જરૂરી રસાયણો, અને અન્ય લેબ નાં સાધનો
3. ચાર્ટ્સ, નકામી વસ્તુ , બોટલ , કલર વગેરે
4. પ્રોજેકટર , ટી.વી. , લેપટોપ ..વગેરે
5. વિજ્ઞાન લેબોરેટરી

❖ **નવતર પ્રયોગ ની પ્રક્રિયા :**

અમારો આ નવતર પ્રયોગ ધો. ૯ અને ધો. ૧૦ નાં વિદ્યાર્થીઓ પર કરવામાં આવેલ છે. આ નવતર પ્રયોગ શાળા સિવાય નાં સમય ગાળામાં વિદ્યાર્થીઓએ વાલી ની સંમતિ લઈ ને સ્વેચ્છાએ જોડાવવાનું રહે છે.આ સાયન્સ ક્લબ માં જોડાવવું કોઈ વિદ્યાર્થી માટે ફરજિયાત નથી. સમગ્ર નવતર પ્રયોગ નું એક અંદાજીત ટાઈમ ટેબલ નીચે મુજબ છે. જેમાં જરૂરિયાત મુજબ ફેરફાર કરવામાં આવે છે.

| ક્રમ | સમય | કાર્ય ની રૂપ રેખા |
|---|---|---|
| 1 | 11:45 થી 12:00 | સમગ્ર દિવસનું પ્લાનિંગ ને કાર્ય ની વહેચણી |
| 2 | 12:00 થી 1:00 | પ્રયોગ નિદર્શન , કઠિન બિંદુ ની ચર્ચા |
| 3 | 1:00 થી 1:45 | ભોજન વિરામ ( સામૂહિક ભોજન ) |
| 4 | 1:45 થી 2:00 | જૂથ માટે જરૂરી સામગ્રી એકઠી કરવી જૂથ માં ગોઠવાવવું |
| 5 | 2:00 થી 3:00 | વિદ્યાર્થીઓ દ્વારા અભ્યાસનું પ્રાયોગિક કાર્ય ( બે પ્રયોગ ) અને તેનું મૂલ્યાંકન |
| 6 | 3:00 થી 4:00 | પ્રોજેક્ટ કાર્ય / જૂથ ચર્ચા /વેસ્ટ માં થી બેસ્ટ / મનગમતી વિજ્ઞાન પ્રવૃત્તિ અને કાર્ય / શોર્ટ કટ કી / ક્રીએટીવ વર્ક / કારણ શોધન ક્રિયા અને તેનું પ્રાયોગિક કાર્ય |

| | | |
|---|---|---|
| 7 | 4:00 થી 4:10 | રીસેસ |
| 8 | 4:10 થી 4:40 | શોર્ટ વિજ્ઞાન ફિલ્મ / વિડીયો / ગેમ |
| 9 | 4:40 થી 5:00 | પ્રતિભાવ , મૂલ્યાંકન ,શ્રેષ્ઠ કાર્ય ની સરાહના , અનુવર્તી કાર્ય |

- **નવતર પ્રયોગની મૂલ્યાંકન પ્રકિયાનું વર્ણન:-**

અમારા આ નવતર પ્રયોગનું આમ તો દર શનિવારે દરેક સેશન અને સમગ્ર દિવસ નાં અંતે પણ પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ મૂલ્યાંકન ચાલુ જ રહે છે. પરંતુ સમગ્ર પ્રયોગ ની સાર્થકતા તેમજ તેની અસરકારકતા માટે વિદ્યાર્થીઓ ની ટૂંક જવાબી 15 માર્ક્સ પ્રી ટેસ્ટ અને પોસ્ટ ટેસ્ટ લીધેલ છે. જેના પરિણામો નીચે મુજબ છે.

- **નવતર પ્રયોગનું પરિણામ:-**

આ નવતર પ્રયોગ માં ધો. ૯ અને ધો. ૧૦ નાં સ્વેચ્છાએ જોડવા માંગતા વિદ્યાર્થીઓ ને પ્રી ટેસ્ટ અને પોસ્ટ ટેસ્ટ લીધેલ છે. જેના પરિણામો નીચે મુજબ છે.

ધોરણ 10 નાં વિદ્યાર્થીઓના પ્રી ટેસ્ટ અને પોસ્ટ ટેસ્ટ નાં માર્ક્સનું વિતરણ અને તારણ નીચે મુજબ છે.

| ક્રમ | ધોરણ | માર્ક્સ | પ્રી ટેસ્ટ વિદ્યાર્થી સખ્યા ( 25 માંથી ) | ટકા | પોસ્ટ ટેસ્ટ વિદ્યાર્થી સખ્યા ( 25 માંથી ) | ટકા | સુધારો |
|---|---|---|---|---|---|---|---|
| 1 | 10 | 0-5 | 12 | 48 % | 5 | [illegible] | 28 % |
| 2 | | 6-9 | 8 | 32 % | 10 | 40 % | + 8 % |
| 3 | | 10-12 | 4 | 16 % | 4 | 16 % | 00 |
| 4 | | 13-15 | 1 | 04 % | 6 | 24 % | + 20 % |

ધોરણ 9 નાં વિદ્યાર્થીઓના પ્રી ટેસ્ટ અને પોસ્ટ ટેસ્ટ નાં માર્ક્સનું વિતરણ અને તારણ નીચે મુજબ છે.

| ક્રમ | ધોરણ | માર્ક્સ | પ્રી ટેસ્ટ વિદ્યાર્થી સખ્યા ( 32 માંથી ) | ટકા | પોસ્ટ ટેસ્ટ વિદ્યાર્થી સખ્યા ( 32 માંથી ) | ટકા | સુધારો |
|---|---|---|---|---|---|---|---|
| 1 | 9 | 0-5 | 18 | 56.25 % | 8 | 25.00 % | - 31.25% |
| 2 | | 6-9 | 10 | 31.25 % | 11 | 34.38 % | + 03.13 % |
| 3 | | 10-12 | 4 | 12.50 % | 6 | 18.75 % | + 6.75 % |
| 4 | | 13-15 | 0 | 00 % | 7 | 21.88 % | + 21.88 % |

**આ પ્રયોગ નાં તારણો નીચે મુજબ છે**

1. વિદ્યાર્થીઓ માં વિજ્ઞાન પ્રત્યે રસ એન રૂચી માં સવિશેષ વધારો જોવા મળ્યો.
2. વિજ્ઞાન નાં પરિણામ માં નોંધ પાત્ર ઉપર મુજબ નો સુધારો જોવા મળ્યો આ ઉપરાંત વિજ્ઞાન અઘરો વિષય છે.તે મને નાં આવડે તે પૂર્વગ્રંથી નાબૂત થઇ અને વિજ્ઞાન ને પ્રિય વિષય તરીકે ભણવા લાગ્યા.
3. વિજ્ઞાન નાં કોઈ પણ પાયા નાં સિદ્ધાંત ની ઉપયોગીતા સમજી તેનો દૈનિક જીવનમાં ઉપયોગ કરતા શીખ્યા
4. વિદ્યાર્થીઓની ક્રીએટીવ થીંકીગ માં સુધારો જોવા મળ્યો. કોઈ પણ કાર્ય ને અલગ રીતે કરતા શીખ્યા .
5. વિજ્ઞાનનાં નાં વિવિધ સિદ્ધાંત ને સમજી પ્રાયોગીક કાર્ય કરતા શીખ્યા અને તેની ઉપયોગીતા જાણતા થયા.
6. વિદ્યાર્થીઓ કોઈ પણ કુદરતી ઘટના અને દૈનિક જીવન ની વિવિધ ઘટનાઓ પાછળ નું વિજ્ઞાન સમજતા થયા અને તેનો દૈનિક જીવન માં ઉપયોગ કરતા થયા.
7. વિદ્યાર્થીઓનાં કોઈપણ કાર્યમાં ચોકસાઈ આવે , અવલોકન કરવાની ટેવ નો વિકાસ થાય , જૂથમાં કાર્ય કરતા શીખીને વિદ્યાર્થીઓ માં મદદ ,ભાઈચારો જેવા ગુણો નો વિકાસ થાય.

**ઉપયોગીતાઃ**

નોંધ : નવતર પ્રયોગ કોને લાગુ પાડી શકાશે ? તે અંગેની વિગત પૂરી પાડવી.( કોઈ ચોક્કસ ધોરણના વિદ્યાર્થી, શાળા, ક્લસ્ટર, તાલુકો, જિલ્લો, રાજ્ય.

આ નવતર પ્રયોગ ધો. 9 અને 10 નાં બાળકો ને લાગુ પાડી શકાય. ઉ.મા. (સાયન્સ) હોય તો ધો . 11 અને 12 નાં વિદ્યાર્થીઓ ને પણ લાગુ પાડી શકાય . આ પ્રયોગ માટે વિદ્યાર્થી ને વર્ગ ખંડ બહાર લઇ જવો જરૂરી છે તેમજ આ પ્રયોગ માટે વધારાનો અને પુરતો સમય આપવો જરૂરી છે. આથી દરેક મહિના નાં બીજા અને ચોથા શનિવારે એમ બે શનિવારે અન્ય કોઈ વિષય નું ભણવાનું નહિ માત્ર આ રીતે શનિવાર નાં સમય દરમિયાન માત્ર વિજ્ઞાનનું  પ્રાયોગિક અને વિશિષ્ટ કાર્ય જ કરાવવામાં આવે તો કોઈ પણ શાળા /તાલુકો / જિલ્લો કે સમગ્ર રાજ્ય માં લાગુ પાડી શકાય.

**નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :-**

**આ પ્રયોગ હજી કાર્યરત અવસ્થામાં જ છે.**

**ફોટોગ્રાફ કે વિડીયો લિંક માટેનો કયુઆર કોડ / નવતર પ્રયોગની પ્રક્રિયાનો વિડીયો**






# શ્રી રામબા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-પોરબંદર

## 9th એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ - 2023-24



- ❖ ઈનોવેટરનું નામ :- ઓડેદરા જાગૃતિ આર.  હોદ્દો:- ઇન્ચાર્જ આચાર્ય
- ❖ શાળા/સંસ્થાનું નામ :-સરકારી માધ્યમિક શાળા- રાણાબોરડી
- ❖ ક્લસ્ટર/ક્યુડીસી:- રાણા ખીરસરા – રાણાવાવ મો.નં:- ૮૨૦૦૨૨૬૩૬૭
- ❖ ઈમેલ આઈડી:- ojagruti91@gmail.com
- ❖ વિભાગ : માધ્યમિક
- ❖ નવતર પ્રયોગની કેટેગરી : સહ અભ્યાસિક પ્રવૃતિઓ દ્વારા સર્વાંગી વિકાસ
- ❖ નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :- વ્યક્તિગત
- ❖ નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે:- જુન-૨૦૨૩ થી
- ❖ નવતર પ્રયોગની પૂર્ણ થવાનો સમયગાળોઃ વર્ષઃ ૨૦૨૩  માસઃ સપ્ટેમ્બર
- ❖ નવતર પ્રયોગનું શીર્ષક :- ગાણિતિક નમુનાઓ દ્વારા સરળ રીતે ગણિત
- ❖ સમસ્યા ઉદ્દ્ભવના કારણો:-

-વિદ્યાર્થીઓને ગણિત વિષયમાં ભાગાકાર, ગુણાકાર, બહુપદીઓના ભાગાકાર, ગુ.સા.અ. અને લ.સા.અ. તેમજ પ્રમેય સમજવામા મુશ્કેલી પડતી હતી તેથી ગણિત વિષય કંટાળાજનક લગતો હતો.

❖ હેતુઓ :-

ગણિત વિષય ખુબ જ અઘરો હોવાથી વિદ્યાર્થી તેમાં રસ ધરાવતા નથી. તેથી કાર્ડબોર્ડ માંથી બનાવેલ નમૂનાનો ઉપયોગ કરી ને વિદ્યાર્થીઓ ને ગણિત જેવા અઘરા વિષયમાં રસ પડે તેમજ ગણિત રમત સાથે સરળતાથી સમજી શકે.

❖ ઈનોવેશનનું સમગ્ર વર્ણન(નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન) :-

અમારી શાળાના બાળકો તથા અન્ય બાળકો જે ધોરણ ૯ /૧૦ માં અભ્યાસ કરે છે એમને ગણિત વિષયમાં રુચિ વધુ લાગતી નથી (અઘરો વિષય) તથા અમુક પ્રકરણમાં જ રસ લાગતો....તો મને વિચાર આવ્યો કે દરેક બાળકો ગણિતમાં વધુને વધુ રસ

લેતા થાય તથા ગણિત વિષયને  રોજિંદા જીવનમાં ડગલે ને પગલે ઉપયોગી થઈ શકે. એ માટે મેં દરેક બાળકોને બહુપદીઓના ભાગાકાર, અવયવીકરણ, ગુણાકાર, લ.સા.અ. અને ગુ.સા.અ. તેમજ સમપ્રમાણતાનો મુળભુત પ્રમેય વ્યવસ્થિત સમજી શકે એવા કાર્ડબોર્ડમાંથી બનાવેલા નમુના વિદ્યાર્થીઓ સાથે મળીને બનાવ્યા. એ કાર્ડબોર્ડના નમૂનાઓ સાથે સરળ રીત તેમજ તેમાં ગણતરીમાં ચોકલેટનો ઉપયોગ કરીને વિદ્યાર્થી માટે ગણિત રસપ્રદ બનાવ્યું.

નવતર પ્રયોગની મૂલ્યાંકન પ્રક્રિયાનું વર્ણન:-

- બાળકો કાર્ડબોર્ડ બનાવી અન્ય વિદ્યાર્થીઓને સમજાવતા થયા.

- બાળકોને ગણિત વિષય પ્રત્યે ખુબ જ રસ લાગવા લાગ્યો.

- વિદ્યાર્થીઓ પોતાની દરેક પળે ગાણિતિક ખ્યાલો સમજતા થયા.
- વિદ્યાર્થીઓ મારી સાથે (શિક્ષક સાથે)  નવા નવા ગણિતના કોન્સેપ્ટની વાતો કરતા થયા.

❖ નવતર પ્રયોગનું પરિણામ:-

- હવે બાળકો ગણિત વિષયના તાસની આતુરતાથી રાહ જોતા થયા.
- બાળકોના ગણિત વિષયના પરિણામ પર ખુબ સારી અસર જોવા મળી.


❖ ઉપયોગીતાઃ

- ધોરણ -૯ અને ૧૦ ના વિદ્યાર્થીઓને અવયવો, બહુપદીના ભાગાકાર, ભાગાકાર ,ગુણાકાર, લ.સા.અ. અને ગુ.સા.અ. તથા સમપ્રમાણતાનો મુળભુત પ્રમેય સરળતાથી કાર્ડબોર્ડની રમત સાથે સમજાવી શકાય અને ગણિત જેવા વિષયમાં રસ ઉત્પન કરી શકાય.

❖ નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :-

-હાલ આ પ્રકારના કાર્ડબોર્ડ અમારી શાળામાં નિયમિત વિદ્યાર્થીઓ અને શિક્ષક દ્વારા બનાવવામાં આવે છે અને તેનો ઉપયોગ કરવામા આવે છે.

ફોટોગ્રાફ કે વિડીયો લિંક માટેનો કયુઆર કોડ / નવતર પ્રયોગની પ્રક્રિયાનો વિડીયો



Video Link

# શ્રી રામબા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-પોરબંદર

## 9th એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ - 2023-24



- **ઈનોવેટરનું નામ** :-સોલંકી શક્તિ જે. **હોદ્દો**: આ.શિ..
- **શાળા/સંસ્થાનું નામ** :-શ્રી ધરસણ પ્રા. શાળા
- **ક્લસ્ટર**:-શ્રી કવલકા પે.સે.શાળા **મોબાઈલ નંબર**:-7990706506
- **ઈમેલ આઈડી**:-shaktisolanki4@gmail.com
- **વિભાગ** : પ્રાથમિક
- **નવતર પ્રયોગની કેટેગરી** : વિશેષ કાર્યક્રમો:- (ડ્રોપ આઉટ, સ્થાયીકરણ, નિયમિતતા,
  - સ્ત્રી સશક્તિકરણ, સાક્ષરતા, અક્ષર સુધારણા, કન્યા
  - કેળવણી, સ્વચ્છતા)
- **નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત** :- સામૂહિક
- **નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે**:- જુલાઇ માસથી
- **નવતર પ્રયોગની પૂર્ણ થવાનો સમયગાળો**: વર્ષ: ............માસ: 03
- **નવતર પ્રયોગનું શીર્ષક** :- કેલિગ્રાફી દ્વારા અક્ષર સુધારણા
- **સમસ્યા ઉદ્દ્ભવના કારણો**:- વિદ્યાર્થીઓમાં જોવા મળતા અક્ષરોના દેખાવ, સુયોગ્ય, સુડોળ


  અને વાંચવા લાયક કરવા માટે તેમણે પ્રેરણા આપવા તેમજ અંગ્રેજી વિષય પ્રત્યેનો અણગમો અને ડર દૂર કરવા

- **હેતુઓ** :- વિદ્યાર્થીઓમાં અક્ષરો પ્રત્યેનું મહત્વ સમજાવવું અને તેમણે અક્ષરોથી પોતાની તેમજ તેમના અક્ષરોની મહત્વતા સમજાવવી
- **ઈનોવેશનનું સમગ્ર વર્ણન(નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન)** :-

આ નવતર પ્રયોગા કરવા માટે સૌપ્રથમા બાળકોના અક્ષરો એટલી હદે બેડોળ અને ખરાબ થતાં હતા અને તેમાં પણ અમુક બાળકો જેમના અક્ષરો ખરેખર ગુજરાતી

ભાષામાં સરસ થતાં પરંતુ જેવા અંગ્રેજી વિષયનું લખાણ આવે એટ્લે ખૂબજ ખરાબ અને બેડોળ થઇ જતાં. ખાસ તો તેમણે અંગ્રેજી વિષય પ્રત્યે પોતાનો આત્મવિશ્વાસ કેળવતો ના હતો. અને યોગ્ય માર્ગદર્શનનો પણ અભાવ હતો પરંતુ જ્યારે તેમને  કહેવામા આવ્યું કે મારે તમારા અંગ્રેજી વિષયા ના અક્ષરો અન્ય તમામ વિષય કરતાં સારા કરાવવા છે અને તે પણ અન્ય તમામ વિષય કરતાં સારા તો બાળકોમાં એક અલગ જ તાલાવેલી જાગેલી જોવા મળી. **નવતર પ્રયોગની મૂલ્યાંકન પ્રક્રિયાનું વર્ણન**:-તમામ બાળકોને કહેવામા આવ્યું કે રોજ એક ફકરો લખવો પરંતુ બાળકો રોજ એક કરતાં વધુ ફકરો લખીને આવતા અને માત્ર અંગ્રેજી જ નહીં પરંતુ તમામ વિષયોના અક્ષરો સુડોળ અને વ્યવસ્થીત થવા લાગ્યા.

- **નવતર પ્રયોગનું પરિણામ**:- શરૂઆતમાં બાળકોને માત્ર ૮ માં ધોરણમાં આ પ્રયોગ કેટલો સફળ રહેશે તે જોવા માટે કરવામાં આવ્યો જે ધોરણમાં માત્ર ૭ બાળકો હતા તેમાથી ૮ બાળકો અત્યારે કેલિગ્રાફી દ્વારા ખુબજ સુંદર અક્ષરો કરવા લાગ્યા છે હવે આ પ્રયોગ ધીમે ધીમે નીચેના બધા ધોરણમાં શરૂ કરવામાં આવ્યો છે જેમાં પણ આવીજ સફળતા મળશે એવી ધારણા રાખવામા આવે છે.
- **ઉપયોગીતાઃ** આ પ્રયોગ દ્વારા બાળકોના અક્ષરો સુધારીને તેમને પણ અક્ષરોનું મહત્વ સમજાવી શકાય છે તેમજ ખાસ કરીને જે બાળકો અભ્યાસમાં ખુબજ નબળા છે તેમને પણ પ્રોત્સાહીત કરીને ભણવામાં કાર્યરત  કરી શકાય છે.
- **નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ** :-હાલમાં આ પ્રયોગ નીચલા ધોરણોમાં શરૂ છે અને અપેક્ષિત પરિણામ મેળવી શકાય છે.
- **ફોટોગ્રાફ કે વિડીયો લિંક માટેનો કયુઆર કોડ / નવતર પ્રયોગની પ્રક્રિયાનો વિડીયો**







# શ્રી રામબા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-પોરબંદર

## 9th એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ - 2023-24



- **ઈનોવેટરનું નામ :-** જીલકુમાર વિજયભાઈ કાલરીયા **હોદ્દો:-** આ.શિ..
- **શાળા/સંસ્થાનું નામ :-** શ્રી પે સે કુમાર શાળા ખાગેશ્રી **તાલુકો :** કુતિયાણા
- **ક્લસ્ટર/ક્યુડીસી:-**દેવડા **મોબાઈલ નંબર:-** ૭૭૭૭૯૯૫૦૧૨
- **ઈમેલ આઈડી:**-jeelkalaria09@gmail.com
- **વિભાગ :** પ્રાથમિક
- **નવતર પ્રયોગની કેટેગરી:** વિષયવસ્તુ પેડાગોજી આધારિત,સહઅભ્યાસિક પ્રવૃતિઓ દ્વારા સર્વાંગી વિકાસ
- **નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :-** સામુહિક અને વ્યક્તિગત
- **નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે:-**ઓગષ્ટ ૨૦૨૨
- **નવતર પ્રયોગની પૂર્ણ થવાનો સમયગાળો: વર્ષ:** .૧ વર્ષ .માસ: ૧
- **નવતર પ્રયોગનું શીર્ષક :-**રમત અને વસ્તુ દ્વારા ગાણિતિક કૌશલ્યોનો વિકાસ
- **સમસ્યા ઉદ્ભવના કારણો:-** પાયાનુંજ્ઞાન નબળું,વિષય પ્રત્યેની સમજ ન હોવાથી રસ, રુચી, જીજ્ઞાસાના અભાવ થી યોગ્ય પરિરૂપ ઉદાહરણ ન મળવાથી
- **હેતુઓ :-** મુખ્ય ઉદ્દેશ બાળક સમાજ માં ક્યારેય કોઈ અન્ય વ્યકિતથી છેતરાવવો ન જોઇયે વિચાર શક્તિમા વધારો થવો અને વિષય ની જાગૃતતામાં વધારો કરવો
- **નવતર પ્રયોગની મૂલ્યાંકન પ્રકિયાનું વર્ણન:-**

આ બાબતમાં મૂલ્યો દ્રઢ કરવા માટે મે મારી શાળામાં ધો 6 થી 8માં અભ્યાસ કરતાં વિધ્યાર્થીઓને સૌ પ્રથમ પાયાની જરૂરિયાત એવા મુદ્દાઓ સમજવા અવનવી રમતોનો ઉપયોગ કરી પ્રવૃતિથી અભ્યાસ ની શરૂઆત કરાવી

- **નવતર પ્રયોગનું પરિણામ:-**

નોંધ : નવતર પ્રયોગ કર્યા પૂર્વેની સ્થિતિ અને પછી મળેલ પરિણામ (આંકડાકીય વિગત દર્શાવી )

| પૂર્વની સ્થિતિ | પછીની સ્થિતિ |
|---|---|
| 6 થી 8 માં વિધાર્થીઓની સંખ્યા 66<br>15 વિધાર્થીઓ સરવાળા બાદબાકી સાદી કરી શકતા ન હતા.<br>31 વિધાર્થીઓ કરી શકતા હતા.<br>ધન અને ઋણ મૂલ્યના સરવાળા બાદબાકી એક વિધાર્થીઓ પણ કરી શકતા ન હતા. | 6 થી 8 માં વિધાર્થીઓની સંખ્યા 66<br>45 વિધાર્થીઓ કોઈ પણ સંખ્યાના ધન અથવા ઋણ મૂલ્યના સરવાળા સરળતાથી કરી શકે છે.<br>6 વિધાર્થીઓ મુસકેલી અનુભવે છે.<br>10 વિધાર્થીઓ આપમેળે પ્રશ્ન પણ બનાવતા થઈ ગયા છે. |

❖ **ઉપયોગીતાઃ**

નવતર પ્રયોગ ધો 5 થી લઈને મુખ્યત્વે 8 સુધી લાગુ પાડી શકાશે. ગામડાઓનાં વિધાર્થી માટે વધુ ફાયદાકારક લાગુ પડી શકે છે.

❖ **નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :-**

→ વર્તમાન સ્થિતિથી વિધાર્થીઓ હવે ગણિત વિષયનાં ક્લાસ માટે ઉત્સુકતાથી રાહ જોઈ રહિયા હોય છે.

→ બાળકો પોતાની જાતે ગણિત પ્રત્યે કાર્ય કરતાં જોવા મળે છે

→ શાળામાં વિધાર્થીની હાજરીમાં પણ વધારો થતો જોવા મળે છે.

→ આ પ્રવૃતિઓથી બાળક હવે સ્વનિર્ભર રીતે બજારમાં હિસાબ કરતો જોવા મળે છે.

→ સ્પર્ધાત્મક અને સ્કોરશીપ પરીક્ષામાં પરિણામમાં વધારો થઈ રહિયો છે.

ફોટોગ્રાફ કે વિડીયો લિંક માટેનો કયુઆર કોડ /નવતર પ્રયોગની પ્રક્રિયાનો વિડીય





# શ્રી રામબા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-પોરબંદર

## 9th એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ - 2023-24




- ઈનોવેટરનું નામ :-થાનકી ભરત જી .   હોદ્દો:-...મ.શિ..
- શાળા/સંસ્થાનું નામ :-શ્રી બાલા હનુમાન ઉ.મા.શાળા ઉ.થેપડા
- ક્લસ્ટર/ક્યુડીસી:-પે.સેન્ટર –૧  મોબાઈલ નંબર:- ૯૯૦૯૦૬૨808
- ઈમેલ આઈડી:- thankibharatg@gmail.com

- વિભાગ : ઉ. માધ્યમિક
- **નવતર પ્રયોગની કેટેગરી: શૈક્ષણિક મૂલ્યાંકન**
- **નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :-  વ્યક્તિગત**
- **નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે:-** જુન 2023
- **નવતર પ્રયોગની પૂર્ણ થવાનો સમયગાળો:** વર્ષ: .1 .માસ: 0 .
- **નવતર પ્રયોગનું  શીર્ષક** :- સુપર સિક્સટીન
- **સમસ્યા ઉદ્ભવના કારણો:-**

**વિદ્યાર્થીઓનું MCQs નું પરિણામ ઓછુ આવતું હોય ....**

- **હેતુઓ :- S.S.C. બોર્ડની તાજેતરની પરિક્ષાની પેપર સ્ટાઇલમાં વિભાગ – A મા**

**દરેક વિષયમાં 16  ટૂંકા પ્રશ્નો પુછાય છે.**

- **ઈનોવેશનનું સમગ્ર વર્ણન(નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન) :-**

S.S.C. બોર્ડની તાજેતરની પરિક્ષાની પેપર સ્ટાઇલમાં વિભાગ – A મા દરેક વિષયમાં 16  ટૂંકા પ્રશ્નો પુછાય છે.આ પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીઓને બે અલગ અલગ ટીમમાં વિભાજીત કરીને તેમની વચ્ચે સ્પર્ધા યોજી શકાય છે.ઉપકરણને ગોળ ચક્ર ફેરવતા ઈન્ડીકેટર ના નિર્દેશ પ્રમાણેના પ્રશ્નો સામ –સામે ની ટીમને પૂછી તેમના ગુણની નોંધ કરવામાં આવે છે.આમ અગિયાર પ્રશ્નો બન્ને ટીમોને વારાફરતી પૂછવામાં આવે છે. દરેક પ્રશ્ન માટે **90 સેકન્ડનો** સમય આપવામાં આવે છે. અંતે પરિણામ આપવામાં આવે છે. આમ ક્રિકેટ ટીમની

જેમ વિદ્યાર્થી ટીમ વર્કથી કામ કરે છે. સાથો સાથ ટૂંકા પ્રશ્નોની તૈયારી પણ થતી જાય છે. વર્ષને અંતે ૪૦૦ થી વધુ પ્રશ્નો તૈયાર થઇ શકે છે.

❖ **નવતર પ્રયોગની મૂલ્યાંકન પ્રકિયાનું વર્ણન:-**

શાળામા આ પ્રવૃત્તિ અનુસાર અઠવાડિયામા બે વખત તાસ લેવામા આવે છે.જેમા વિદ્યાર્થીઓ એ મેળવેલા ગુણની નોંધ મૂલ્યાંકન શિટમા નોંધમાં આવે છે.

❖ **નવતર પ્રયોગનું પરિણામ:-**

નોંધ : નવતર પ્રયોગ કર્યા પૂર્વેની સ્થિતિ અને પછી મળેલ પરિણામ (આંકડાકીય વિગત દર્શાવી )વિદ્યાર્થીઓ એ મેળવેલા ગુણની નોંધ મૂલ્યાંકન શિટમા નોંધમાં આવે છે. મૂલ્યાંકન શિટ આ સાથે સામેલ કરેલ છે.

❖ **ઉપયોગીતાઃ**

નોંધ : નવતર પ્રયોગ કોને લાગુ પાડી શકાશે ? તે અંગેની વિગત પૂરી પાડવી.( કોઈ ચોક્કસ ધોરણના વિદ્યાર્થી, શાળા, ક્લસ્ટર, તાલુકો, જિલ્લો, રાજ્ય.

ધોરણ – 6 થી 12 ના કોઈ પણ ધોરણને લાગુ પડી શકે છે.અને સારું પરિણામ મળી શકે છે.

❖ **નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :-**

**રમત – ગમત સાથે વિદ્યાર્થીઓ રસ પૂર્વક પ્રવૃત્તિ મા ભાગ લે છે.અને પરિણામ સારું મળેલ છે. હાલ પણ મારી શાળામાં ધોરણ – 10 મા વિષય – વિજ્ઞાનમાં આ પ્રવૃત્તિ ચાલુ છે.**

# શ્રી રામબા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-પોરબંદર

## 9th એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ - 2023-24



- ❖ **ઈનોવેટરનું નામ** :-રાઠોડ દીપાબેન હરજીભાઇ **હોદ્દો**:-આ.શી.
- ❖ **શાળા/સંસ્થાનું નામ**:- શ્રી ભારવાડા પ્રા શાળા
- ❖ **ક્લસ્ટર/ક્યુડીસી**:- શ્રી બગવદર પે.સે. શાળા **મોબાઈલ નંબર**:-8849166200
- ❖ **ઈમેલ આઈડી**: dhr27484@gmail.com
- ❖ **વિભાગ** : પ્રાથમિક
- ❖ **નવતર પ્રયોગની કેટેગરી: સાંપ્રત વિષયો:-(FLN, NEP, NIPUN BHARAT MISSION.......)**
- ❖ **નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત** :-વ્યક્તિગત
- ❖ **નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે**:-જૂન 2022
- ❖ **નવતર પ્રયોગની પૂર્ણ થવાનો સમયગાળો**:હાલ માં કાર્યરત છે ......
- ❖ **નવતર પ્રયોગનું શીર્ષક** :-મિશન FLN પાયાનું શિક્ષણ

❖ **સમસ્યા ઉદ્દ્ભવના કારણો**:-હાલ શિક્ષણ સુધારણા માટે સરકાર શ્રી દ્વારા નિપુણ ભારત કાર્યક્રમ અમલમાં મુકવામાં આવ્યો છે જેમાં FLN પર ખાસ પ્રયત્નો કરવામાં આવ્યા છે તો બાળક નું પાયાનું શિક્ષણ FLN અતિવ્યાપક છે. બાળક ના પાયાના શિક્ષણ માં કચાશ અને નીરસતા જોવા મળી. બાળકો વાંચન લેખન તેમજ ગણન અસરકારક રીતે અને રમત આધારિત શીખે તો તેનો પાયો મજબૂત થાય.

❖ **હેતુઓ :- બાળક નો પાયો મજબૂત થાય તેમજ ભાર વિનાનું ભણતર થાય. પાયાનું શિક્ષણ લાંબા સમય સુધી યાદ રહી જાય.**

❖ **ઈનોવેશનનું સમગ્ર વર્ણન(નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન)** :-

આ નવતર પ્રયોગ ની શરૂઆત માં બાળકો બાળગીત તેમજ રમતો દ્વારા શરૂઆત કરી. તેમાં બાળકો ને જુદી જુદી રમતો જેવી કે મૂળાક્ષર ની રમત,અંકરમતશબ્દોબનાવવાતેમજ સરવાળા બાદબાકી ના દાખલા રમત તેમજ મૂર્તવસ્તુ દ્વારા તેમજ સામુહિક ઘડિયા ગાન જુદા જુદા TLM દ્વારા બાળકો ને પાયાનું શિક્ષણ આપ્યું.જેનાદ્વારા બાળકો પાયાનું શિક્ષણ શીખી શકે અને લાંબા સમય સુધીયાદપણરાખીશકે. આ ઇનોવેશન સાથે બેઝલાઈન અસેસમેન્ટ સર્વેક્ષણ પણ કરવામાં આવ્યુંછે.જેના કારણે બાળકો માં પ્રગતિ પણ માપી

શકાય છે. ધોરણ 2ના એકમમુજબ TLM અને રમકડાં તૈયાર કર્યા છે. જેથી બાળકો અધ્યયન નિષ્પતિ ખુબ સારી રીતે સિદ્ધ કરી શકે.

❖ **નવતર પ્રયોગની મૂલ્યાંકન પ્રક્રિયાનું વર્ણન:-**

દર મહિને જે મૂલ્યાંકન કરવાનું થાય તેમાં બાળકોના વાંચન લેખન અને ગણન થોડા જ઼ ટાઈમ માં ચમત્કારીક રીતે પ્રગતિ જોવા મળી. જે બાળકો ના વાચન લેખન અને ગણન માં તકલીફ હતી એવા બાળકો ના પરિણામ માં આશરે 60%થી 70% નો સુધારો થયો. પ્રિયબાળકો ને પણ શીખવામાં રસ અને રુચિ પડવા લાગી તો ખુબ સારૂ એવુ પરિણામ મળ્યું

❖ **નવતર પ્રયોગનું પરિણામ:-**

- નવતર પ્રયોગ કર્યા પહેલાની આકડકીય માહિતી
- શાળાનું નામ :- શ્રી ભારવાડા પ્રા. શાળા
- નવતર પ્રયોગ વિષય :- ભાષા ગણિત
- શિર્ષક :- મિશન FLN પાયાનું શિક્ષણ

| ધોરણ | વિદ્યાર્થીની સખ્યા | | | મિશન FLN પાયાનું શિક્ષણ | | |
|---|---|---|---|---|---|---|
| | કુમાર | કન્યા | કુલ | વાચન | લેખન | ગણન |
| 1. | 8 | 7 | 15 | 15% | 15% | 20% |
| 2. | 10 | 5 | 15 | 20% | 15% | 20% |
| કુલ | 18 | 12 | 30 | | | |

- નવતર પ્રયોગ કર્યા પછીની આકડકીય માહિતી
- શાળાનું નામ :- શ્રી ભારવાડા પ્રા. શાળા
- નવતર પ્રયોગ વિષય :- ભાષા ગણિત
- શિર્ષક :- મિશન FLN પાયાનું શિક્ષણ

| ધોરણ | વિદ્યાર્થીની સખ્યા | | | મિશન FLN પાયાનું શિક્ષણ | | |
|---|---|---|---|---|---|---|
| | કુમાર | કન્યા | કુલ | વાચન | લેખન | ગણન |
| 1. | 8 | 7 | 15 | 65% | 75% | 70% |
| 2. | 10 | 5 | 15 | 62% | 80% | 72% |
| કુલ | 18 | 12 | 30 | | | |

❖ **ઉપયોગીતા: મારું આ ઇનોવેશન અન્ય સ્કૂલ તેમજ ધોરણ 3થી 8 ના જે પ્રિય બાળકો છે તેને પણ ઉપયોગી છે. હજુ પણ આ ઇનોવેશન કાર્યરત છે.**

❖ **નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :-**

➢ નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ હાલ આ ઇનોવેશન મારી શાળા માં કાર્યરત છે બાળકો ને પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ માં ખુબ મજા આવે છે જેને કારણે ગેરહાજરી નુ પ્રમાણ પણ ઘટ્યું છે અને ખુબ સારી સફળતા મળી છે.

❖ **ફોટોગ્રાફ કે વિડીયો લિંક માટેનો કયુઆર કોડ / નવતર પ્રયોગની પ્રક્રિયાનો વિડીયો**



# શ્રી રામબા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-પોરબંદર

## 9th એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ - 2023-24



- ઈનોવેટરનું નામ :- શ્રી જે. કે મહેતા હોદ્દો :- મદદનિસ શિક્ષક
- શાળા/સંસ્થાનું નામ :- શ્રી સ્વામીનારાયણ  હાઇસ્કૂલ છાયા.
- ક્લસ્ટર/ક્યુડીસી:- શ્રી સ્વામીનારાયણ હાઇસ્કૂલ
- ઈમેલ આઈડી:- jivrammehta@gmail.com મો.નં.:૯૯૯૮૩૧૫૦૫૬
- વિભાગ : માધ્યમિક
- **નવતર પ્રયોગની કેટેગરી:** સહ અભ્યાસિક પ્રવૃતિઓ દ્વારા સર્વાંગી  વિકાસ
- **નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત** :- સામૂહિક કરેલ છે.
- **નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે**:- ૨૦૧૦-૧૧
- **નવતર પ્રયોગની પૂર્ણ થવાનો સમયગાળો:** વર્ષ: ૨૦૨૩ માસ: અત્યરે ચાલુ છે
- **નવતર પ્રયોગનું  શીર્ષક** :- સહ અભ્યાસિક પ્રવુતિ થકી સર્વાંગી શિક્ષણ
- સમસ્યા ઉદ્દ્ભવના કારણો:-

**વર્ગ ખંડમાં બાળકોમાં એકાગ્રતા ઓછી જોવા મળે છે. પ્રારંભિક તબક્કે બાળ** શિક્ષણ અને બાળકોના ઘડતર માં જરૂરી કરવું પડે શૈક્ષણિક પરિણામો પ્રાપ્ત કરવા માટે પોતાની કુશળતાના વિકાસ માટે બાળકો ના  ઘડતર માં જરૂરી શૈક્ષણિક પરિણામો પ્રાપ્ત કરવા માટે નકરાત્મક ગુણોના જોવા મળે છે.

**હેતુઓ :-**

**શાળા દરમ્યાન વિધ્યાર્થીઓ પાસે તેમની સર્જાનાત્મકતાની  અભિવ્યક્તિ અને તેનું સંશોધન તેમજ પોતાનું સ્થાન નિશ્ચિત કરવાની અસંખ્ય તકો છે. રમત ગમત દ્વારા આપણા વિધ્યાર્થીઓ ટીમના કારણે સાથીદારો સાથે જોડવાની બીજી તક પ્રાપ્ત થાય છે. બાળકો વિકસિત બનાવે છે.**

❖ **<u>ઈનોવેશનનું સમગ્ર વર્ણન(નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન) :-</u>**

આ નવતર પ્રયોગની શરૂઆત મે વર્ષ ૨૦૧૦ માં કરી હતી. જેમાં વર્ગમાં વિધ્યાર્થીઓને સહ- અભ્યાસિક પ્રવુતિઓમાં સામેલ થવા માટે વાત કરી તો તેમાંથી કોઈને તેના વિષે રસ દાખવ્યો નહીં. ત્યારબાદ તે વર્ગના અમુક વિધ્યાર્થીઓને પરેડ,ડંબેલ્સના દાવ અને યોગ્ય જેવી પ્રવતીઓ કરવા માટે પ્રોતશાહીત કર્યા. આ પ્રવુતિ કર્યા બાદ તેને જોઈને અન્ય વિધ્યાર્થીઓ પણ તેમાં  રસ દાખવવા લાગ્યા. તેના કરતાં તેઓમાં ટીમ સ્પિરિટનો જન્મ થતો જોવા મળ્યો. એમ કરતાં કરતાં સહ-અભ્યાસિકની સાથે – સાથે  અભ્યાસમાં પણ તેઓ એક સાથે જોડાઈને કામ કરવા લાગ્યા.

❖ <u>નવતર પ્રયોગની મૂલ્યાંકન પ્રક્રિયાનું વર્ણન:-</u>

સહ અભ્યાસિક પ્રવુતિઓ એટલે સુયોગ્ય  સંબધ ધરાવે તેવી પ્રવુતિઓ કે કાર્યક્રમ અભ્યાસહક્રમ સુદ્રઢ  બનાવે તેવી પ્રવુતિ , બૌદ્ધિક વિકાસ થાય, નેતાગીરીની તાલીમ મળે , અભિવ્યતિત્વ ની ખિલવણી  થાય. વિધ્યાર્થીનો  સર્વાંગી વિકાસ સાધવો શિક્ષણના ઉદેશો પૂર્ણ કરવા પોતાની જવાબદારી પ્રત્યે સભાનતા  કેળવવી સૌંદર્ય દ્રષ્ટિ, આત્મનિર્ભરતા ખીલવવી, રસચનાત્મક અને સર્જનાત્મક શક્તિનો વિકાસ થાય. N.C.C. સ્કાઉટ  આંતર રાષ્ટ્રીય યુવક પ્રવુતિ એટલે સ્કાઉનટિંગ બેડન પોવેલ ૧૮૯૯ માં શરૂઆત કરી.

❖ **<u>નવતર પ્રયોગનું પરિણામ:-</u>**

➢ નવતર પ્રયોગ પૂર્વ વિધ્યાર્થીઓ સહ- અભ્યાસસિક પ્રવુતિઓમાં નિરસતા દાખવતાં હતા

➢ નવતર પ્રયોગ બાદ તમામ પ્રવુતિઓ બાબતે તેમની રસ- રુચિમાં વધારો થતો જોવા મળ્યો હતો.

❖ **<u>ઉપયોગીતા:</u>**

આ નવતર પ્રયોગ માધ્યમિક શાળાના વિધ્યાર્થીઓને લાગુ પાડી શકાય છે.

❖ **<u>નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :-</u>**

➢ હાલમાં આ નવતર પ્રયોગ ચાલુ સ્થિતિમાં છે.

**ફોટોગ્રાફ કે વિડીયો લિંક માટેનો કયુઆર કોડ / નવતર પ્રયોગની પ્રક્રિયાનો વિડીયો**

# શ્રી રામબા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-પોરબંદર

## 9th એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ - 2023-24



- **<u>નવતર પ્રયોગનુ શિર્ષક:- misson blackboard</u>**
- **<u>ઇનોવેટર શિક્ષકશ્રીનુ નામ:-</u>** ચૌહાણ ચંદ્રિકા ભુપતભાઈ હોદ્દો :- આચાર્ય
- **<u>શાળાનુ નામ:</u>**- શ્રી ચીકાસા પ્રાથમિક શાળા
- **વિભાગ:**- પ્રાથમિક **<u>તાલુકો:-પોરબંદર</u>**
- **<u>મોબાઇલ નંબર:-</u>** 9825821503 ઈમેઈલ આઈડી: - chauhantina7609@gmail.com
- **<u>નવતર પ્રયોગની કેટેગરી:-</u>** સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ
- **<u>નવતર પ્રયોગ સામુહીક છે કે વ્યકિતગત:-</u>** વ્યક્તિગત
- **<u>નવતર પ્રયોગની શરૂઆત કયારે કરવામા આવેલ:-</u>** June 2023.
- **<u>નવતર પ્રયોગની કાર્યપધ્ધતિનુ</u>** <u>વર્ણન:- સત્ર ની શરુઆત થાય જ મેં આ નવતર પ્રયોગ હાથ ધર્યો. મે કાળા પાટિયા પર રોજબરોજ તારીખ,વાર, તિથિ, વિશેષ દિન, GK પ્રશ્ન, ચાર ભાષા માં શબ્દ, સુવિચાર, આરોગ્ય ની ચાવી વગેરે લખવાં નુ શરૂ કર્યું. આ ઉપરાંત કોઇ કાર્યક્રમ હોય જેવાં કે શાળા પ્રવેશોત્સવ, મેરી મિટ્ટી મેરા દેશ કાર્યક્રમ, બાળમેળો, વગેરે માં બ્લેક બોર્ડનુ સુશોભન કરવાનુ શરૂ કર્યું. એથી બેનર બનાવવાનું કામ ઓછું થયુ. આ જોઈને મારા વિધાર્થીઓ એ પણ નોટબુક માં લખવા માંડ્યું અને તેના કારણે તેઓ પોતાના સ્વતંત્ર વિચાર પ્રગટ કરવા લાગ્યા અને નવા નવા idea સાથે પોતે જાતે બ્લેક બોર્ડનુ સુશોભન કરવા માંડ્યા. જેથી તેઓની સર્જનાત્મકતા, સુશોભન શક્તિ માં વધારો થયો અને ગુજરાતી તિથિ યાદ રાખવા માંડ્યા.</u>

- **<u>નવતર પ્રયોગ નાં હેતુઓ</u>** :- આ નવતર પ્રયોગ થી વિધાર્થીઓ માં સુશોભન શક્તિ. સર્જનાત્મકતા, જિજ્ઞાસા વૃત્તિ માં વધારો થાયછે. વિધાર્થીઓ ને વિક્રમ સવંત મુજબ વદ અને સુદ નો ખ્યાલ આવે છે. તેઓના શબ્દ ભંડોળ માં પણ વધારો થાય છે. તેમજ વિવિધ માહિતીઓ નો સંગ્રહ કરતાં શીખે છે.

- **<u>નવતર પ્રયોગનુ મુલ્યાંકન:</u>**-,

આ પ્રયોગ કરવાથી બાળકો માં વર્ગ સુશોભન શક્તિ. સર્જનાત્મકતા, નવું જાણવાની ઈચ્છા માં વધારો થયો અને તેઓનાં શબ્દ ભંડોળ માં પણ વધારો થયો. બાળકો તિથી યાદ રાખવા માંડ્યા તેમજ પ્રાર્થના સભામાં નવા સુવિચારો. દિન વિશેષ. આરોગ્ય ની માહિતી.આપવા લાગ્યા

- **નવતર પ્રયોગનુ પરિણામઃ-**

મારા આ પ્રયોગ થી બાળકોપુસ્તકાલય નો સારી રીતે ઉપયોગ કરવા લાગ્યા. અક્ષર માં પણ સુધારો જોવા મળ્યો. પ્રાર્થના ની પોતાની અલગ અલગ બુક બનાવી. જેમાં સુવિચારો. પ્રશ્નોતરી. આરોગ્ય ની ચાવીઓ. દિન વિશેષ ની માહિતી નો સંગ્રહ તેમજ ચાર ભાષા માં શબ્દો નો સંગ્રહ જોવા મળ્યો જેથી બાળકો માં સહભ્યાસિક પ્રવુતિ થી વિકાસ જોવા મળ્યો..

- **નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિઃ-**.. હાલ ની સ્થિતિ માં પણ મને કયાંયથી જો નવી પ્રવુતિ કે વિચાર આવે તો હું વર્ગખંડ માં અમલમાં મૂકું છું અને બાળકો ને પણ ખૂબ જ મજા આવે છે.

- **નવતર પ્રયોગના ફોટા/વિડીયો QR કોડ દ્વારાઃ-**

# શ્રી રામબા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-પોરબંદર

## 9th એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ - 2023-24



- **ઈનોવેટર નામ:-** ગાયત્રી પાંચાભાઈ ડાભી **હોદો:-** આ.શિ.
- **શાળા/સંસ્થાનુંનામ:-** મૂળમાધવપુર પે.સેન્ટર પ્રા.શાળા
- **ક્લસ્ટર/સીઆરસી:-** માધવપુર **મોબાઈલ નબર:-** 7990098797
- **ઈમેલઆઈડી :** gayatrydabhy147@gmail.com
- **વિભાગ :** પ્રાથમિક
- **નવતર પ્રયોગની કેટેગરી :**
- **નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત:-** વ્યક્તિગત
- **નવતર પ્રયોગની શરુઆત ક્યારથી કરવામાં આવેલ છે:-** 07/08/2023
- **નવતર પ્રયોગ પૂર્ણ થયાનો સમયગાળો :** વર્ષ.2023...માસઃ..ઓગષ્ટ.......
- **નવતર પ્રયોગનું શીર્ષક:-** કાર્ટૂન
- **સમસ્યા ઉદભવના કારણો:-**

(1) મારી પાસે રહેલા નકામા - કામના કચરાનો યોગ્ય નિકાલ અર્થે આ નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો.

(2) કાર્ટૂન કેરેક્ટરને જુદા જ અંદાજમાં રજૂઆત કરવાની વિચારસરણી હતી.

**હેતુઓ**

(1) DIY બનાવવા.

(2) ઝીરો વેસ્ટ તરફ પ્રયાસ.

(3) સર્જનાત્મક શક્તિ ખીલવવી.

(4) બાળકોને હસતાં અને ખુશ રાખવા પ્રયાસ કરવો.

(5) વર્ગખંડ અને ઘરની સજાવટ

(6) વેસ્ટ વસ્તુઓનો યોગ્ય નિકાલ.

- **ઈનોવેશનું સમગ્ર વર્ણન (નવતર પ્રયોગની કાર્ય પધ્ધતિનું વર્ણન )**

આ પ્રયોગ મારી શાળાના, મારા વર્ગના ધોરણ ચારના બાળકો પર સૌ પ્રથમ શીખવવામાં આવ્યું ત્યારબાદ અન્ય વર્ગખંડના બાળકોને શીખવવામાં આવે છે. આ નવતર પ્રયોગ માટે ઘર અને વર્ગખંડમાંથી મળી આવતી નકામી વસ્તુઓ માંથી બનાવવામાં આવ્યો છે. નીચે જણાવેલા પરિણામો ધોરણ ચારના બાળકોને ધ્યાનમાં રાખીને પરિણામ આપેલું છે.મેં મારા ઘરમાં રેડીમેડ કાર્ટૂન, બોટલ અને પૂઠ્ઠા વડે ડેકોરેશન કરવામાં આવ્યું છે.

07/08/2023 ના રોજ બાળકોને પૂઠ્ઠામાંથી કાર્ટૂન બનાવતા શીખવાડ્યું.

08/08/2023 ના રોજ કાર્ટૂન ડ્રોઈંગ અને રંગપૂરણી શીખવાડ્યું.

09/08/2023 ના રોજ પ્લાસ્ટીકમાંથી કાર્ટૂન બનાવતા શીખવાડ્યું.

10/08/2023 ના ખોખામાંથી કાર્ટૂન નિર્દેશન અને બનાવતા શીખવાડ્યું.

17/08/2023 ના રોજ બોટલમાંથી કાર્ટૂન બનાવતા શીખવાડ્યું.

21/08/2023 ના રોજ કાપડના કટકામાંથી ડાગલા બનાવતા ચીપકાડતા શીખવાડ્યું

22/08/2023 ના રોજ ભરેલી નોટબુકના કાગળમાંથી ડાગલાઓ બનાવતા શીખવાડ્યું.

23/08/2023 ના રોજ છાપાઓમાંથી ડાગલાઓ બનાવતા શીખવાડ્યું.

24/08/2023 ના રોજ દોરા,સળીઓ વડે ડાગલાઓનું સ્વરુપ આપતા શીખવાડ્યું.

25/08/2023 ના રોજ માટીમાંથી ડાગલાઓ બનાવતા શીખવાડ્યું.

શાળા કક્ષાએ કાર્ટૂન નવતર પ્રયોગનું પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.

❖ **નવતર પ્રયોગની મૂલ્યાંકન પ્રક્રિયાનું વર્ણન:-**

(1) પૂઠ્ઠાઓ અને કપડાઓનાં કટકા બાળકોને આપવામાં આવ્યા હતા તેમાંથી તેઓ વિવિધ પ્રકારના કાર્ટૂનો બનાવ્યા.

(2) કાર્ટૂન ચિત્ર દોરીને રંગપૂરણી કરે છે.

(3) કાર્ટૂન મ્હોરા અને બોક્સ કાર્ટુનની મદદ વડે થતાં અભિનય અને વાર્તાઓ કહે છે.

(4) કાગળ,માટી,

# શ્રી રામબા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-પોરબંદર

## 9th એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ - 2023-24



- ઈનોવેટરનું નામ :-હેતલ ઉમિયા શંકર જોશી.   હોદ્દો:-આશિ..
- શાળા/સંસ્થાનું નામ :- શ્રી મિયાણી પ્રાથમિક શાળા
- ક્લસ્ટર/ક્યુડીસી:-ટુકડા મિયાણી          મોબાઈલ નંબર:-૯૪૨૮૪૩૯૮૩૯.
- ઈમેલ આઈડી:-huj2082@gmail.com
- **વિભાગ** : પ્રાથમિક
- **નવતર પ્રયોગની કેટેગરી**: વિષયવસ્તુ પેડાગોજી આધારિત
- નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :-વ્યક્તિગત
- નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે:-જુલાઈ 2023
- નવતર પ્રયોગની પૂર્ણ થવાનો સમયગાળોઃ વર્ષઃ ............માસઃ .....3
- નવતર પ્રયોગનું  શીર્ષક :-લર્ન વિથ ફન
- **સમસ્યા ઉદ્‌ભવના કારણો:-**

શ્રી મિયાણી પ્રાથમિક શાળાના ધોરણ છ ના વિદ્યાર્થીઓ ભાષા પ્રત્યે સજાગ ન હતા. ગુજરાતી લખતા હતા પણ અર્થગ્રહણ કરવામાં સક્ષમ ન હતા. માતૃભાષા એ ખૂબ જ મહત્વની ભાષા છે. માતૃભાષામાં જો કચાશ રહી જાય તો વિદ્યાર્થી બીજા વિષયમાં પણ નબળા રહે. માતૃભાષાનું જ્ઞાન ,શબ્દોની સમજ, ભાષા શુધ્ધિ અને અર્થગ્રહણ માટે પ્રથમ તો શબ્દભંડોળમાં કચાશ ન રહે તે ખૂબ જરૂરી હતું. વિદ્યાર્થીઓને સ્પષ્ટ      ઉચ્ચારણ અર્થગ્રહણની  ઘણી  સમસ્યા આવતી હતી.

- **હેતુઓ** :-

**આ ઇનોવેશન પાછળનું મુખ્ય હેતુ ધોરણ છ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માતૃભાષા નો શુદ્ધ ઉચ્ચારણ અને અર્થગ્રહણ કરી ગુજરાતી સ્પષ્ટ રીતે લખી શકે એ માટે અલગ અલગ રમતો દ્વારા તેને ભાષાનો    અભ્યાસ કરવાનો હતો.**

❖ **ઈનોવેશનનું સમગ્ર વર્ણન(નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન) :-**

આ ઇનોવેશન સૌપ્રથમ મેં કોરોના સમયમાં એમ કે ગાંધી અંગ્રેજી માધ્યમની શાળામાં શરૂ કરેલ. જ્યારે મિયાણી  પ્રાથમિક શાળામાં આવતા ત્યાંના વિદ્યાર્થીઓમાં પણ માતૃભાષાના અર્થગ્રહણ અને ઉચ્ચારણમાં ભૂલ જોઈ ફરી આ ઇનોવેશન હાથ ધર્યું. શરૂઆતમાં વિદ્યાર્થીઓ  પાઠના ફકરા નું વાંચન અને શ્રુતલેખન દ્વારા પ્રયત્ન કર્યા પણ બહુ સુધારો જોવા ન મળ્યો. વિદ્યાર્થીઓ નું રમતમાં ધ્યાન વધારે હોવાથી આવી રમતો દ્વારા ભાષાનું જ્ઞાન આપવાનો વિચાર કર્યો. ધોરણ છ ના વિદ્યાર્થીઓ વર્ગમાં  Bingo, English whisper, run to the board ,word square, tongue twister જેવી રમતો ગુજરાતીમાં રમાડવાનું શરૂ કર્યું. વિદ્યાર્થીઓને તેમાં રસ પડવા લાગ્યો જ્યારે વિદ્યાર્થીને રમતા રમતા શબ્દોના અર્થ સમજાવવામાં આવે ત્યારે લાંબા સમય સુધી પોતાની સ્મૃતિમાં સંઘરી શકે. આમ મારું આ ઈનોવેશન શરૂ થયું.

❖ **નવતર પ્રયોગની મૂલ્યાંકન પ્રક્રિયાનું વર્ણન:**

-ઉપરોક્ત ઇનોવેશનના મૂલ્યાંકન માટે દર 15 દિવસે જુદી જુદી ગેમ્સ વિષયના એકમના આધારે રમાડવામાં આવે છે જેના દ્વારા બાળકો રમતા રમતા માતૃભાષા નું  શિક્ષણ મેળવે છે.

❖ **નવતર પ્રયોગનું પરિણામ:-**

⇒ ઇનોવેશન ના પરિણામે ધોરણ છ માં કુલ 50 બાળકો છે તેમાંથી 30 થી 35 બાળકોના ઉચ્ચારણમાં સુધારો થયો.

⇒ વિદ્યાર્થીઓના શબ્દ ભંડોળમાં પણ વધારો જોવા મળ્યો

⇒ ધોરણ છ ના 75% બાળકોના વાંચનમાં સુધારો જોવા મળેલ.

⇒ Games ને કારણે બાળકો પાઠના અઘરા શબ્દોના અર્થને સમજતા થયા.

⇒ શાળામાં અને ખાસ તો વર્ગમાં ગેરહાજરીનું પ્રમાણ ઘટ્યું.

❖ **ઉપયોગીતા:**

ગુજરાત સરકાર માતૃભાષાના શિક્ષણ પર ભાર મૂકી રહી છે.  દરેક શાળામાં બધા જ બાળકો ગુજરાતી ભાષાનો શુદ્ધ ઉચ્ચારણ અને અર્થગ્રહણ ની જરૂરિયાત છે. આવી ગેમ્સ દ્વારા વિદ્યાર્થીઓને

શિક્ષણ આપી શકાય છે . ચીલા ચાલુ ઢબ મૂકી વિદ્યાર્થીઓને રમતા રમતા ભણાવવામાં આવે તો તેઓ સારામાં સારા ગુણ મેળવી શકે છે અને ભવિષ્યમાં પોતાની રજૂઆત સ્પષ્ટ પૂર્વક કરી શકે. માટે આ ઇનોવેશન નો પ્રચાર થાય એ જરૂરી છે.

❖ **નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :-**

આ ઇનોવેશનના માધ્યમથી હાલ મિયાણી શાળાના ધોરણ છ ના વિદ્યાર્થીઓ માતૃભાષાનો અભ્યાસ કરે છે જેના લીધે તેના અર્થગ્રહણ અને ઉચ્ચારણમાં સુધારો જોવા મળેલ. વિદ્યાર્થીઓના લખાણમાં પણ થોડી સ્પષ્ટતા જોવા મળેલ. શાળાની હાજરીમાં પણ સુધારો થયો આમ હાલમાં મારું ઇનોવેશન કાર્યરત છે અને હજી પણ ચાલુ રહેશે.

ફોટોગ્રાફ કે વિડીયો લિંક માટેનો કયુઆર કોડ / નવતર પ્રયોગની પ્રક્રિયાનો વિડીયો

https://youtu.be/wnUJeQCSEbY?si=2X2QY2wC_5qxf6eQ







# શ્રી રામબા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-પોરબંદર

## 9th એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ - 2023-24


- ઈનોવેટરનું નામ :-જેઠવા અજીતસિંહ સુખદેવસિંહ હોદ્દો:-...આસિસ્ટન્ટ શિક્ષક
- શાળા/સંસ્થાનું નામ :ઓરદર સીમ 2
- ક્લસ્ટર/ક્યુડીસી:-ઓરદર પે સેન્ટર મોબાઈલ નંબર:-7567476505
- ઈમેલ આઈડી: ajitjethwa452@gmail.com
- **વિભાગ** : પ્રાથમિક
- **નવતર પ્રયોગની કેટેગરી:** શૈક્ષણિક મૂલ્યાંકન(√)સમાવેશી શિક્ષણ
- **નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત** :- *સામૂહિક*
- **નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે**:-1 ઓગસ્ટ થી
- **નવતર પ્રયોગની પૂર્ણ થવાનો સમયગાળો**: વર્ષ: ............માસ: ......1.5 માસ..........
- **નવતર પ્રયોગનું શીર્ષક** :- ભૂમિ સ્વરૂપો ની સમજૂતી
- **સમસ્યા ઉદ્દ્ભવના કારણો:-બાળકોમાં જોવા મળતી ભૂમિ સ્વરૂપો સમજવામાં ઉદ્ભવતા બે સ્વરૂપો વચ્ચેનો તફાવત સરળતાથી સમજી શકતા ન હતા.**
- **હેતુઓ** :- બાળકો સરળતાથી જુદા જુદા ભૂમિ સ્વરૂપો જેવા કે પહાડ,મેદાન,ઉચ્ચપ્રદેશ ,ખીણ, શિખર વગેરે સમજી શકે.
- ઈનોવેશન દરમિયાનની આપે ઉપયોગમાં લીધેલ પ્રક્રિયા, પ્રવિધિ, સાધન-સામગ્રી... વગેરે બાબતોનો સમાવેશ કરવાનો રહેશે.

ચેન્નાઈ માટીનો ઉપયોગ કરીને દરિયાઈ સપાટીને ધ્યાનમાં રાખી અલગ અલગ ઊંચાઈએ અલગ અલગ ભૂમિ સ્વરૂપો જેવા કે ટાપુ મેદાન ઉચ્ચપ્રદેશ ખીણ પર્વત વગેરે દર્શાવવા.

ભૂમિ સ્વરૂપો પોતાની નજર સમક્ષ જોઈને બાળકો બે જુદા જુદા ભૂમિ સ્વરૂપો ખીણ અને ઉચ્ચપ્રદેશ વચ્ચેનો તફાવત સરળતાથી સમજી શકે છે.

નોંધ : આ મોડેલ દ્વારા ભૂમિ સ્વરૂપોના કઠિન બિંદુઓને બાળકો હવે સરળતાથી સમજી શકે છે

**ભુમીસ્વરૂપોનું આ મોડેલ ધોરણ છ ના ગુજરાતના તમામ પ્રાથમિકશાળાઓનો બાળકો માટે ખૂબ જ ઉપયોગી સાબિત થઈ શકે તેમ છે**



અનુભવ પણ આપણને ભૂકંપના આંચકાઓ દ્વારા તો ક્યાંક જ્વાળામુખી કે ત્સુનામી જેવી ઘટનાઓ દ્વારા થાય છે. આ ...વાતર હલનચલન થતું હોય છે. તે જમીનનાં સ્વરૂપો રચે છે અને બદલે છે. આવો હલનચલનથી ક્યાંક પર્વત, ઉચ્ચપ્રદેશ અને ફાટખીણની રચના થાય છે. તે ઉપરાંત નદી, હિમનદી, પવન, સમુદ્રનાં મોજાં જેવાં કુદરતી બળોના લીધે ધોવાણ અને નિક્ષેપણ ક્રિયા દ્વારા કાંપનાં મેદાનો, ખીણો અને કોતરોની રચના થાય છે.

પૃથ્વીસપાટીનો અમુક ભાગ ચોક્કસ ઊંચાઈ, ઢોળાવ અને આકાર પ્રાપ્ત કરે ત્યારે તેને ભૂમિસ્વરૂપ કહેવામાં આવે છે.

**ભૂમિસ્વરૂપના મુખ્ય પ્રકાર**

પ્રદેશની ઊંચાઈ પ્રમાણે જમીન ભાગોને પર્વત, ઉચ્ચપ્રદેશ, મેદાન વગેરે નામથી ઓળખવામાં આવે છે.



**11.1 મુખ્ય ભૂમિસ્વરૂપો**

(1) પર્વત (Mountain) : સમુદ્રસપાટીથી લગભગ 900 મીટરથી વધુ ઊંચાઈ

**હાલ આ નવતર પ્રયોગઓઓડદર સીમ શાળા નંબર 2 બાળકોના અમલમાં છે**

- **ફોટોગ્રાફ કે વિડીયો લિંક માટેનો કયુઆર કોડ / નવતર પ્રયોગની પ્રક્રિયાનો વિડીયો**





# શ્રી રામબા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-પોરબંદર

## 9th એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ - 2023-24



- ઈનોવેટરનું નામ :-તૃપ્તિબેન મનહરલાલ બોરીસાગર
- હોદ્દો:- આસીસ્ટન્ટ શિક્ષક
- શાળા/સંસ્થાનું નામ :-શ્રી બિલડી સીમ શાળા -૨, બખરલા.
- ક્લસ્ટર/ક્યુડીસી:- ખાપટ
- મોબાઈલ નંબર:-૯૬૩૮૬૪૭૮૭૮
- ઈમેલ આઈડી:-borisagartrupti@gmail.com
- **વિભાગ** : પ્રાથમિક
- **નવતર પ્રયોગની કેટેગરી:** વિષયવસ્તુ પેડાગોજી આધારિત
- **નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત** :વ્યક્તિગત
- **નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે:૨૦૨૨ થી**
- **નવતર પ્રયોગની પૂર્ણ થવાનો સમયગાળો:** વર્ષ: ___ માસ: ૨ માસ
- **નવતરપ્રયોગનુંશીર્ષક**:સામાજિક વિજ્ઞાન વિષયમાં અધ્યાપન માટે વિવિધ પધ્ધતિ તથા પ્રયુક્તિની અસરકારકતા.
- **સમસ્યા ઉદ્‌ભવના કારણો:સામાજિક વિજ્ઞાન વિષયના અમુક એકમોમાં વિદ્યાર્થીઓને સમજવામાં મુશ્કેલી થતી હતી.તેઓ નીરસ હોય તેવું લાગતું હતું.વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરતા તેમના પુર્વજ્ઞાનનો પણ અભાવ જોવા મળ્યો.જેથી વિદ્યાર્થીની શૈક્ષણીક સિદ્ધિ પર અસર જોવા મળી. જે માટે અધ્યયન પધ્ધતિ પણ અસરકારક હોવી જોઈએ.**
- **હેતુઓ :-  ૧) વિદ્યાર્થીઓ સામાજીક વિજ્ઞાન વિષયમાં રસ લેતા થાય.**

**૨)શૈક્ષણીક કાર્ય સમૃદ્ધ થાય.**

**3) વિદ્યાર્થીઓના શૈક્ષણિક સિદ્ધિ દરમાં વધારો થાય.**

**ઈનોવેશનનું સમગ્ર વર્ણન(નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન):** વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાન વિષયમાં રસપૂર્વક અભ્યાસ કરે તેમજ શૈક્ષણિક કાર્ય અસરકારક થાય તે હેતુથી વિષયના એકમો શીખવતા પહેલા પુર્વજ્ઞાન ચકાસણી માટે પૂર્વ કસોટી લેવામાં આવી.ત્યારબાદ વિષયને રસપ્રદ બનાવવા માટે એકમ અનુસાર પ્રયુક્તિનો ઉપયોગ કરવામાં આવ્યો.જેમાં જુદા - જુદા  તબક્કામાં ૨ માસ પ્રવૃતિઓ કરી.પ્રથમ તબક્કામાં પૂર્વ કસોટી લીધી. ત્યારબાદ બીજા તબક્કામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની મુલાકાત લીધી. શાળાકક્ષાએ બાલસંસદ ચુંટણી કરવામાં આવી.ત્યારબાદ વિદ્યાર્થીઓને વિધાનસભા અને સંસદ વિષે સમજ આપી. વિધાનસભા અભિનય શાળાકક્ષાએ વિદ્યાર્થીઓનેકરાવવામાં આવ્યો.ત્યારબાદ વિદ્યાર્થીઓની ઉતર કસોટી લેવામાં આવી.

❖ **નવતર પ્રયોગની મૂલ્યાંકન પ્રકિયાનું વર્ણન:**

પ્રસ્તુત સમસ્યાના ઉકેલ માટે કાર્યપદ્ધતિ અમલીકરણ પછી વિદ્યાર્થીઓની ઉતર કસોટી લેવામાં આવી.

❖ **નવતર પ્રયોગનું પરિણામ:** નોંધ :નવતર પ્રયોગ કર્યા પૂર્વેની સ્થિતિ અને પછી મળેલ **નવતર પ્રયોગના અમલીકરણથી વિદ્યાર્થીઓના શૈક્ષણિક સિદ્ધિ આંકમાં વધારો થતો જોવા મળેલ.**

❖ **ઉપયોગીતાઃ**

આ નવતર પ્રયોગ ધોરણ 6 થી 8 ના સામાજિક વિજ્ઞાન વિષયના અસરકારક અધ્યાપન માટે શાળા કક્ષાએ લાગુ પાડી શકાય.

❖ **નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :-**

વર્તમાન સમયમાં પણ શાળામાં સામાજિક વિજ્ઞાન વિષય શિક્ષણ કાર્ય રસપ્રદ બની રહે તે હેતુથી નાટ્યીકરણ તેમજ વિવિધ પ્રયુક્તિનો ઉપયોગ કરવામાં આવે છ

# શ્રી રામબા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-પોરબંદર

## 9th એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ - 2023-24


- **ઈનોવેટરનું નામ** :-આશાબેન ખીમજીભાઈ બાબરીયા
- **શાળા/સંસ્થાનું નામ** :-શ્રી મોઢવાડા કન્યા શાળા
- **ક્લસ્ટર/ક્યુડીસી**:- મોઢવાડા **મોબાઈલ નંબર**:-7359507871
- **ઈમેલ આઈડી**:- babariyaasha@gmail.com




- **વિભાગ** : પ્રાથમિક
- **નવતર પ્રયોગની કેટેગરી**: શૈક્ષણિક પ્રકિયામાં ટેકનોલોજીનો ઉપયોગ
- **નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત** :- વ્યક્તિગત
- **નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે**:- જુલાઈ 2023 થી
- **નવતર પ્રયોગની પૂર્ણ થવાનો સમયગાળોઃ** વર્ષઃ ............માસઃ .........6........
- **નવતર પ્રયોગનું શીર્ષક** :- ટેકનોલોજીના માધ્યમથી સામાજિક વિજ્ઞાન નો અભ્યાસ
- **સમસ્યા ઉદ્‌ભવના કારણો**:-

શ્રી મોઢવાડા કન્યા શાળા ની ધોરણ પાંચ ના વિદ્યાર્થીઓ જ્યારે પાંચમું ધોરણ પૂર્ણ કરીને આવે ત્યારે તેઓ મારી આસપાસ જેવા પર્યાવરણ જેવો વિષય ભણીને આવે છે પરંતુ ધોરણ છ માં સામાજિક વિજ્ઞાન નવો વિષય તેઓને લાગતા તેઓ નવા શબ્દો ઇતિહાસ, ભૂગોળ, નાગરિક ,જેવા સામાજિક વિજ્ઞાનના વિભાગોને બરાબર સમજી શકતા ન હતા. ઇતિહાસમાં આવતા સામાજિક વિજ્ઞાનના પારિભાષિક શબ્દો તેમની સમજૂતી અને ઇતિહાસના પ્રસંગો તેમજ નકશા નો આલેખન ભૂગોળ ભારતની ભૃપુષ્ઠ ,નાગરિકશાસ્ત્ર જેવા વિષયો સમજવામાં તેઓને ઘણી જ સમસ્યા આવતી હતી.

- **હેતુઓ** :- ધોરણ છ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ સારી રીતે દ્રશ્ય શ્રાવ્ય દ્વારા સામાજિક વિજ્ઞાનનો અભ્યાસ કરી શકે, ઇતિહાસના પ્રસંગો, ભારતની ભૃપુષ્ટ ,નાગરિક શાસ્ત્રમાં સરકાર વિશે સારી રીતે સમજી શકે તેના માટે ટેકનોલોજીના માધ્યમથી જુદી જુદી એપ્લિકેશન દ્વારા અભ્યાસ કરવાનો મુખ્ય હેતુ હતો.

❖ **ઈનોવેશનનું સમગ્ર વર્ણન(નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન)**

શ્રી મોઢવાડા કન્યા શાળા ની ધોરણ છના વિદ્યાર્થીનીઓ સામાજિક વિજ્ઞાન વિષય સારી રીતે સમજી શકે તેના માટે મેં શરૂઆતથી જ ખૂબ જ પ્રયત્ન કર્યા હતા માત્ર પાઠ્યપુસ્તકનું જ્ઞાન તેમજ પુસ્તકિયા જ્ઞાનની માહિતી તેના માટે બરાબર ન હતી અને શિક્ષક દ્વારા જે પાઠ્યપુસ્તકનો અભ્યાસ કરવામાં આવે તે એક માર્ગી થઈ જતો હતો. જ્યારે શિક્ષણ એ દ્રીમાર્ગી પ્રક્રિયા છે. પુસ્તકીય જ્ઞાન અને પુસ્તકના વાંચન થી વિદ્યાર્થી સામાજિક વિજ્ઞાનની ઘટનાઓને બરાબર સમજી શકતા ન હતા. વળી તેમાં આવતા પારિભાષિક શબ્દોનો પણ અર્થ સમજી શકતા ન હતા. આથી અમારી સ્કૂલ શ્રી મોઢવાડા કન્યા શાળા SOE સ્કૂલ અંતર્ગત આવતી હોવાથી આ વર્ષે અમારી શાળામાં સ્માર્ટ ટીવીની સુવિધા વધારવામાં આવી છે આનો ઉપયોગ કરી ટીવી માં જુદી જુદી એપ્લિકેશન ડાઉનલોડ કરી અને તેના દ્વારા વિદ્યાર્થીઓને સામાજિક વિજ્ઞાનના એકમનો અભ્યાસ કરાવવામાં આવ્યો. વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાન ની ઘટના પ્રસંગો વગેરે દ્રશ્ય શ્રાવ્ય સાધનો દ્વારા નિહાળતા અને નકશા પૂરતી પણ સ્માર્ટ ટીવીમાં જ કરાવવામાં આવતી હતી. આજનો યુગ એ ટેકનોલોજીનો યુગ છે આથી ટેકનોલોજી દ્વારા ભણવાનું બાળકોને ખૂબ જ પસંદ આવી રહ્યું છે જુદી જુદી ટેકનોલોજી દ્વારા બાળક સારી રીતે અભ્યાસ કરી શકે છે ઘરે માતા પિતા મોબાઈલ આપે ન આપે તો પણ શાળામાં સ્માર્ટ ટીવી દ્વારા બાળક જુદી જુદી એપ્લિકેશનનો ઉપયોગ કરીને સારી રીતના અભ્યાસક્રમ સમજી શકે છે જુદી જુદી એપ્લિકેશન જેવી કે શાળા મિત્ર, દીક્ષા એપ ,નકશા પૂર્તિ માટેની India map., wordeall.ner,એપ વાઈટ બોર્ડ મર્જ ક્યુબનો ઉપયોગ વગેરે દ્વારા બાળકને ખૂબ જ અભ્યાસક્રમ ભણવામાં રસપ્રદ લાગે છે. આથી બાળક રસ રુચિ સાથે ટેકનોલોજીના માધ્યમથી સામાજિક વિજ્ઞાનના અભ્યાસક્રમો સમજી શકે છે વળી youtube ચેનલ દ્વારા ઐતિહાસિક ઘટના જુદા જુદા ઐતિહાસિક યુદ્ધ, ભૂગોળ ની ઘટના, ખગોળીય ઘટના વગેરે સમજવામાં ખૂબ જ ઉત્સાહ જોવા મળે છે.

❖ **નવતર પ્રયોગનું પરિણામ:-**

શ્રી મોઢવાડા કન્યા શાળામાં ધોરણ છ માં કુલ સંખ્યા 29 વિદ્યાર્થીઓની છે શરૂઆતમાં જ્યારે એકમ ભણાવતી અને વિદ્યાર્થીઓ નોટબુકમાં ટેસ્ટ આપતા ત્યારે 29 માંથી 15 વિદ્યાર્થીઓ જ સારા માર્કસ લઈ આવતા પરંતુ ટેકનોલોજીના માધ્યમથી 29 માંથી 25 વિદ્યાર્થીઓ એકમ કસોટી

અથવા તો ટેકનોલોજીના માધ્યમથી જે મૂલ્યાંકન કરવામાં આવે છે તેમાં સારામાં સારા માર્ક લઈ આવે છે અંદાજિત 70 થી 80% જેવા ગુણ તેઓ પ્રાપ્ત કરી શકે છે

❖ **ઉપયોગીતા:**

આજે ગુજરાત સરકાર દ્વારા એસ ઓ એ ની સ્કૂલમાં લગભગ દરેક શાળામાં સ્માર્ટ ટીવી ની વ્યવસ્થા હોય તો દરેક જિલ્લા તાલુકા ગામ અને શાળામાં જુદી જુદી એપ્લિકેશન ડાઉનલોડ કરી અને વિદ્યાર્થીઓને સારામાં સારી રીતના ટેકનોલોજીના માધ્યમથી શિક્ષણ આપી શકાય છે પરંપરાગત પુસ્તકિયા જ્ઞાન ની તુલનામાં આજના ટેકનોલોજીના માધ્યમથી જો વિદ્યાર્થીઓને ભણાવવામાં આવે તો તેઓ સારામાં સારા ગુણ પ્રાપ્ત કરી શકે છે અને દ્રશ્ય સ્રાવ્ય સાધન હોવાથી જે પણ એકમ ભણવામાં આવે તે લાંબા સમય સુધી અને મૌલિક રીતે રજૂઆત કરી શકે છે.


❖ **નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :-**

હાલ પણ ટેકનોલોજીના માધ્યમથી જુદી જુદી એપ્લિકેશન દ્વારા શ્રી મોઢવાડા કન્યા શાળા ની ધોરણ છ ની વિદ્યાર્થીનીઓ સારી રીતના અભ્યાસ કરે છે જેના લીધે તેઓની એકમ કસોટી ના ગુણની પરિસ્થિતિ સુધરી તેમજ શાળાનીહાજરીમાં પણ તેઓ રેગ્યુલર આવતા થયા.

❖ **ફોટોગ્રાફ કે વિડીયો લિંક માટેનો કયુઆર કોડ / નવતર પ્રયોગની પ્રક્રિયાનો વિડીયો**

https://youtu.be/kcG18avFwJ0?si=-3YYjPF017sUn_sR



# શ્રી રામબા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-પોરબંદર

## 9th એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ - 2023-24

- **ઈનોવેટરનું નામ** :-…સોલંકી તરલાબેન દલસુખભાઇ **હોદ્દો** – આચાર્ય
- **શાળા/સંસ્થાનું નામ** :-…મજીવાણા પ્રાથમિક શાળા
- **ક્લસ્ટર/ક્યુડીસી**:-શીશલી **મોબાઈલ નંબર**:-9925207756
- **ઈમેલ આઈડી**:tarlasonki756@gmail.com
- વિભાગ : પ્રાથમિક
- નવતર પ્રયોગની કેટેગરી: શૈક્ષણિક મૂલ્યાંકન
- **નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત** :-વ્યક્તિગત
- **નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે**:-10/02/2023
- **નવતર પ્રયોગની પૂર્ણ થવાનો સમયગાળો**: વર્ષ: 31/08/2023
- **નવતર પ્રયોગનું શીર્ષક** :-ચાલો ગણિત સાથે કરીએ દોસ્તી….



- **સમસ્યા ઉદ્દ્ભવના કારણો**:- અમારી શાળા મા ધોરણ 5 થી 8 મા અભ્યાસ કરતા 60% વિધાર્થીઓ એકમ કસોટી મા ખૂબ ઓછા ગુણ મેળવતા.ઓછા ગુણ મેળવવાનું કારણ તપાસતા માલુમ પડ્યું કે બાળકો મા ગણિત ના પાયા ના ખ્યાલ સમજવા મા મુશ્કેલી પડતી હતી.પાયા ની ગાણિતિક પ્રક્રિયાઓ મા કચાશ જોવા મળી.
- **હેતુઓ** :- ગણિત ના પાયા ના ખ્યાલોની સમજ કેળવે.પાયા ના ગણિત મા કચાશ ને દુર કરી ગણિત વિષય પ્રત્યે રસ અને રૂચી કેળવવા
- **ઈનોવેશનનું સમગ્ર વર્ણન(નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન)** :-

બાળકો મા પાયા નું ગણિત મજબુત કરવા માટે નવતર પ્રયોગ નું આયોજન કર્યું.ધોરણ 5 થી 8 મા અભ્યાસ કરતા તમામ બાળકો ને FFLN FLN કસોટી લેવામા આવી.પરિણામ ચકાસતા 16 બાળકો મા પાયાનીગાણિતિક પ્રક્રિયાઓ મા કચાશ જોવા મળી.આવા પ્રિય બાળકો ના 5 જૂથ બનાવ્યા સંખ્યા જ્ઞાન,સરવાળા ,બાદબાકી,ગુણાકાર અને ભાગાકાર . જૂથ મા બાળકો ને ગાણિતિક રમતો,ગણિત ના મોડેલ બનાવવા,ગણિત ગીતો,

સરળતા થી મળતી વસ્તુઓ ના ઉપયોગ દ્વારા ગાણિતિક ખ્યાલો સ્પષ્ટ કરવા.આ ગાણિતિક પ્રક્રિયા કરવા માટે પાટી –પેન નો ઉપયોગ કરવા મા આવ્યો.

❖ **નવતર પ્રયોગની મૂલ્યાંકન પ્રકિયાનું વર્ણન**:- દર શનીવારે FLN 5 થી 8 ના પ્રિય બાળકો નીFLN FLN મુજબ કસોટી પત્ર તૈયારકરી કસોટી લેવી.

❖ **નવતર પ્રયોગનું પરિણામ**:-

નોંધ : નવતર પ્રયોગ કર્યા પૂર્વેની સ્થિતિ અને પછી મળેલ પરિણામ (આંકડાકીય વિગત દર્શાવી )

- નવતરપ્રયોગ ના અમલીકરણ બાદ બાળકોને પાયા નું ગણિત માં સુધારોજોવા મળ્યો.
- બાળકોમાં ગણિત પ્રત્યે રહેલો હાઉદુર થયો.
- એકમકસોટી ના પરિણામ માં સુધારોજોવા મળ્યો.
- ગણિત પ્રત્યે હકારાત્મક અભિગમ જોવા મળ્યો.

16 પ્રિય બાળકો મા થી 7 બાળકો સારી રીતે પાયા ની ગાણિતિક પ્રક્રિયાઓ સરળતા થી સમજી શકે છે.

❖ **ઉપયોગીતાઃ**

નોંધ : નવતર પ્રયોગ કોને લાગુ પાડી શકાશે ? તે અંગેની વિગત પૂરી પાડવી.( કોઈ ચોક્કસ ધોરણના વિધાર્થી, શાળા, ક્લસ્ટર, તાલુકો, જિલ્લો, રાજ્ય.

ધોરણ 5 થી 8 ના બાળકો જે બાળકો મા ગણિત ના પાયા ના જ્ઞાન મા કચાશ જોવા મળે એવા બાળકો ને સરળતા થી શીખવવા માટે આ નવતર પ્રયોગ લાગુ પાડી શકાય.

❖ **નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ** :-

હાલ આ નવતર પ્રયોગ ચાલુ છે.100% સિધ્ધી હાંસલ કરવા નું લક્ષ છે.

https://youtube.com/watch?v=ECPDW-q_P98&feature=shared

# શ્રી રામબા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-પોરબંદર

## 9th એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ - 2023-24



- **ઈનોવેટરનું નામ** :- પઢીયાર હર્ષાબેન હિમતસિંહ **હોદ્દો**:- આ. શિક્ષક
- **શાળા/સંસ્થાનું નામ** :- શ્રી બિલડી સીમ શાળા
- **ક્લસ્ટર/ક્યુડીસી**:- ખાપટ પે. સે. શાળા **મોબાઈલ નંબર**:- ૯૪૨૭૪૨૭૦૯૦
- **ઈમેલ આઈડી**:- hmrathod2211@gmail.com
- **વિભાગ** : પ્રાથમિક
- **નવતર પ્રયોગની કેટેગરી**: અભ્યાસક્રમ આધારિત મુલ્ય શિક્ષણ

- **નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત** :- વ્યક્તિગત
- **નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે**:- જુન ૨૦૨૨
- **નવતર પ્રયોગની પૂર્ણ થવાનો સમયગાળો**: વર્ષ: ૨૦૨૩/24 માસ: જુન
- **નવતર પ્રયોગનું શીર્ષક** :- **મૂળાક્ષર એક, ઉપયોગ અનેક**
- **સમસ્યા ઉદ્દભવના કારણો:-**

બાળકોના પરિક્ષાના પેપર તપાસતા લગભગ દર વખતે ખ્યાલ આવ્યો કે બાળકો પ્રશ્નોના જવાબો તો લખે છે, પરંતુ સમાનર્થી શબ્દો, વિરુદ્ધાર્થી શબ્દો, કહેવતો વગેરે જેવા વ્યાકણને લગતા મુદાઓ સારી રીતે સમજી શકતા નથી. આ કારણે એવો વિચાર આવ્યો કે કોઈક એવી પ્રવૃતી કરાવવામાં આવે કે જેના દ્વારા બાળકો આવા મુદાઓ જાતે શીખતા થાય અને સરળતાથી યાદ પણ રાખી શકે. આવી પ્રવૃતિ વિષે વિચારતા નવતર પ્રયોગ “મૂળાક્ષર એક ઉપયોગ અનેક” ની શરૂઆત કરી.

- હેતુઓ :-
- મૂળાક્ષરો વિષે શબ્દોની મોલિકતા વિકસે
- પ્રશ્નોતરી દ્વારા મૂળાક્ષરોની પકડ મજબૂત બને.
- વ્યવહારિક પ્રશ્નોતરીમાં તેનો ઉપયોગ કરતાં શીખે.
- વ્યવહારિક વ્યાકરણનો ઉપયોગ કરતાં શીખે.
- રમત સાથે જ્ઞાન પ્રાપ્ત કરે.

❖ અન્ય વિષયનો મૂળાક્ષરમાં ઉપયોગ કરતાં શીખે.

❖ <u>ઈનોવેશનનું સમગ્ર વર્ણન(નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન) :-</u>

આ પ્રયોગમાં બાળકોએ એક અલગ નોટબૂક બનાવવાની હોય છે. બાળકો આ બૂકમાં કોઈ એક મૂળાક્ષર પરથી નીચે મુજબની માહિતી શોધીને લાવવાની હોય છે. દરરોજ નવો મૂળાક્ષર આપવામાં આવે અને એ મૂળાક્ષર લગતી નીચે મુજબની માહિતી નોટબૂકમા લખીને લાવવાની હોય.

❖ વ્યક્તિ વિશેષની નામ – કનૈયાલાલ મુનશી -સ્થળનું નામ – કર્ણાવતી કુંભલગઢ

❖ પ્રાણીઓનું નામ – કાંગારૂ - પક્ષીઓનું નામ – કબૂતર

❖ સમાનાર્થી શબ્દો – કાળ – સમય - વિરોદ્ધાર્થી શબ્દો - કંકોત્રી – કાળોત્રી

❖ કહેવત – કાગડા બધે કાળા જ હોય - છોકરાનું નામ – કેશવ

❖ છોકરીનું નામ – ક્રિષ્ના - ઘરની ઉપયોગી વસ્તુઓ – કથરોટ

❖ આમ બાળકોને એક જ મૂળાક્ષર પરથી અનેક માહિતી એકઠી કરવા માટે અનેક વિષયનો સહારો લેવો પડે છે એટલે બાળકોને વ્યક્તિ વિશેષ માટે સામાજિક વિજ્ઞાન, ગુજરાતી અને વિજ્ઞાન જેવા વિષયનો સહારો લેવો પડે છે આથી બાળકોમાં આ વિષયનું જ્ઞાન વધે છે.

❖ પ્રાણી અને પક્ષીના નામ શોધવા માટે સામાન્ય જ્ઞાનનો સહારો લેવો પડે છે

❖ સમાનાર્થી અને વિરોધી શબ્દો શોધવા માટે ભાષા વ્યાકરણ સહારો લેવો પડે છે.

❖ બાળકોના નામ શોધવા માટે પોતાની આસપાસના વાતાવરણનો સહારો લેવો પડે છે.

❖ ઘર ઉપયોગી વસ્તુ માટે તેને પોતાના ઘરની તમામ વસ્તુના નામ જાણવા પડે છે.

❖ આમ બાળકોને આ બધી માહિતી પ્રાર્થનામાં રજૂ કરવાની હોવાથી બાળકો એકબીજાથી આગળ વધવા માટે વધુ માહિતી એકઠી કરવા મહેનત કરે છે.

❖ બાળકો અલગ અલગ વિષયને સાકળીને એક વિષયનું જ્ઞાન મેળવે છે.

❖ <u>નવતર પ્રયોગની મૂલ્યાંકન પ્રકિયાનું વર્ણન:-</u>

આ પ્રયોગમાં બાળકોએ એક અલગ નોટબૂક બનાવવાની હોય છે. બાળકો આ બૂકમાં કોઈ એક મૂળાક્ષર પરથી શબ્દો બનાવીને શોધીને લાવવાની હોય છે. દરરોજ નવો મૂળાક્ષર આપવામાં આવે અને એ મૂળાક્ષર લગતી તમામ માહિતી ચેક કરીને તેને પ્રાર્થનામાં વિદ્યાર્થીએ રજુ કરવાની હોય છે. માહિતી નોટબૂકમા લખીને લાવવાની હોય. આમ આ પ્રયોગ નું મુલ્યાંકન કરવામાં આવે છે.

❖ **<u>નવતર પ્રયોગનું પરિણામ:-</u>**

**પહેલા -**

- ધોરણ 5 થી 8 ના તમામ બાળકો ગુજરાતી વિષયમાં શબ્દો અને સમાનાર્થી, વિરોધી શબ્દો કહેવત વગેરેમાં ખૂબ નબળા હતા.
- શબ્દોના અર્થ સમજી શકતા ન હતા.
- બાળકોને સમાનાર્થી અને વિરુદ્ધાર્થી શબ્દો વચ્ચેનો ભેદ સમજી શકતા ન હતા.
- **પછી –**
- ધોરણ 5 થી 8 ના તમામ બાળકો ને 60% સુધીની ફળશ્રુતિ જોવા મળે છે
- બાળકો સમાનાર્થી અને વિરોદ્ધાર્થી શબ્દો વચ્ચેનો ભેદ સમજી શકે છે.
- **ઉપયોગીતાઃ**

ધોરણ 5 થી 8 ના વિદ્યાર્થીને લાગુ પાડી શકાશે

- મૂળાક્ષરોણી સમજ સ્પષ્ટ થવાને લીધે વાક્ય રચનાના પ્રશ્નના જવાબો તેમજ મોલિક લેખન કરી શકે છે.
- અન્ય વિષયમાં મૂળાક્ષરોનું યોગ્ય ઉપયોગ કરી શકે છે.
- વ્યાકરણના મુદાઓને સ્પષ્ટ રીતે સમજી અને તેનો ભાષામાં ઉપયોગ કરી શકે છે.
- **નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :-**

હાલમાં આ નવતર પ્રયોગ કાર્યરત છે





# શ્રી રામબા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-પોરબંદર

## 9th એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ - 2023-24



❖ ઈનોવેટરનું નામ :- શ્રી મૌલિકકુમાર એમ. જોષી હોદ્દો:- આ.શી.

❖ શાળા/સંસ્થાનું નામ :- શ્રી નવાપરા પ્રાથમિક શાળા - છાયા

❖ ક્લસ્ટર/ક્યુડીસી:- છાયાકુમાર મોબાઈલ નંબર:- 9979387439

❖ ઈમેલ આઈડી:- maulik99joshi@gmail.com

❖ નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :- વ્યક્તિગતથી શરૂ કરી શાળા કક્ષા સુધી

❖ નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે:- વર્ષ 2014 -15 થી

❖ નવતર પ્રયોગની પૂર્ણ થવાનો સમયગાળોઃ આજ દિન સુધી ચાલુ છે.

❖ નવતર પ્રયોગનું શીર્ષક :- "પ્રોત્સાહનથી પરિણામ"

❖ સમસ્યા ઉદ્ભવના કારણો:-

❖ બાળકોની પાંખી હાજરી - એકમ કસોટી પ્રત્યેની ઉદાસીનતા

❖ સ્પર્ધાત્મક પરિક્ષામા નિરસતા - સહ અભ્યાસિક પ્રવૃતિમા અરુચી

❖ હેતુઓ :-

❖ બાળકો શાળાએ નિયમિત આવે

❖ અભ્યાસમા સમજ સાથે અપગ્રેડ થાય

❖ એકમ કસોટીના માધ્યમથી વાર્ષિક પરિક્ષામા સારા ગુણ મેળવી શકે

❖ સહ અભ્યાસિક પ્રવૃતિ દ્વારા સર્વાંગીણ વિકાસ કરી શકે

❖ ઈનોવેશનનું સમગ્ર વર્ણન(નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન) :-

"પ્રોત્સાહનથી પરિણામ" એ સતત ચાલતી પ્રક્રિયા છે. આ કાર્યની શરુઆત મે મારા વર્ગખંડથી શરૂ કરી હતી. મારા વર્ગના વિદ્યાર્થીઓ ખુબ જ ઓછા હાજર રહેતા હતા.એટલે એમની હાજરી વધારવા માટે મે મારા વર્ગના બાળકોને કિધુ કે જેની વધુ હાજરી હશે એમને ઇનામ આપીશ. એ પ્રયોગ સફળ રહ્યો જેથી એ પ્રક્રિયા મે એકમ કસોટી, પ્રોજેક્ટ કાર્યમાં બાળકોને પ્રોત્સાહન આપવાનુ શરુ કર્યુ. એને સફળતા મળતા પ્રાર્થનાસભામા ઇનામ આપવાનુ શરૂ કર્યું.. ધીરે ધીરે આ પ્રક્રિયામા શાળના આચાર્યાના હસ્તે.. બાળકોના વાલીઓના હસ્તે.. એસ.એમ.સી સભ્યોના હસ્તે.. સી.આર.સી સાહેબને હસ્તે.. બી.આર.સી સાહેબના હસ્તે .. તથા શાળામા આવતા તમામ

અધિકારીશ્રી દ્વારા પ્રાર્થનાસભામા ઇનામ આપવાની પ્રક્રિયા ચાલુ  રાખી હતી.  ત્યારબાદ પ્રોજેક્ટ વર્ક દ્વારા બાળકોને નામનિર્દેશવાળી આકૃતિના પ્રશ્નને સમજવા પ્રયાસ કર્યો હતો. આજે પણ આ પ્રક્રિયા ચાલી રહી છે. અને ભવિષ્યમા પણ આ પ્રક્રિયા ચાલુ રહેશે જ.  બાળકો પાસે પ્રોત્સાહન થી પરિણામ  કાર્ય ચાલુ રાખશુ.

❖ **નવતર પ્રયોગની મૂલ્યાંકન પ્રકિયાનું વર્ણન:-**

- પ્રોજેકટ કાર્યના સારામા સારા પ્રોજેકટ  શાળા દ્વારા પસંદ કરી  પ્રોત્સાહીત આપવામ આવે છે.

-હાજરી  પત્રકમાથી વધુ હાજરીના બાળકોની નોધ કરી પ્રોત્સાહીત કરવામા આવે છે, અને વર્ષના અંતે શાળામા સૌથી વધુ હાજરી ધરાવનાર બાળકને પ્રોત્સાહીત કરવામા આવે છે.

-દર 6 મહિને એકમ કસોટી માંથી ગુણ  એકદરે કરી ઇનામ આપવામા આવે છે.

❖ **નવતર પ્રયોગનું પરિણામ:-**

પ્રક્રિયા પુર્વ  તથા પછી પણ બાળકોની હાજરીમા નોંધ પાત્ર વધારો થવા જોવા મળ્યો હતો.

આંકડાકિય માહિતી મુજબ પણ નોંધ પાત્ર થયો હતો ..

| ક્રમ | વર્ષ | ઇનામ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| 1 | 2014 – 15 | 12 |
| 2 | 2015- 16 | 12 |
| 3 | 2017 -18 | 20 |
| 4 | 2018- 19 | 25 |
| 5 | 2019 -20 | કોરોના કાળ |
| 6 | 2021- 22 | 30 |
| 7 | 2022- 23 | 40 |
| 8 | જુલાઇ 2023 | 50 |

❖ **ઉપયોગીતા:**

❖ દરેક શાળા તથા ધોરણના વિદ્યાર્થીઓ આ પ્રયોગ લાગુ પાડી શકાય છે.

❖જો સી.આર.સી લેવલે પણ આવુ આયોજન કરવામા આવે તો પણ અવશ્ય સફળતા મળી શકે છે.

**❖નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :-**

આ પ્રયોગ સતત ચાલતો પ્રયોગ છે. જેની નોંધ કોઇ લે કે નહી લે પણ આ પ્રોત્સાહન થી પરિણામ કાર્ય ચાલુ જ રહેશે. હમણા જ 14-9-2023 ના રોજ આ જ કાર્યના ભાગ રુપે તાલુકા અને જીલ્લા શિક્ષક સંઘના પ્રમુખ સ્થાને બાળકોને પ્રોત્સાહીત કરવામા આવ્યા હતા. અને આ પ્રક્રિયા અવિરત ચાલુ જ રાહેશે. ખાસ બાળકો માટે અલગ અલગ પ્રમાણપત્ર પણ છપાવી પ્રોત્સાહીત કરવામા આવે છે

**•ફોટોગ્રાફ કે વિડીયો લિંક માટેનો કયુઆર કોડ / નવતર પ્રયોગની પ્રક્રિયાનો વિડીયો**






સહઅભ્યાસિક પ્રવૃતિઓમાં શ્રેષ્ઠતમ પ્રદર્શન દાખવનારા વિદ્યાર્થીઓનું થયું અભિવાદન

છાંયા નવાપરા પ્રાથમિક શાળામાં વિશિષ્ટ વિદ્યાર્થીઓનો યોજાયો સન્માન સમારોહ

**યૂટ્યૂબ લિન્ક :-**

https://youtube.com/shorts/vdMBRVSMk20?si=yNR8EPVNMMSGAm5E

# શ્રી રામબા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-પોરબંદર

## 9th એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ - 2023-24



❖**ઈનોવેટરનું નામ** :- શાહ હેતલબેન સતિષભાઈ **હોદ્દો** :- આ.શિક્ષક

❖**શાળા/સંસ્થાનું નામ** :- શ્રી રાજપુર પ્રાથમિક શાળા

❖**ક્લસ્ટર** :- ગોસા **મોબાઈલ નંબર** :- 8849107557

❖**ઈમેઈલ આઈ.ડી.** :- hetalshah13070@gmail.com

❖ **વિભાગ** : પ્રાથમિક

❖**નવતર પ્રયોગની કેટેગરી: વિષયવસ્તુ પેડાગોજી આધારિત**

❖**નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત** :- વ્યક્તિગત

❖**નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે** :- માર્ચ 2022

❖**નવતર પ્રયોગ પૂર્ણ થવાનો સમયગાળો** : 1 વર્ષ

❖**નવતર પ્રયોગનું શીર્ષક** :- Activity Based English Grammar

❖**સમસ્યા ઉદભવના કારણો** :-

- અંગ્રેજી ભાષા પ્રત્યેનો ડર
- અંગ્રેજી વ્યાકરણમાં કચાસ
- અંગ્રેજી લેખન અને વાચનમાં તકલીફ
- અંગ્રેજી વ્યાકરણમાં વિદ્યાર્થીઓ નબળા લાગતા ઈનોવેશન કરવાનો વિચાર આવ્યો.

❖**હેતુઓ** :-

- સ્પેલિંગ બનાવતા શીખે
- વ્યાકરણની સમજ કેળવે
- અંગ્રેજી વિષયને ભાષા તરીકે શીખે
- અંગ્રેજી શબ્દ ભંડોળ વધે

❖**ઈનોવેશનનું સમગ્ર વર્ણન** :-

ધો. 6 થી 8 ના વિદ્યાર્થીઓને અંગ્રેજી વિષયમાં રસ પડે અને તેમને ગમ્મત સાથે જ્ઞાન મળે તે હેતુથી આ નવતર પ્રયોગ હાથ ધરવામાં આવેલ છે. વિદ્યાર્થીઓને અંગ્રેજી ભાષા અને વ્યાકરણ શિખવવા માટે વિવિધ રમતો અને ટી.એલ.એમ. નું નિર્માણ કરવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓ માટે Days of Week,

Magic Word, Noun, Pronoun, Adjective, Adverb, Conjuction, Preposition, Verb – Parts of Speech ના ટી.એલ.એમ. નું નિર્માણ કરવામાં આવ્યું. અંગ્રેજીમાં વ્યાકરણ શીખવવા માટે અને શબ્દ ભંડોળ વધારવા માટે અવનવીન પ્રવૃતિઓ કરવામાં આવી.

**❖નવતર પ્રયોગની મૂલ્યાંકન પ્રક્રિયાનું વર્ણન :-**

Sound Game, Puzzel Game, Flash Card Game, Count & Write Game, Verb Game વગેરે રમતો દ્વારા બાળકોને મૌખિક અને લેખિત મૂલ્યાંકન કર્યું.

**❖નવતર પ્રયોગનું પરિણામ :-**

વિદ્યાર્થીઓ અંગ્રેજી વિષયમાં ગમ્મત સાથે જ્ઞાન મેળવવા લાગ્યા. બાળકો પોતાની રીતે પ્રોજેક્ટસ બનાવતા થયા. અંગ્રેજી વિષયનો ડર દૂર થયો. ધો. 6 થી 8 માં 37 વિદ્યાર્થીઓમાંથી 25 વિદ્યાર્થીઓને શીખવવામાં સફળતા પ્રાપ્ત થઈ છે.

**❖ઉપયોગીતા :-**

ટી.એલ.એમ. દ્વારા મારી શાળાના વિદ્યાર્થીઓ જૂથમાં બેસીને પરસ્પર પોતાની રીતે શીખે છે. Antonyms, Synonyms, Singular, Plural, Verb, Past Form Cards દ્વારા શબ્દો જાતે વાંચે છે અને વાક્ય બનાવે છે. ટી.એલ.એમ. અને Vocabulary Wheel દ્વારા શબ્દ ભંડોળ વધારે છે.

**❖નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :-**

વર્તમાન સ્થિતિમાં પણ મારો આ પ્રયોગ ચાલુ જ છે. ભવિષ્યમાં નવા વિચારો સાથે બાળકોના હિતમાં કાર્ય કરવા અને પરિણામ મેળવવા સમર્થ બનીશું.

**❖ફોટોગ્રાફ :-**








# શ્રી રામબા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-પોરબંદર

## 9th એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ - 2023-24



❖ ઈનોવેટરનું નામ :- નરસિંગભાઇ મેરગભાઇ ડોડિયા હોદ્દો:આચાર્ય

❖ શાળા/સંસ્થાનું નામ :- સ્વ.શ્રી પી.એસ.એમ.ઠકરાર હાઈસ્કુલ પારાવાડા

❖ ક્લસ્ટર/ક્યુડીસી:- અડવાણા  મોબાઈલ નંબર:- 9979289219

❖ ઈમેલ આઈડી:- narsingmeragbhai4543@gmail.com

❖ વિભાગ : પ્રાથમિક

❖ **નવતર પ્રયોગની કેટેગરી:** સહ અભ્યાસિક પ્રવૃતિઓ દ્વારા સર્વાંગી વિકાસ

❖ **નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત** :- વ્યક્તિગત

❖ **નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે**:- 13/6/2022

❖ **નવતર પ્રયોગની પૂર્ણ થવાનો સમયગાળો:** વર્ષ: .1 વર્ષ માસ: ..........

❖ **નવતર પ્રયોગનું શીર્ષક** :- પ્રેરક ગીતો

❖ **સમસ્યા ઉદ્દ્ભવના કારણો:-**

➢ **કોરોનાકાળ પછી વિધ્યાર્થીઓમાં નિરાશા જોવા મળી રહી હતી.**

➢ **શાળામાં વિધ્યાર્થીઓની ગેરહાજરી જોવા મળતી હતી.**

➢ **વિધ્યાર્થીઓ અભ્યાસ પ્રત્યે નિરુત્સાહી જોવા મળતા હતા.**

❖ **હેતુઓ :-**

❖ **વિધ્યાર્થીઓ શાળાએ સમયસર અને નિયમિત આવે તે મુખ્ય ઉદ્દેશ્ય હતો.**

❖ **શાળામાં વિધ્યાર્થીઓને પ્રાર્થનાસભામાં વધુ રસ જાગે તથા આખો દિવસ ઉત્સાહ અને ખંતથી પસાર થાય.**

❖ **અભ્યાસમાં રુચિ જાગે તથા ગીતોમાંથી પ્રેરણા પ્રાપ્ત કરી પોતાની જાત પર આત્મવિશ્વાસ જગે તે હેતુ હતો.**

❖ **ઈનોવેશનનું સમગ્ર વર્ણન(નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન) :-**

નોંધ : ઈનોવેશન દરમિયાનની આપે ઉપયોગમાં લીધેલ પ્રકિયા, પ્રવિધિ, સાધન-સામગ્રી... વગેરે બાબતોનો સમાવેશ કરવાનો રહેશે.

વિધ્યાર્થીઓને શાળાએ આવવામાં રસ જાગે તે માટે પ્રેરક ગીતો (MOTIVATIONAL SONGS) પ્રાર્થનાસભા  વગાડવામાં આવે છે.જેમા ડી.વી.ડી. પ્લેયર, મોબાઈલ, પેન ડ્રાઈવ , બ્લુટુથ ડિવાઈસ તેમજ સ્પીકરનો ઉપયોગ કરવામાં આવે છે.

❖ **નવતર પ્રયોગની મૂલ્યાંકન પ્રકિયાનું વર્ણન:-**

સવારે પ્રાર્થનાસભા પહેલા જુદાજુદા પ્રેરકગીતો વગાડવામાં આવે છે. વિધાર્થીઓ આ ગીતો સાંભળવા માટે શાળામં સમયસર અને નિયમિત આવી જાય છે. વિધ્યાર્થીઓ પ્રાર્થનાસભામાં ઉત્સાહથી ભાગ લેવા લાગ્યા. ધીમેધીમે વિધ્યાર્થીઓની સંખ્યામાં પણ વધારો થતો રહ્યો.

❖ **નવતર પ્રયોગનું પરિણામ:-**

પ્રેરકગીતો  વગાડવામાં આવતા ન હતા ત્યારે વિધ્યાર્થીઓમાં પ્રાર્થનાતેમજ વિવિધ પ્રવ્રુત્તિમાં ઉત્સાહ જોવા મળતો ન હતો.પરંતુ પ્રેરકગીતોના માધ્યમથી વિધાર્થીઓમાં શાળાની દરેક પ્રવ્રુત્તિમા અનેરો ઉત્સાહ જોવા મળે છે. તેમજ શાળના તમામ કાર્યક્રમમાં સકારત્મક અભિગમ કેળવતા થયા. વિધ્યાર્થીઓમા હતાશા અને નિરાશા દુર થયેલી જોવામળે છે.

❖ **ઉપયોગીતા:**

Motivational songs વગાડવાથી શાળાના વાતાવરણમાં  નવી ઉર્જાનું સિંચન થાય છે.

❖ **નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :-**

**હાલમાં દરરોજ અવનવા  પ્રેરક ગીતો વગાડવામાં આવે છે. વિધ્યાર્થીઓ પણ પોતાની રીતે આવા ગીતો શોધીને લાવે છે.**

**ફોટોગ્રાફ કે વિડીયો લિંક માટેનો કયુઆર કોડ / નવતર પ્રયોગની પ્રક્રિયાનો વિડીયો**

# શ્રી રામબા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-પોરબંદર

## 9th એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ - 2023-24



❖ **ઈનોવેટરનું નામ :-** કલ્પેશ ડી ડાંગર **હોદ્દો:-** શિક્ષણ સહાયક

❖ **શાળા/સંસ્થાનું નામ :-** શ્રી અડવાણા માધ્યમિક અને ઉ.મા.શાળા

❖ **ક્લસ્ટર/ક્યુડીસી:-**અડવાણા કુમાર શાળા **મોબાઈલ નંબર:-**8849676799

❖ **ઈમેલ આઈડી:-**kalpeshdangar84@gmail.com

❖ વિભાગ : ઉ. માધ્યમિક

❖ **નવતર પ્રયોગની કેટેગરી: પર્યાવરણ જાગૃતિ**

❖ **નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :-** સામુહિક

❖ **નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે:-** ૨૦૨૧-૨૨

❖ **નવતર પ્રયોગની પૂર્ણ થવાનો સમયગાળો:** વર્ષ: ૪

❖ **નવતર પ્રયોગનું શીર્ષક :- પ્રકૃતિ શિક્ષણ**

❖ **સમસ્યા ઉદ્ભવના કારણો :-**

- શહેરીકરણ તરફ આંધળી દોટ
- **આપણી આસપાસના ગૌચર અને જંગલોનો નાશ**
- નદી તળાવોને દુષિત કરવા
- **મનુષ્ય અને પ્રાણીઓ વચ્ચે અનૈચ્છિક અથડામણ**
- **આપણી આસપાસ જોવા મળતા પ્રાણીઓ અને પક્ષીઓ વિશે ગેરસમજ**
- **આસપાસની વનસ્પતિઓ વિશે જાણકારી ન હોવી અથવા અપૂર્તિ હોવી**

❖ **હેતુઓ :- પ્રકૃતિ શિક્ષણ દ્વારા આપણી આસપાસ જોવા મળતી વનસ્પતિઓ,પ્રાણીઓ, પક્ષીઓ વિશે યોગ્ય સમજ કેળવવી અને આસપાસ જોવા મળતી ઇકો સિસ્ટમને સમજવી અને જાળવી રાખવા પ્રયત્નો કરવા**

❖ **ઈનોવેશનનું સમગ્ર વર્ણન(નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન) :-**

❖ બાળકોને શાળામાં અલગ અલગ વનસ્પતિ વિશે માહિતિ અને ઇકોસિસ્ટમમાં તેનું મહત્વ સમજાવવું હર્બેરિયમ શિટ તૈયાર કરાવડાવવી તથા વનસ્પતિ પોતાના જીવનમાં કેટલો પ્રાણવાયુ આપે છે તેની અંદાજીત ગણતરી કરાવવી.

❖ બાળકોને શાળાની આસપાસ તળાવ પર લઇ જઇને જુદા જુદા પક્ષીઓ વિશે સમજ તથા તેઓ વિદેશથી અહીં આવવાની સમજ આપવી

❖ **નવતર પ્રયોગની મૂલ્યાંકન પ્રકિયાનું વર્ણન:-**

❖ બાળકો જીવન ઉપયોગી વનસ્પતીને ઘર આંગણે જ વાવેતર કરી ઉછેર કરે

❖ નદી તળાવોના કિનારાની સફાઇ કરી પ્રદૂષણ મુક્ત રાખવા પ્રયત્ન કરે છે.

❖ વધુ માત્રામાં પક્ષીઓ આવે તેવા પ્રયત્નો કરે છે.

❖ આજુ બાજુ સાપ દેખાય તો ગામ લોકોએ મારવાનું બંધ કર્યું છે

❖ **નવતર પ્રયોગનું પરિણામ:-**

- **બાળકો દ્વારા ગામના તળાવની આસપાસના કચરાની સફાઇ કરી**
- **તળાવની આસપાસ વધુ પક્ષીઓ આવે તેવા પ્રયત્નો**
- **સર્પદંશ થાય તો ગામ લોકો ભૂવા કે માતાજી પાસે જવાને બદલે સિધા દવાખાને જાય છે**
- **આજુ બાજુમાં સાપ દેખાય તો ગ્રામજનો માર્યા વગર સાપ પકડવાનું કામ કરતા લોકોનો ફોન કરી બોલાવે છે.**


❖ ઉપયોગીતાઃ

❖ આ પ્રયોગ શાળા કક્ષાથી લઈને સમગ્ર રાજ્ય સુધી લાગુ પાડી શકાય

❖ **ફોટોગ્રાફ કે વિડીયો લિંક માટેનો કયુઆર કોડ / નવતર પ્રયોગની પ્રક્રિયાનો વિડીયો**







# શ્રી રામબા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-પોરબંદર

## 9th એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ - 2023-24



- ઈનોવેટરનું નામ :- વિસાણી ચેતન કાંતિભાઈ ...હોદ્દો:-મ.શિ.
- શાળા/સંસ્થાનું નામ :-સરકારી માધ્યમિક શાળા કોલીખડા
- ક્લસ્ટર/ક્યુડીસી:-દે.રા. મોઢા. નવયુગ વિધ્યાલય
- ઈમેલ આઈડી:- chetanvisani85@gmail.com
- **વિભાગ :** માધ્યમિક મોબાઈલ નંબર:-૭૦૧૬૨૨૮૧૮૨
- **નવતર પ્રયોગની કેટેગરી:** પર્યાવરણ જાગૃતિ
- **લાગુ પડતી સંસ્થા સામે ટીકમાર્ક (V) કરો**
- **નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત** :- સામૂહિક
- **નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે**:- જુલાઇ-2023
- **નવતર પ્રયોગની પૂર્ણ થવાનો સમયગાળો:** વર્ષ: ............માસ: ................
- **નવતર પ્રયોગનું શીર્ષક** :-" પાટી પેન દ્વારા પુનરાવર્તન"
- **સમસ્યા ઉદ્દ્ભવના કારણો:-**

અમારી શાળા માં દરરોજ ગણિત અને વિજ્ઞાન વિષય નું પુનરાવર્તન કરવા માટે દરરોજ પ્રશ્નોતરીના જવાબો વિધ્યાર્થીઓ મૌખિક રીતે પોતાના ચોપડાના પિન પેજ માં લખતા અને દરરોજ પિન પેજ નો બગાડ પણ થતો અને પૈસા અને પેજ બંનેનો બગાડ થતો અને આર્થિક રીતે પણ વિધ્યાર્થીઓ ને પરવડે તેમ ના હતું.

- **હેતુઓ :-**

1) વિધ્યાર્થીઓ ને ગણિત અને વિજ્ઞાન વિષયનું પુનરાવર્તન થાય
2) આર્થિક રીતે પોસાય તે રીતે ઉપયોગ થાય
3) શાળામાં બોર્ડ ના પરિણામ માં પણ સુધારો આવે

- **ઈનોવેશનનું સમગ્ર વર્ણન(નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન)** :-ગયા વર્ષે અને એના આગલા વર્ષે અમારી શાળા માં ધોરણ 10 માં ગણિત અને વિજ્ઞાન વિષય માં ઘણું ઓછું પરિણામ જોવા મળેલ.

આથી કરીને અમે શાળામાં દરરોજ જે ભણાવેલું હોય તેનું રોજે રોજ સવારે આવીને વિધ્યાર્થીઓએ પુનરાવર્તન કરવા માટે પ્રશ્નોતરી આપવામાં આવતી અને વિધ્યાર્થીઓ તેનો જવાબ પોતાની બૂક માથી પિન પેજ કાઢીને તેમાં લખતા. આવું દરરોજ કરવામાં આવતું પરંતુ થોડા સમય પછી ધ્યાન માં આવ્યું કે આ પુનરાવર્તન દરમિયાન બાળકોને આર્થિક રીતે પરવડે તેમ ના હતું તેમજ પિન પેજ પણ સાચવવા પડતાં તેમજ પર્યાવરન નું પણ નુકસાન થતું.

❖ **નવતર પ્રયોગની મૂલ્યાંકન પ્રક્રિયાનું વર્ણન**:-

1) વિધ્યાર્થીઓ જે આર્થિક રિતે મુંજવણ અનુભવતા તે બંધ થયું

2) પુનરાવર્તન થી એકમ કસોટીમાં પણ વિધ્યાર્થીઓ ના ગુણ માં ફેરફાર આવ્યો

3) વિજ્ઞાન વિષય માં આકૃતિની પ્રેક્ટિસ પણ સારી રિતે કરવા લાગ્યા ,ગણિત વિષય માં પ્રેક્ટિસ વધી

❖ **નવતર પ્રયોગનું પરિણામ:-**

1) આ પ્રયોગ કર્યા પેહલા વિધ્યાર્થીઓ ને મહિને રફબૂક માટે 100 રૂપિયા આસપાસ ખર્ચ આવતો અને હાલમાં 25 રૂપિયા આસપાસ થય ગ્યો છે

2) વિધ્યાર્થીઓ ના એકમ કસોટી ના ગુણ માં ઘણો સુધારો આવ્યો જે એકમ કસોટી ફાઇલ માં રજૂ કરવામાં આવશે

❖ **ઉપયોગીતાઃ**

નોંધ : નવતર પ્રયોગ કોને લાગુ પાડી શકાશે ? તે અંગેની વિગત પૂરી પાડવી.( કોઈ ચોક્કસ ધોરણના વિદ્યાર્થી, શાળા, ક્લસ્ટર, તાલુકો, જિલ્લો, રાજ્ય.આ નવતર પ્રયોગ ધોરણ 6 થી 10 માં ગણિત તેમજ વિજ્ઞાન વિષયના પુનરાવર્તન માટે લાગુ પાડી સકાય છે

❖ **નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :-** આ નવતર પ્રયોગ હાલ માં શાળા માં દરરોજ કરવામાં આવે છે

**ફોટોગ્રાફ કે વિડીયો લિંક માટેનો કયુઆર કોડ / નવતર પ્રયોગની પ્રક્રિયાનો વિડીયો**

# શ્રી રામબા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-પોરબંદર

## 9th એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ - 2023-24



- ઈનોવેટરનું નામ -:ચૌહાણ હિરલ પ્ ભાતભાઇ હોદ્દો: આ.શિ.
- શાળાસંસ્થા/નું નામ -:શ્રી મોતીબાઇ દેવરાજ અડવાણા કન્યા શાળા
- ક્લસ્ટર: અડવાણા કુ માર શાળા મોબાઈલ નંબર: 9173563754
- ઈમેલ આઈડી-: hiral.hardhol@gmail.com
- **વિભાગ** : પ્રાથમિક
- **નવતર પ્રયોગની કેટેગરી** : શૈક્ષણિક પ્રકિયામાં ટેકનોલોજીનો ઉપયોગ
- નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત -: વ્યકિતગત
- નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે-: જૂન 2023
- નવતર પ્રયોગની પૂર્ણ થવાનો સમયગાળોઃ વર્ષઃ ... માસઃ.2024.એપ્રિલ..
- નવતર પ્રયોગનું શીર્ષક -: મોડેલ થી સમજ
- સમસ્યા ઉદ્દભવના કારણો -:

સામાજિક વિજ્ઞાન વિષય માં મુદાની સમજ માટે મૂશકેલી અનૂભવાતી હતીનબળા . ફોટા દ્વારા અસર .બાળકો ને સમજાવવા તેને યાદ રાખવામાં મૂશકેલી હતીકારક પરિણામ ના દેખાયુંતેથી . મુદાની સમજ માટે તે મુદાની શકય હોય તેવી તેની નાની પ્રતિકૃતિ બનાવી તેના દ્વારા સમજાવાથી તરત .પરિણામ જોવા મળયું

- હેતુઓ -:

નબળા બાળકો ને અઘરા મુદા ની સમજ આપવા

વધૂ ગેરહાજરી નું પ્રમાણ ઘટાડવા

લાંબો સમય યાદ રાખવા માટે

- ઈનોવેશનનું સમગ્ર વર્ણન-: (નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન)

સામાજિક વિજ્ઞાન વિષય ખાસ કરીને નબળા બાળકો ને અઘરો અને નીરસ લાગેતે નીરસતા દૂર કરવા . ના બાળકો ના સામાજિક વિજ્ઞાન ના મુદાઓ જેવાકે 7 માટે તેની રસ રુચી જળવાઇ રહે તે માટે ધોરણ જવાળામુખીનું મોડલ, પૃથ્વી ના આંતરિક પરિબળોના ભાગો ની પ્રતિકૃતિ વગેરેજેવા મુદા ના મોડલ .....

તેમજ બાળકો ની શાળામાં .બનાવી શિક્ષણકાર્યે કરાવામાં આવતાં અસરકારકતા વધુ જોવા મળી ફોટો .સામાજિક વિજ્ઞાન ભણવામાં રસ પણ વધુ લેવા લાગયા . નિયમિતતા માં પણ વધારો જણાયો બતાવીને કે વાંચી સમજાવીને શિક્ ષણકાર્યે કરાવવામાં આવતું તો તે સમજી શકતા પણ લાંબો સમય યાદ રાખી શકતા ન હતાતેમજ જે મુદા નું શિક્ષણકાર્યે તેના મોડલ દ્રારા થયું તે મુદા ને લાંબો સમય યાદ . .રાખી શકે છે

- નવતર પ્રયોગની મૂલ્યાંકન પ્રકિયાનું વર્ણન-:

પ્રશનોતરી દ્રારા મૂલ્યાંકન કરવામાં આવયું (2 જવાળામુખી ના પ્રકાર જણાવો (1.જવાળામુખી કેવી રીતે વિસફોટ થાય છે (3પૃથ્વી ના કેટલા સ્તર હોય છે વગેરે જેવા પ્રશનો પૂછી મુલ્યાંકન કરવામાં આવયું.

નવતર પ્રયોગનું પરિણામ-:આ નવતર પ્રયોગ થી સામજિક વિજ્ઞાન વિષયના અઘરા લાગતા મુદાને સરળતાથી શીખવી શકાયું જે બાળકોને લાંબો સમય યાદ રહી શકતુંજે પ્રત્યક્ષ જોઇને શીખેલ હોય . .તેવો યાદગાર અનુભવ રહે છે

- ઉપયોગીતા -:

ધોરણ ના બાળકો ના સામાજિક વિજ્ઞાન વિ 7ષય ના બની શકે તેટલા મોડેલ શકય હોય તેમા બનાવી બાળકોને શીખવાથી તેમાં અસરકારક પરિણામ મેળવી શકાય છે.

- નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ -:

હાલ પણ શકય બને તે મુદા નું મોડેલ કે નાની પ્રતિકૃતિ બનાવામાં બાળકો રસ પૂવૅક ભાગ લે છે.

- ફોટોગ્રાફ કે વિડીયો લિંક માટેનો કયુઆર કોડ નવતર પ્રયોગની પ્રક્રિયાનો વિડીયો /



# શ્રી રામબા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-પોરબંદર

## 9th એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ - 2023-24

- ઈનોવેટરનું નામ :-શૈલેષ વલ્લભભાઈ પરમાર
- શાળા/સંસ્થાનું નામ :- સરકારી ભાવસિંહજી હાઇસ્કુલ પોરબંદર
- ક્લસ્ટર/ક્યુડીસી:- પોરબંદર ... મોબાઈલ નંબર:- 9904715174
- ઈમેલ આઈડી:- svparmar69@gmail.com
- **વિભાગ** : ઉ. માધ્યમિક

○ **નવતર પ્રયોગની કેટેગરી**: વિશેષ કાર્યક્રમો:- અક્ષર સુધારણા અને એકાગ્રતા

○ **નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત** :- સામૂહિક પ્રયોગ

- **નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે**:- 2023
- **નવતર પ્રયોગની પૂર્ણ થવાનો સમયગાળોઃ** વર્ષઃ 2023 ......માસઃ સપ્ટેમ્બર
- **નવતર પ્રયોગનું શીર્ષક** :- વિવિધ સંજ્ઞાઓના સમૂહનું સર્જન
- **સમસ્યા ઉદ્‌ભવના કારણો:-**

**એકાગ્રતાનો અભાવ, અસ્પષ્ટ વિઝન, અગ્રેસરતા નો અભાવ, અભ્યાસ પ્રત્યે શ્રેષ્ઠતા પ્રાપ્તનીઅરુચી, લેખિત રજૂઆત અત્યંત નબળી અને નબળું પરિણામ**

- **હેતુઓ** :-

**અક્ષર સુધારણા, વિષય વસ્તુનું સર્જન કરવું, ભાષા શુદ્ધિકરણ, વ્યક્તિત્વ વિકાસ અને આદર્શ રજૂઆત કરી શકે.**

- **ઈનોવેશનનું સમગ્ર વર્ણન(નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન)** :વિદ્યાર્થીઓની રફ બુકમાં નિશ્ચિત સંઘના જેવી કે // --- Δ Δ | | ~~~~ ( ( ) ) × × \ \ U U O O C C - _ _ - વગેરે વિવિધ સંજ્ઞાના વારંવાર પુનરાવર્તન કરવાથી હાથના વાળવાની ક્ષમતા વધે છે જેથી આપોઆપ

અક્ષર સ્વચ્છ અને સુંદર કલાત્મક રીતે સર્જન પામતા જાય છે તેથી વ્યક્તિની એક વિશેષ ઓળખ અને ઉતરોતર પ્રગતિ તરફ આગળ વધે છે.

- ❖ **નવતર પ્રયોગની મૂલ્યાંકન પ્રકિયાનું વર્ણન**:-

વિવિધ સંજ્ઞાઓનું પુનરાવર્તન વારંવાર કરવાથી વિદ્યાર્થીઓના અક્ષર ની અંદર જે સુંદરતા મળતી રહી તેથી વિદ્યાર્થીઓ વારંવાર આ સંજ્ઞાઓનો ઉપયોગ કરી અને અક્ષરને શ્રેષ્ઠતા તરફ લઈ ગયેલા જે સફળ પ્રયોગ છે,

**સુલેખનમાં પણ વિદ્યાર્થીઓનું પરિણામ સુધર્યું છે એકમ કસોટી ના પરિણામોમાં પણ આ પ્રયોગની અસર વર્તાય છે**

- ❖ **નવતર પ્રયોગનું પરિણામ**:-પોતાના અક્ષર ને ઓળખતા થયા,વિદ્યાર્થીને અભ્યાસની રુચિ માં વધારો થયો,માનસિક થાક માં ઘટાડો થયો, સ્વચ્છતા અને સુંદરતાની ઓળખ થઈ.પ્રયોગમાં જોડાય 260 વિદ્યાર્થી,સક્રિયતાથી જોડાયેલ વિદ્યાર્થીઓની સંખ્યા 210,ત્રણ મહિનાના સતત પ્રયત્નોથી 173 વિદ્યાર્થીઓના અક્ષર સુંદર થયા,એકમ કસોટીમાં વિદ્યાર્થીઓનું સારું પરિણામ જોવા મળ્યું.
- ❖ **ઉપયોગીતાઃ**

નોંધ : નવતર પ્રયોગ કોને લાગુ પાડી શકાશે ? તે અંગેની વિગત પૂરી પાડવી.( કોઈ ચોક્કસ ધોરણના વિદ્યાર્થી, શાળા, ક્લસ્ટર, તાલુકો, જિલ્લો, રાજ્ય.

- ❖ સમગ્ર રાષ્ટ્રના બાળકોને અને નાગરિકોને
- ❖ **નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ** :-

શાળામાં સહ અભ્યાસિક પ્રવૃત્તિ સાથે નવતર પ્રયોગથી વિદ્યાર્થીઓનો વ્યક્તિ વિકાસ, ફ્રી તાસની અંદર આ પ્રયોગ કરવાથી વિદ્યાર્થીઓના અક્ષરમાં અલંકૃતતા જોવા મળે છે

# શ્રી રામબા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-પોરબંદર

## 9th એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ - 2023-24



- ઇનોવેટેર નું પૂરું નામ :- મોઢા હિરેન કૃષ્ણકાંત
- શાળા નું નામ :- શ્રી ભોરાસર સીમ શાળા-રાણાવાવ
- મોબાઈલ નં :- ૯૫૮૬૦૫૭૧૧૩
- ઈ મેઈલ એડ્રેસ :- hiren.cpl@gmail.com
- વિભાગ : પ્રાથમિક
- નવતર પ્રયોગની કેટેગરી : અન્ય - **NMMS, PSE, DRAWING** ની પરીક્ષામા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવુ.
- ઇનોવેશોન / નવતર પ્રયોગ ની માહિતી
- નવતર પ્રયોગ નું શીર્ષક :-**NMMS,PSE,DRAWING** ની પરીક્ષા મા વિધ્યાર્થીઓ ને પ્રોત્સાહન આપવુ.
- નવતર પ્રવૃત્તિ માટે પ્રેરિત કર્યા હોઈ તેવી સમસ્યા નું વર્ણન :-

હુ જ્યારે ભોરાસર સીમ શાળા મા હાજર થયો ત્યાર બાદ થોડા સમય સુધી અવલોકન કર્યા બાદ જાણવા મળ્યુ શાળા ના વિધ્યાર્થીઓ સ્પર્ધાત્મક પરીક્ષા આપવામા ભય અનુભવતા હતા. વધુ બાળકો પરીક્ષા આપતા ન હતા.

- નવતર પ્રયોગ શરૂ કર્યા તારીખ  મહિનો વર્ષ :-૦૧/૦૬/૨૦૧૯

  સહકાર આપનાર નું નામ :- ચુંડાવદરા લાખાભાઇ એલ.
- નવતર પ્રયોગ ની સંપૂર્ણ વિગત : -

અમારી શાળાના મોટા ભાગના બાળકો સ્પર્ધાત્મક પરીક્ષા થી અજાણ હતા.આવી પરીક્ષા મા ભાગ લેવા માટે ઉત્સાહી ન હતા.કોઇ પણ પરીક્ષા થી દુર જતા. કેટલાક બાળકો ફી ને કારણે પરીક્ષા આપતા નહી.ત્યાર બાદ મે પ્રાર્થના કાર્યક્રમ થી શરુઆત કરી.વર્ગ મા પણ બાળકો ને આવી પરીક્ષા થી વધુ માહીતગાર કર્યા.તે માટે ની બૂક પણ શાળા મા વસાવી આપી.ધીમે ધીમે તૈયારી કરાવી અને બાળકો ને પ્રેરીત કર્યા.શરુઆત મા થોડા બાળકો એ ભાગ લીધો.બધા બાળકો એ પરીક્ષા પાસ કરી.આ તૈયારી શાળા ની પરીક્ષા મા

પણ કામ આવી.હવે પછી થી બાળકો વધુ જાગ્રુત થયા અને સ્પર્ધાત્મક પરીક્ષા આપવામા સક્ષમ પણ થયા.બાળકો ને જોઇતુ માર્ગદર્શન શાળા માથી પુરુ પાડવામા આવ્યુ.જે બાળકો ફી ના ભરી શકે એની ફી ની પણ વ્યવસ્થા કરી આપી.તેથી બાળકો આવી પરીક્ષા આપવા માટે જાગ્રુત થયા.

❖ પહેલા અને પછી ની પરિસ્થિતિ નું આકડાકીય અને વિસ્તૃત વર્ણન :-

➢ પહેલાની પરિસ્થિતિ :-પહેલા માત્ર ૨ કે ૩ બાળકો સ્પર્ધાત્મક પરીક્ષામા ભાગ લેતા. એ પણ માત્ર **NMMS** ની પરીક્ષામા ભાગ લેતા.

➢પછીની સ્થિતિ :- અત્યારે ધોરણ 6 થી 8 ના બાળકો **NMMS, PSE, DRAWING** બધી પરીક્ષા મા વધુ સંખ્યા મા ભાગ લે છે.છેલ્લા 3 વર્ષ થી આવી કોઇ પણ પરીક્ષા ની ફી બાળકો પાસે થી લેવામા આવતી નથી.ઉપરાંત સાહિત્ય પણ શાળા માથી ઉપલબ્ધા કરાવવામા આવે છે. આજે આ બધી પરીક્ષા મોટા ભાગ ના બધા બાળકો પાસ પણ કરી લે છે.

❖ વિદ્યાર્થીઓના પ્રતિભાવો :-

➢ શાળા ના બાળકો વધુ સંખ્યા મા સ્પર્ધાત્મક પરીક્ષા મા ભાગ લે છે. બીજા બાળકો ને પણ પ્રેરીત કરે છે.

➢ હુ તો આવી સ્પર્ધાત્મક પરીક્ષા આપીશ અને પાસ પણ થાઇશ.

➢ હું ભવિશ્ય મા હુ **GPSC** અને અન્ય પરીક્ષા પણ આપીશ.





# શ્રી રામબા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-પોરબંદર

## 9th એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ - 2023-24



- **ઈનોવેટરનું નામ :** કાંબરીયા ઘેલુ રામભાઇ **હોદો :** મ.શિક્ષક
- **શાળાનું નામ :** શ્રી પૂંજાપરા પ્રાથમિક શાળા.
- **ક્લસ્ટર :** કુમાર પે સે શાળા રાણા કંડોરાણા
- **ઈમેલઆઈડી :** ghelukambaliya111@gmail.com **મો. નંબર :** 8200282887
- **વિભાગ :** પ્રાથમિક
- **નવતર પ્રયોગની કેટેગરી :** સહ અભ્યાસિક પ્રવૃતિઓ દ્વારા સર્વાંગી વિકાસ
- **નવતર પ્રયોગનું શીર્ષક :** શિક્ષણ સાથે રમતગમતનો સમન્વય અને સર્વાંગી વિકાસ
- **નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત :-** વ્યક્તિગત અને સામૂહિક બન્ને
- **નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે:-** વર્ષ -2014
- **નવતર પ્રયોગની પૂર્ણ થવાનો સમયગાળોઃ** સતત
- **સમસ્યા ઉદ્ભવના કારણો:-મોબાઈલ, ટીવી, તેમજ અન્ય ઉપકરણોનો બહોળો ઉપયોગ.**

**શારીરિક ક્ષમતામાં ઘટાડો.**

- **હેતુઓ :-**

**બાળકોને મેદાની રમતો રમાડી સહેલાઈથી શાળામાં હાજરીમાં વધારો કરવો.**

ભાઈચારા, મિત્રતા , નીડરતા, બૌદ્ધિક ક્ષમતામાં વધારો

શારીરિક,માનસિક અને સર્વાંગી વિકાસ થાય.

આર્મી,પોલીસ, ફોરેસ્ટ વિભાગની તૈયારી કરતા યુવાનોને યોગ્ય માર્ગદર્શન આપી તૈયારી કરાવવી.

- **ઈનોવેશનનું સમગ્ર વર્ણન (નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન) :-**વર્ષ 2014 દરમિયાન બદલીથી રાણા કંડોરાણા માં આવતા મોટું ગામ ઘણી બધી શાળાઓ અને ગામમાં જ વિશાળ મેદાન જોઈને શાળાના અને અન્ય ગામનાં યુવાન યુવક યુવતીઓ માટે કઈક કરવાની અંતર હૃદય માંથી

પ્રેરણા જાગીજેના ફળ સ્વરૂપે પ્રથમ વર્ષે જ ધોરણ 5 ની 1 વિદ્યાર્થિની DLSS જિલ્લા કક્ષા રમત સ્કૂલ માં પસંદ થઈ અને 14 જેટલાં ખેલાડીઓ જિલ્લાકક્ષાએ વિજેતા બની રાજ્ય કક્ષાએ ભાગ લીધો. તેમજ 2 યુવક ફોરેસ્ટ વિભાગમાં પાસ થયા.

2014 થી લઈ આજ દિન સુધી માં રાણા કંડોરાણા અને આજુબાજુના ગામ માંથી 78 જેટલાં બાળકોએ DLSS સ્કૂલો માં પ્રવેશ મેળવ્યો..અને 10 જેટલાં યુવાન યુવક યુવતીઓ ઓ એ આર્મી, પોલીસ અને ફોરેસ્ટ વિભાગમાં નોકરી મેળવી. વર્ષ 2022 માં સમગ્ર પોરબંદર જિલ્લામાં રાણા કંડોરાણાની પ્રાથમિક શાળાઓ એ DLSS પ્રવેશ માં પ્રથમ સ્થાન મેળવ્યું.

વર્ષ 2022 માં પણ 26બાળકોએ પરીક્ષા આપી તેમાંથી 22બાળકો ઉત્તીર્ણ થયા અને તમામ બાળકોએ રાજ્યમાં વિવિધ જિલ્લામાં ચાલતી DLSS શાળાઓમાં પોતાના મેરીટ પ્રમાણે પ્રવેશ મેળવ્યો. કોરોના સમયમાં પણ બાળકને ધ્યાનમાં રાખી Whatsapp, Google meet દ્વારા પણ આ પ્રવૃતિ જીવંત રાખવામાં આવી હતી. હાલ પણ આ પ્રવૃતિ શાળા સમય પહેલા વિના મુલ્યે બાળકોના સર્વાંગી વિકાસ માટે સવારે 6:30 થી 9 વાગ્યા સુધી ચલાવવામાં આવે છે.

❖ **નવતર પ્રયોગની મૂલ્યાંકન પ્રકિયાનું વર્ણન**:-

દર રવિવારે સ્પર્ધાના આયોજન દ્વારા મુલ્યાંકન કરવામાં આવે છે.

❖ **નવતર પ્રયોગનું પરિણામ:-**

| વર્ષ | પરીક્ષા આપેલ વિદ્યાર્થી | ઉતીર્ણ | પોલીસ આર્મી ફોરેસ્ટ પરીક્ષા આપેલ વિદ્યાર્થી | ઉતીર્ણ |
|---|---|---|---|---|
| 2015 | DLSS 2 | 1 ની પસંદગી | | |
| 2016 | DLSS 6 | 4 ની પસંદગી | | |
| 2017 | DLSS 22 | 13. ની પસંદગી | 3 | 2 |
| 2018 | DLSS 23 | 17. ની પસંદગી | 7 | 4 |
| 2019 | DLSS 29 | 21. ની પસંદગી | | |
| 2021 | DLSS 26 | 22. ની પસંદગી | 16 | 4 |

❖ **ઉપયોગીતાઃ**

આ નવતર પ્રયોગ ધોરણ 4 થી ઉપરના તમામ બાળકો માટે લાગુ કરી શકાય. આ ઉપરાંત સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તૈયારી કરતા કોઈપણ યુવાન યુવક યુવતીઓ માટે આ નવતર પ્રયોગ લાગુ કરી શકાય તેમ છે.

ઉચ્ચ અભ્યાસ માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપતા વિદ્યાર્થીઓ માટે ઉપયોગી છે.

❖ **નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :-**

વર્તમાન સ્થિતિમાં ધોરણ 4 થી ઉપરના 150 જેટલા બાળકો સવારે શાળા સમય પહેલાં અને આર્મી પોલીસ અને ફોરેસ્ટ પરીક્ષા ની તૈયારીઓ માટે આ પ્રક્રિયા શરૂ છે.





# શ્રી રામબા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-પોરબંદર

## 9th એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ - 2023-24



- ઈનોવેટરનું નામ : અમિત ડી. જગતિયા
- હોદ્દો : ઈન્ચાર્જ આચાર્ય
- શાળાનું નામ : શ્રી એમ.એમ.કે. હાઈસ્કુલ, રાણાકંડોરણા
- ક્લસ્ટર : રાણાવાવ
- મોબાઈલ નંબર : 9879840895
- ઈમેલ આઈડી : jagatsrushti2009@gmail.com
- વિભાગ : માધ્યમિક
- નવતર પ્રયોગ કેટેગરી : સહ અભ્યાસિક પ્રવૃતિઓ દ્વારા સર્વાંગી વિકાસ
- **નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત** :- સામુહિક વિદ્યાર્થીઓ સાથે કરેલ છે
- **નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે**:- 2004 થી
- **નવતર પ્રયોગની પૂર્ણ થવાનો સમયગાળો**: નવતર પ્રયોગ ચાલુ છે
- **નવતર પ્રયોગનું શીર્ષક** :- વિજ્ઞાનમાં રસ અને સંવર્ધન માટેની પ્રવૃતિઓ
- **સમસ્યા ઉદ્‌ભવના કારણો** :-

**ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળામાંથી આવતા બાળકો માત્ર વિજ્ઞાન ગણિત પ્રદર્શન પ્રવૃતિથી વાકેફ હતા. પરંતુ રાજ્યની અને દેશની ખ્યાતનામ ગર્વમેન્ટ સંસ્થાઓ દ્વારા ચાલતી વિવિધ નવીનતમ પ્રવૃતિઓથી ખૂબ જ ઓછા વાકેફ હતા. વિજ્ઞાન વિષય પ્રત્યે ઓછી રસરુચિ ધરાવતા હતા.**

- હેતુઓ :-

➢ **વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન વિષય પ્રત્યે રસરુચિમાં વધારો થાય.**

➢ **વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવાય.**

➢ **વિદ્યાથીઓમાં મૌલિક લેખન કૌશલ્ય વિકસે.**

➢ **વિદ્યાથીઓમાં લીડરશીપના ગુણ વિકસે.**

➢ **વિદ્યાથીઓ વૈજ્ઞાનિક સંશોધનની તકો જાણે અને સમજે.**

- **ઈનોવેશનનું સમગ્ર વર્ણન (નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન)** :-

વિદ્યાર્થીઓને વિજ્ઞાન વિષય પ્રત્યે રસરુચિ કેળવાય તેમજ તેમનું સંવર્ધન કરે તે અર્થે વિજ્ઞાનની વિવિધ સંસ્થાઓ જેવી કે, NCSC (નેશનલ ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસ), NSC (નેશનલ સાયન્સ કોંગ્રેસ), IPR (ઈન્સ્ટિટ્યુટ ઓફ પ્લાઝમા રિસર્ચ સેન્ટર, VIBHA (વિજ્ઞાન ગુર્જરી) જેવી સંસ્થાઓ દ્વારા ચાલતી વિવિધ વૈજ્ઞાનિક નવીનતમ પ્રવૃતિઓ સાયન્સ પ્રોજેકટ, સાયન્સ સેમિનાર, સાયન્સ એક્ઝિબિઝન, સાયન્સ ક્વિઝ, સાયન્સ વર્કશોપ, સાયન્સ ઇવેન્ટ, સ્ટેમ ક્વિઝ, સાયન્સ ડ્રામા જેવી વિજ્ઞાનની રસમય પ્રવૃતિઓની માહિતી આપવામાં આવી. ઉપરાંત વિજ્ઞાનને લગતી ફિલ્મો બતાવવામાં આવી અને તેને લગતા પુસ્તકો વાંચી શકે તેવું આયોજન કરવામાં આવ્યું. ઉપરોક્ત વિવિધ પ્રવૃતિઓ શાળામાં કરવામાં આવી

❖ **નવતર પ્રયોગની મૂલ્યાંકન પ્રક્રિયાનું વર્ણન:-**

➢ વિદ્યાર્થીઓ વિજ્ઞાન વિષય પ્રત્યે સભાન થયા.

➢ વિજ્ઞાનમાં નાના પાયે સંશોધન કરતાં થયા.

➢ જિલ્લા, રાજ્ય અને નેશનલ લેવલ સુધી વિવિધ સાયન્સના પ્રોજેકટ પસંદગી પામ્યા.

❖ **નવતર પ્રયોગનું પરિણામ:-**

- વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ આવ્યો.
- વિદ્યાર્થીઓ વિવિધ વૈજ્ઞાનિક બાબતોથી અવગત થયા.
- વિજ્ઞાનમાં વિવિધ લેખો કેવી રીતે લખવા તેની સમજ કેળવી શક્યા.
- મૌલિક અભિવ્યક્તિનો વિકાસ થયો.

❖ **ઉપયોગીતા:** આ નવતર પ્રયોગ શિક્ષણમાં પ્રાથમિક વિભાગથી લઈ ઉચ્ચતર માધ્યમિક સુધી કરી શકાય છે.

❖ **નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :-**

હાલમાં આ નવતર પ્રયોગ ચાલુ સ્થિતિમાં છે.

**ફોટોગ્રાફ કે વિડીયો લિંક માટેનો કયુઆર કોડ / નવતર પ્રયોગની પ્રક્રિયાનો વિડીયો**

# નવતર પ્રયોગના ફોટોગ્રાફ






ખબરજગત

રાણાકંડોરણા એમ.એમ.કે. હાઈસ્કુલમાં નેશનલ ટેલેન્ટ સર્ચ એકઝામ યોજાઈ

વિદ્યાર્થીઓ વિજ્ઞાન પ્રત્યે રૂચી કેળવે અને સંશોધન પ્રત્યે આકર્ષિત થાય તે માટે આયોજન






દિવ્ય ભાસ્કર પોરબંદર 06-09-2023

## રાણાકંડોરણા હાઈસ્કૂલની વિદ્યાર્થિની નેશનલ સાયન્સ સેમિનારમાં જિલ્લામાં પ્રથમ ક્રમાંકે

### વિજેતા વિદ્યાર્થિની રાજ્ય લેવલે અમદાવાદ સાયન્સ સિટી ખાતે ભાગ લેવા જશે

ભાસ્કર ન્યૂઝ | પોરબંદર

રાણા કંડોરણા એમ.એમ.કે હાઈસ્કૂલની વિદ્યાર્થિનીએ નેશનલ સાયન્સ સેમિનારમાં જિલ્લામાં પ્રથમ ક્રમાંક મેળવી શાળા અને જિલ્લાનું નામ રોશન કર્યું છે. આ વિદ્યાર્થિની રાજ્ય લેવલે અમદાવાદ સાયન્સ સિટી ખાતે ભાગ લેવા જશે.

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી અમદાવાદ તથા સહજાનંદ સ્વામી ડિસ્ટ્રીક્ટ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર પોરબંદર દ્વારા જિલ્લા લેવલના સાયન્સ સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં હાલ 2023ને ભારત સરકારની વિનંતીથી યુનાઈટેડ નેશને મિલેટ્સ વર્ષ તરીકે જાહેર કરવામાં આવ્યું છે. તે અંતર્ગત રાણાવાવના રાણા કંડોરણા એમ.એમ.કે હાઈસ્કૂલની વિદ્યાર્થિની અંકિતા અરવિંદભાઈ ઓડેદરાએ સમગ્ર જિલ્લામાં પ્રથમ સ્થાન મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે. આ સિદ્ધિ બદલ આ વિદ્યાર્થીનીને શિલ્ડ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવી છે. શાળાના પ્રમુખ કેશુભાઈ રાતીયા, આચાર્ય અમિતભાઈ જગતિયા, સાયન્સના કોર્ડિનેટર વિવેકભાઈ જોશી સહિતનાઓએ વિદ્યાર્થીનીને શુભકામનાઓ પાઠવી છે. આ વિદ્યાર્થિની રાજ્ય લેવલે અમદાવાદ સાયન્સ સિટી મુકામે ભાગ લેવા જશે.



## શ્રી રામબા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-પોરબંદર

## 9th એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ - 2023-24



- ઈનોવેટરનું નામ :રાવલીયા ભગવતી આર.    હોદ્દો:-શિક્ષણ સહાયક
- શાળા/સંસ્થાનું નામ :-એમ.વી.મજીઠીયા ગર્લ્સ  હાઈ સ્કુલ -રાણાવાવ
- ક્લસ્ટર/ક્યુડીસી:- રાણાવાવ         મોબાઈલ નંબર:-6355521386
- ઈમેલ આઈડી:-bhagavatiravaliya@gmail.com
- **વિભાગ** : માધ્યમિક
- **નવતર પ્રયોગની કેટેગરી:** સહ અભ્યાસિક પ્રવૃતિઓ દ્વારા સર્વાંગી વિકાસ
- **નવતર પ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત** :- વ્યક્તિગત
- **નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે**:- ઓગસ્ટ-૨૦૨૩ થી
- **નવતર પ્રયોગની પૂર્ણ થવાનો સમયગાળો**: માર્ચ- ૨૦૨૪
- **નવતર પ્રયોગનું શીર્ષક** :- બેસ્ટ ક્લાસ ઓફ ધ યર
- **સમસ્યા :-** અનિયમિતતા, ગૃહકાર્ય ન કરવું, સહ અભ્યાસિક પ્રવૃત્તિઓમાં ઓછી સામેલગીરી, પૌષ્ટિક નાસ્તો ન લઈ આવ વો
- **હેતુઓ :-** વિદ્યાર્થીઓમાં નિયમિતતા આવે ,શિસ્ત જાળવે,નિયમિત ગૃહકાર્ય કરે, શાળાને સ્વચ્છ રાખે, પૌષ્ટિક નાસ્તો લઈ આવે, સહ અભ્યાસિક પ્રવૃત્તિઓમાં સામેલગીરી વધે
- **ઈનોવેશનનું સમગ્ર વર્ણન(નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન)** :-

અમારી શાળાના બાળકો માં અનિયમિતતા , બહાર નો નાસ્તો લઈ આવવો, સહ અભ્યાસિક પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માટે ઉદાસીનતા, ગૃહકાર્ય ન કરી આવવું, શિસ્ત ના જાળવવી જેવી સમસ્યાઓ જોવા મળી જેના નિવારણ માટે મેં મારી શાળામાં બેસ્ટ ક્લાસ ઓફ ધ યર પ્રયોગ હાથ ધર્યો . જેમાં શાળાના સમગ્ર વર્ગનું પૌષ્ટિક આહાર, નિયમિતતા અને શિસ્ત ,સ્વચ્છતા ,ગૃહકાર્ય, પરિણામ અને સહ અભ્યાસિકપ્રવૃત્તિઓમાં સામેલગીરી જેવા વિષયો પર પખવાડીક(૧૫-૧૫ દિવસનું)ગુણાંકન કરવું . ગુણાંકનમાં સમગ્ર પખવાડિયા દરમિયાન શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વર્ગને +1 ગુણ આપવો અને ન કરનાર વર્ગને-1 ગુણ આપવો.જેવું કે સમગ્ર

પખવાડિયા દરમિયાન પૌષ્ટિક નાસ્તો લઈ આવનાર વર્ગ +1ગુણમેળવે જ્યારે પખવાડિયા દરમિયાન એક દિવસ પણ એક પણ વિદ્યાર્થી બહારનો નાસ્તો લઈ આવે તો તે વર્ગને -1 ગુણ આપવો આવી જ રીતે નિયમિતતા અને શિસ્ત, સ્વચ્છતા, ગૃહકાર્ય, પરિણામ અને ઈતર પ્રવૃત્તિઓમાં સામેલગીરી વિષયો પર પણ ગુણ આપવા.

❖ **નવતર પ્રયોગની મૂલ્યાંકન પ્રકિયાનું વર્ણન**:

- વિદ્યાર્થીઓ શાળાએ નિયમિત આવતા થયા વિદ્યાર્થીઓ પૌષ્ટિક નાસ્તો લઈ આવવા માંડ્યાસ્વચ્છતા જાળવવા લાગ્યા,સહ અભ્યાસિક પ્રવૃત્તિઓમાં સામેલગીરી વધી,પરિણામમાં સુધારો

❖ **નવતર પ્રયોગનું પરિણામ:-**

- માત્ર પોતાનો જ નહીં પરંતુ પોતાના વર્ગનું પણ પર્ફોર્મન્સ સારું રહે તે માટે એકબીજાની મદદ કરતા પણ થયા. સામૂહિક ભાવના કેળવાયબાળકોના દરેકવિષયના પરિણામ પર ખુબ સારી અસર જોવા મળી.

❖ **ઉપયોગીતા**:

- ધોરણ -૯ અને ૧૨ ના વિદ્યાર્થીમાં નિયમિતતા આવે ,સ્વયં શિસ્ત જાળવે, નિયમિત ગૃહકાર્ય કરે, પૌષ્ટિક નાસ્તો લઈ આવે, સ્વસ્થતા જાળવે, સહ અભ્યાસિક પ્રવૃત્તિઓમાં સામેલગીરી વધે, ઉચ્ચ પરિણામ લાવે

❖ **નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :-**હાલ વિદ્યાર્થીઓ પોતાની સાથે સાથેવર્ગના દરેક વિદ્યાર્થીઓ શિસ્ત જાળવે ,ગ્રુહ કાર્ય કરે, પૌષ્ટિક નાસ્તો લઈ આવે, સ્વચ્છતા જાળવે, સહ અભ્યાસિક પ્રવૃત્તિઓમાં ઉત્સાહથી ભાગ લે તેની તકેદારી રાખે છે

❖ **ફોટોગ્રાફ કે વિડીયો લિંક માટેનો કયુઆર કોડ / નવતર પ્રયોગની પ્રક્રિયાનો વિડીયો**




Shri Ramba DIET - Porbandar